




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૧૪ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૨-૫-૨૦૨૪ – બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT










### કાળઝાળ મોંઘવારીના સમયમાં ફસાયેલા વધુ એક પરિવારનો માળો વીંખાયો

# આર્થિક ભીંસથી કંટાળી ભગવતીપરાના પરિવારનો સામુહિક આપઘાત

**પડધરી નજીક આવેલ મોટા રામપરના જંગલના ખરાબામાં પોતાની રીક્ષામાં જ વૃધ્ધ દંપતિ અને ૩૫ વર્ષીય પુત્રએ અંતિમ પગલું ભરી લીધું: સ્થાનિકે પડધરી પોલીસને જાણ કરતાં પીએસઆઇ ગજેન્દ્રસિંહ ઝાલા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો**





**મૃતક ૬૨ વર્ષીય કાદરભાઈ મુકાસમ તેના પત્ની ૫૮ વર્ષીય ફરિદાબેન અને પુત્ર ૩૫ વર્ષીય આશિફનું ઘટના સ્થળે મોતઃ પોલીસે તપાસનો ધમધમાટ આદર્યો**

રાજકોટ, તા.૨૨

હાલના મોંઘવારીના સમયમાં નાના-નાના પરિવારો પીસાઇ રહ્યા છે અને જીવન-મરણ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવવા જજુમી રહ્યા છે ત્યારે ઘણા પરિવારો આર્થિક ભીંસથી કંટાળી મોતની સોડ તાણી લેતા હોય છે. ત્યારે રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલક વૃધ્ધ કાદરભાઇ મુકાસમ તેના પત્ની ફરિદાબેન મુકાસમ અને પુત્ર આશિફ મુકાસમે આર્થિક ભીંસથી કંટાળી પડધરીના મોટા રામપરના જંગલ વિસ્તારમાં જઇ પોતાની રીક્ષામાં ઝેરી દવા પી આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવ અંગે જાણ થતાં પડધરી પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ભગવતીપરા વિસ્તારમાં રહેતા કાદરભાઇ અલ્લીભાઇ મુકાસમ (ઉ.વ. ૬૨) પોતે રીક્ષા ચાલક છે. તેઓ આજે સવારે તેમના પત્ની ફરીદાબેન મુકાસમ અને પુત્ર આશિફ (ઉ.વ. ૩૫) સાથે રીક્ષામાં સવાર થઇ પડધરીના મોટા રામપર ગામના જંગલના ખરાબામાં પહોંચ્યા હતા. જ્યાં પોતાની રીક્ષામાં જ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. ત્યાંથી પસાર થતાં સ્થાનિક વ્યકિતને જાણ થતાં તેમને તાત્કાલીક પડધરી પોલીસને જાણ કરતાં પીએસઆઇ ગજેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ. આર.એન. ડૈરૈયા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહોને પીએમ અર્થે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યું હતુ કે મૃતક કાદરભાઇ બીમાર હોય અને હાલ ધંધામાં મંદી હોય જેથી પરિવાર પર આર્થિક સંકટ આવી પડતા તેઓએ તેમના પત્ની અને પુત્ર સાથે અંતિમ પગલું ભરી લીધાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું. બનાવ અંગે મૃતક પરિવારના સંબંધીઓને જાણ કરતાં મૃતક કાદરભાઇના ભાઇ મહમ્મદભાઇ સહિતના સંબંધીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને બનાવથી સ્તબ્ધ થઇ આક્રંદ મચાવ્યો હતો.

# મસાલાને કલીનચિટઃ કોઈ નુકસાનકારક કેમિકલ નહીં

### ફુડ વિભાગનો રીપોર્ટઃ દેશભરમાંથી નમુના એકત્રિત કરાયા હતા

નવી દિલ્હી તા.૨૨

ભારતની કંપનીઓ એમડીએચ અને એવરેસ્ટના મસાલાઓમાં નુકસાન પહોંચાડનાર કેમીકલ તત્વો એથિલીન ઓકસાઈડની માત્રા વધુ હોવાને લઈને સિંગાપોર અને હોંગકોંગે રિજેકટ કર્યાના સમાચારોથી દેશમાં ખળભળાટ મચી ગયો હતો. હવે આ મામલે એફએસએસએઆઈએ આ મસાલાને કલીનચીટ આપી દીધી છે.

એફએસએસએઆઈએ ભારતના બજારોમાંથી મસાલાના સેમ્પલ લઈને કરવામાં આવેલી તપાસ બાદ દાવો કર્યો છે કે તેમાં એથિલીન ઓકસાઈડની માત્રા નથી મળી આવી.

આ મસાલામાં એવરેસ્ટ અને એમડીએચના મસાલા સામેલ છે. આ મસાલા પર હોંગકોંગે એમ કહીને બાન લગાડયો હતો કે તેમાં એથિલીન ઓકસાઈડ છે, જે કેન્સરનું કારણ બની શકે છે.



એફએસએસએઆઈએ ૨૨ એપ્રિલે દેશભરમાંથી આ મસાલાના નમુના એકત્ર કરવા શરૂ કર્યા હતા. જે અંતર્ગત એવરેસ્ટ અને એમડીએચ મસાલાના ૩૪ નમુના એકઠા કરાયા હતા. ખાસ કરીને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં એવરેસ્ટના ૯ નમુના અને દિલ્હી, હરિયાણા અને રાજસ્થાનમાંથી એમડીએચના ૨૫ નમુનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

ફુડ રેગ્યુલેટરે જણાવ્યું હતું કે આ મસાલાના નમુનાઓમાં ભેજની માત્રા, કીટ, એફલાટોકિસન, કીટનાશક અને અન્ય વસ્તુઓની તપાસ કરવામાં આવી

(અનુસંધાન ૧૨ મા પાને)


### કેપી.૧ના દેશમાં નવા ૩૪ અને કેપી.૨ના ૨૯૦ કેસો નોંધાયા

# ભારત સહિત ગુજરાતમાં કોરોનાના નવા વેરિયેન્ટ કેપી.૧ અને કેપી.૨ની એન્ટ્રી

નવી દિલ્હી તા.૨૨

તાજેતરમાં સિંગાપોરમાં તબાહી મચાવનારા કોરોનાના કેપી.૧ અને કેપી.૨ વેરિએન્ટે ભારતમાં ગુજરાત સહિત વિવિધ રાજયોમાં પગપેસારો કરતા દેશમાં કોરોનાના નવા વેરિએન્ટ કુલ ૩૨૪ જેટલા કેસ નોંધાયા છે. જેમાં કેપી.૨ના ૨૯૦ અને કેપી.૧ ના ૩૪ કેસોનો સમાવેશ થાય છે. ગુજરાતના ૨૩ કેસોની સાથે સાથે દેશના વિવિધ રાજયોમાં કોરોનાના નવા વેરિએન્ટના કેસ નોંધાયા છે.

આ રાજયોમાંથી મળી આવ્યા કેસઃ હાલ તો



**ગુજરાતમાં કેપી.૧ના બે કેસ જયારે કેપી.૨ના ૨૩ કેસઃ નવા વેરિએન્ટને લઈને ચિંતાને કારણ નથી, કોઈ કેસ ગંભીર નથી**

આ બીમારીના કોઈ ગંભીર કેસ જોવા મળ્યા નથી તેથી ચિંતાનું કોઈ કારણ નથી પણ તેને હળવાસથી લઈ શકાય કારણ કે સાર્સ-કોવ-૨ના પરિવારમાંથી આ વેરિએન્ટ આવે છે. જે ખૂબ ઝડપથી ફેલાય છે. દેશના ૭ રાજયોમાં કેપી-૧ કેસ મળી આવ્યા

(અનુસંધાન ૧૨ મા પાને)

# ગુજરાતમાં કાળઝાળ ગરમીનો હાહાકાર : ચાર દિવસમાં ૧૫ લોકોના મોત

### હિટ સ્ટ્રોક સહિતના કેસોમાં એકાએક ચિંતાજનક વધારો : હિટવેવની સ્થિતિમાંથી હજુ રાહત મળે તેમ ન હોવાથી આરોગ્ય વિભાગની એડવાઈઝરી

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી તોબા પોકારાવી રહી છે અને આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેમ અંગ દઝાડતી ભીષણ ગરમીનો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે રાજ્યમાં હિટ સ્ટ્રોક સહિતની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થવા લાગ્યો છે અને છેલ્લા ચારેક દિવસમાં ૧૫ લોકોના મોત નિપજયા છે.

ગુજરાતના અનેક શહેરોમાં આકરો ઉનાળો તાપમાનનો રેકોર્ડ તોડી રહ્યો છે અને પારો ૪૫ ડિગ્રીને પણ વટાવી રહ્યો છે. ચામડી બાળી નાખતી ભીષણ ગરમીમાં હિટ સ્ટ્રોક જેવા કેસોમાં એકાએક વધારો થયો છે. વડોદરા, ભાવનગર, સુરત સહિતના શહેરોમાં છેલ્લા ચાર દિવસમાં ૧૫ લોકોના કાળઝાળ ગરમીના કારણે મોત નિપજયા હોવાનું બહાર આવ્યું છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા હિટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. આવતા પાંચ દિવસોમાં હજુ ગરમીમાં કોઇ રાહત મળે તેવી શકયતા ન હોવાની આગાહીને ધ્યાનમાં રાખીને લોકોને બપોરના સમયે બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા, વધુ માત્રામાં પાણી પીવા સહિતની સલાહ આપવામાં આવી

(અનુસંધાન ૧૨ મા પાને)



## સમગ્ર ઉત્તર ભારતમાં ભીષણ ગરમીનું રેડ એલર્ટ : ગુજરાત સહિત ૭ રાજયોમાં 'લૂ'ની ચેતવણી

**૫ દિવસ તાપમાનમાં રાહત નહીં મળે : અનેક ભાગોમાં પારો હજુ ૨ થી ૩ ડિગ્રી વધીને ૪૮ને વટાવશે**

નવી દિલ્હી, તા. ૨૨

ગુજરાત સહિતના રાજયોમાં ભીષણ ગરમીનો હાહાકાર છે ત્યારે હવામાન વિભાગ દ્વારા ૭ રાજયોમાં હજુ ૨૫ મે સુધી હિટવેવની હાલતમાંથી કોઇ રાહત નહીં મળવાની આગાહી કરી છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, ગુજરાત તથા ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ સૂર્યપ્રકોપ ચાલુ રહેવાની ચેતવણી આપવામાં આવી છે. દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં પાંચ દિવસનું રેડ એલર્ટ ઘોષિત કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે રાજસ્થાન, પંજાબ, હરિયાણા,

(અનુસંધાન ૧૨ મા પાને)

## દિલ્હી-હરિયાણામાં તાપમાન ૪૮ ડિગ્રીની નજીક : સૌથી વધુ 'ગરમ' શહેરોમાં ગુજરાતના સુરેન્દ્રનગરનો સમાવેશ

નવી દિલ્હી, તા. ૨૨

દેશના અનેક ભાગોમાં કાળઝાળ ગરમીનો રાઉન્ડ ચાલી રહ્યો છે ત્યારે ઉત્તર ભારતના અનેક ભાગોમાં તાપમાનનો પારો ૪૮ ડિગ્રીની નજીક પહોંચી ગયો હતો. હરિયાણાના સીરસામાં તાપમાન ૪૭.૮ ડિગ્રી નોંધાયુ હતું. જયારે દિલ્હીના નઝફગઢમાં પારો ૪૭.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. રાજસ્થાનના પિલાણીમાં તાપમાન ૪૭.૨ ડિગ્રી થયું હતું. સૌથી ઉંચુ તાપમાન ધરાવતા ટોપ-૧૦ શહેરોમાં પંજાબના ભટીંડામાં ૪૬.૬, આગ્રામાં ૪૬.૬, મધ્યપ્રદેશના રતલામમાં ૪૫.૬, ગુજરાતના સુરેન્દ્રનગરમાં ૪૫.૪, મહારાષ્ટ્રના આકોલામાં ૪૪, છતીસગઢના દુર્ગમાં ૪૩.૬ અને હિમાચલના ઉનામાં ૪૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા અનેક ક્ષેત્રોમાં તાપમાન હજુ ૨ થી ૩ ડિગ્રી વધવાની આગાહી કરવામાં આવી છે અને પાંચ દિવસનું રેડ એલર્ટ જાહેર કર્યુ છે.

## ચારધામમાં અભુતપૂર્વ ધસારો : સેંકડો યાત્રાળુઓ દર્શન કર્યા વિના જ પરત ફરવા લાગ્યા



દહેરાદુન, તા. ૨૨

હિન્દુઓની પવિત્ર ચારધામ યાત્રામાં હજારો-લાખોની સંખ્યામાં યાત્રાળુ ઉમટી પડયાને પગલે અંધાધુંધીની પરિસ્થિતિ સર્જાય જ છે અને વહીવટી તંત્ર દ્વારા વધારાની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં ભાવિકો દર્શન વિના પાછા ફરવા લાગ્યા

(અનુસંધાન ૧૨ મા પાને)

## પાંચમા તબકકામાં ૬૨.૧૫% મતદાન : ૨૦૧૯ કરતા વધી ગયું

નવી દિલ્હી, તા. ૨૨

લોકસભાની ચૂંટણીમાં મતદાન ખત્મ થયા બાદ ૪૮ કલાકમાં ટકાવારીમાં નોંધપાત્ર વધારો થઇ જતો હોવાનો વિવાદ ચાલી જ રહ્યો છે ત્યારે પાંચમામાં તબકકામાં પણ તેનું પુનરાવર્તન થયું છે. પાંચમા તબકકાનું ચૂંટણી મતદાન સોમવારે યોજાયુ હતું. સોમવારે મધરાત્રે ચૂંટણી પંચ દ્વારા ૬૦.૪૮ ટકા મતદાન થયાનું જાહેર થયાનું જાહેર કરવામાં

(અનુસંધાન ૧૨ મા પાને)















# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )


96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# સાંઢીયા પુલ આજથી બંધ : વાહનો ફસાયા : ટ્રાફિકજામ

**સાંઢીયા પુલ પર તમામ પ્રકારના વાહનોને પ્રવેશબંધી અંગે પોલીસ કમિશ્નરે જાહેરનામું પ્રસિદ્ધ કરેલું, પુલનું નવનિર્માણ ન થઈ જાય ત્યાં સુધી જાહેરનામાનો અમલ થશે**

**આજ સવારથી જ ડાયવર્ઝન રૂટ પર વાહનોની લાઈનો લાગી હતી, નિયમ પાલન માટે પોલીસ સ્ટાફ ખડકી દેવાયો : ગેરકાયદે પ્રવેશ કરે તે પહેલાં જ વાહનોને પાછા વાળી દેવાયા**





તસવીર: દેવેન અમરેલીયા









રાજકોટ, તા.૨૨

જામનગર રોડ પર આવેલ સાંઢીયા પુલ આજથી બંધ કરી દેવતા કેટલાય વાહનો ફસાયા હતા. ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળ્યા હતા. સાંઢીયા પુલ પર તમામ પ્રકારના વાહનોને પ્રવેશબંધી અંગે પોલીસ કમિશનરે જાહેરનામું પ્રસિદ્ધ કરેલ હતું. જેની આજથી અમલવારી શરૂ થઈ છે. પુલનું નવનિર્માણ ન થઈ જાય ત્યાં સુધી જાહેરનામાનો અમલ થશે. આજ સવારથી જ ડાયવર્ઝન રૂટ પર વાહનોની લાઈનો લાગી હતી, નિયમ પાલન માટે પોલીસ સ્ટાફ ખડકી દેવાયો હતો. ગેરકાયદે પ્રવેશ કરે તે પહેલાં જ વાહનોને પાછા વાળી દેવાયા હતા.

જાહેરનામા મુજબ, હોસ્પિટલ ચોકથી માધાપર ચોકડી તરફ જતા ટુ-વ્હીલર વાહનો, કાર, એમ્બુલેન્સ, જેવા તમામ પ્રકારના લાઈટ વેઈટ વ્હીકલ વાહનો હોમફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી ભોમેશ્વર રોડથી ભોમેશ્વર ફાટકથી ભોમેશ્વર મંદિરથી જામનગર રોડ તરફ જઈ શકશે. ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો માટે વન-વે રહેશે. માધાપર ચોકડીથી હોસ્પિટલ ચોક તરફ જતા ફક્ત ટુ-વ્હીલર વાહનો ભોમેશ્વર મંદિરથી ભોમેશ્વર ફાટકથી હોમફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. થ્રી વ્હીકલ, કાર, એમ્બુલેન્સ, જેવા લાઈટ વેઈટ વ્હીકલો રેલનગર અંડર બ્રિજથી રેલનગર મેઇન રોડથી પોપટપરા મેઇન રોડથી પોપટપરા નાલામાંથી રેલ્વે સ્ટેશન મેઈન રોડથી હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. તેમજ માધાપર ચોકડીથી ૧૫૦ ફૂટ રીંગ રોડથી રૈયા ચોકડીથી રેષકોર્ષ થઈ હોસ્પિટલ ચોક તરફ જઈ શકશે. થ્રી વ્હીકલ તથા કાર જેવા લાઈટ વેઈટ વ્હીકલો માટે એરપોર્ટ બગીચા (રેલનગર અંડર બ્રિજ ચોક)થી ભોમેશ્વર રોડ તરફ જવા માટે પ્રવેશ બંધ રહેશે. તમામ એસ.ટી. બસો માધાપર ચોકડીથી રૈયા ચોકડી થઈ, આમ્રપાલી અંડર બ્રિજથી એસ.ટી બસ સ્ટેશન તરફ જઈ શકશે. ભારે વાહનો અને પ્રાઈવેટ લકઝરી બસો માટે પ્રવેશબંધીના સમય સિવાય જે ત્યારબાદ માધાપર ચોકથી રૈયા ચોકડીથી આમ્રપાલી અંડર બ્રિજથી અવર-જવર કરી શકશે. જોકે આજથી આ નિયમ લાગુ પડતા જ વાહનોની કતારો લાગી હતી. તેમાં પણ ભોમશ્વર ફાટક બંધ થાય ત્યારે વાહનો ફસાઈ જાય છે. આ તરફ સવારથી જ ટ્રાફિક પોલીસનો સ્ટાફ ખડકી દેવાયો હતો. જોકે અહીંથી પસાર થતા વાહનોની સંખ્યા ખૂબ જ વધુ હોય ટ્રાફિક જામ સર્જાયો હતો.

## ભોમેશ્વરના રહીશોને પણ ફરજિયાત ચક્કર કાપીને ઘરે પહોંચવું પડશે

રાજકોટ : સાંઢીયા પુલ વાહનો માટે બંધ થતાં વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડશે. આ તરફ ભોમેશ્વર પ્લોટમાં રહેતા રહીશોને પણ વન-વેમાં પ્રવેશવા ન દેવાતા રહીશોમાં દેકારો બોલી ગયો છે. અહીંના રહીશોએ જણાવ્યા મુજબ, પુલ પાસે ફરજમાં રહેલ પોલીસે કર્મીએ સ્પષ્ટ કહ્યું હતું કે, કાર સહિતના વાહનો સાથે એરપોર્ટ તરફથી ભોમેશ્વર તરફ પ્રવેશ નહીં મળે. ઉલ્લેખનિય છેકે, માધાપર ચોકડી તરફથી આવતા વાહનોને રેલનગર અંડર બ્રિજમાંથી ડાયવર્ઝન અપાયું છે. જ્યારે માધાપર ચોકડી તરફથી આવતા ફક્ત બાઈક ચાલકોને ભોમેશ્વર તરફ જવા દેવાશે. જેથી હવે ભોમેશ્વરના કાર ધરાવતા રહીશોને પણ ફરજિયાત ચક્કર કાપીને ઘરે પહોંચવું પડશે. આ અંગે એસીપી જે.બી. ગઢવીના જણાવ્યા મુજબ, ભોમેશ્વર વિસ્તારમાં રહેતા લોકોને પણ તમામ વાહન ચાલકોની જેમ જ નિયમ લાગુ પડશે. જાહેરનામાથી કોઈ વિશેષ છૂટ અપાઈ નથી.



## જર્જરિત પુલ પરથી ડાયવર્ઝન અપાયું : દુર્ઘટનાની સંભાવના

રાજકોટ: સાંઢીયા પુલ પર વાહનબંધી થતા તંત્રએ ભોમેશ્વર ફાટક તરફ ડાયવર્ઝન આપ્યું છે. હોસ્પિટલ ચોક તરફથી આવતા ટુ વ્હિલર, થ્રી વ્હિલર, ફોર વ્હિલરને ભોમેશ્વર ફાટક તરફથી જવાની છૂટ અપાઈ છે. અહીં હેડ કવાર્ટરની દીવાલને અડીને આવેલ ફાટક પહેલાના વોકળા પર એક જર્જરિત નાલા જેવો પુલ છે. સાંઢીયા પુલ બંધ થતાં હવે રોજ અહીંથી મોટી સંખ્યામાં વાહનો પસાર થશે. દેખીતી રીતે જ આ પુલ ખખડધજ હાલતમાં દેખાઈ છે. ડાયવર્ઝન કાઢતા પહેલા આ પુલ પર કોઈનું ધ્યાન નહીં પડ્યું હોય? મોટા પ્રમાણમાં વાહન પસાર થાય તો પુલ પર દુર્ઘટનાની સંભાવના છે. જોકે અધિકારીઓએ ધ્યાન આપી ડાયવર્ઝન કાઢતા પહેલા આ જર્જરિત પુલની મરામત કરાવી લીધી હોત તો કોઈ ભય ન રહેત. **(તસવીર : પંકજ શીશાંગીયા)**

# SME IPOમાં નવો રેકોર્ડ

**હરિઓમ આંટા ૨૦૧૩ ગણો છલકાયોઃ ઈન્વેસ્ટરોએ ૧૦૩૬૪ કરોડ ઠાલવ્યા**

**રૂલ્કા ઈલેકટ્રીકલ્સ ૬૭૬ ગણો ભરાયોઃ ૧૧૮૦૦ કરોડથી વધુનું ભરણુ**




રાજકોટ તા.૨૨

શેરબજારમાં કેટલાક દિવસોથી અફડાતફડીના માહોલ વચ્ચે પણ પ્રાયમરી માર્કેટમાં તો અભૂતપૂર્વ ધમધમાટ યથાવત જ રહ્યો હોય તેમ બે એસએમઈ આઈપીઓમાં અત્યાર સુધીનો રેકોર્ડ સર્જાયો છે. હરીઓમ આટામાં અભૂતપૂર્વ ૨૦૧૩ ગણુ ભરણુ થયુ હતું. જયારે રૂલ્કા ઈલેકટ્રીકલ્સમાં ૬૭૬ ગણુ ભરણુ નોંધાયુ હતું.

પ્રાયમરી માર્કેટના સૂત્રોએ જણાવ્યું હતું કે હરીઓમ આટા એન્ડ સ્પાઈસીસ લીમીટેડ નામની એસએમઈ કંપનીનો આઈપીઓ ખત્મ થયો છે. ભરણાના અંતે ૨૦૧૩.૬૪ ગણો છલકાયો હતો જે અત્યાર સુધીના આઈપીઓના ઈતિહાસનો રેકોર્ડ છે. કંપનીને કુલ ૪૫૨૪૯૩ અરજીઓ મળી હતી. રીટેલ શ્રેણીમાં ૨૫૫૬.૪૩ ગણુ ભરણુ થયુ હતુ જયારે એનઆઈબી શ્રેણીમાં ૧૪૩૨.૬૦ ગણુ ભરણુ થયુ હતું. કુલ ૧૦૩૬૪ કરોડ રૂપિયા ઈન્વેસ્ટરોએ ઠાલવ્યા હતા.

આજ રીતે રૂલ્કા ઈલેકટ્રીકલ્સમાં પણ સમાન સ્થિતિ સર્જાઈ હતી. ૬૭૬.૮૩ ગણો આઈપીઓ છલકાયો હતો. રિટેલ કેટેગરીમાં ૬૫૮.૩૨ ગણો એનઆઈબી કેટેગરીમાં ૧૩૫૦.૧૫ ગણો તથા સંસ્થાકીય કેટેગરીમાં ૨૦૪.૨૨ ગણો છલકાયો હતો. આ આઈપીઓમાં રિટેલ ઈન્વેસ્ટરોએ ૫૭૮૩ કરોડ




એનઆઈબીએ ૫૦૮૩ કરોડ સહિત કુલ ૧૧૮૯૧ કરોડનું ભરણુ થયુ હતું.

સેકન્ડરી માર્કેટમાં બેતરફી વધઘટે પણ પ્રાયમરી માર્કેટમાં કોઈ અસર ન હોવાનું સાબીત થઈ રહ્યું છે. નવી કંપનીઓમાં અઢળક કમાણી થઈ રહી હોવાથી ઈન્વેસ્ટરો જંગી રોકાણ ઠાલવી રહ્યા છે. ઉપરોકત બંને કંપનીઓના લિસ્ટીંગ વખતે ભાવ ઘણા ઉંચા ખુલવાની શકયતા વ્યકત થઈ રહી છે.

# 'નાફેડ'ના ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાતા જેઠાભાઈ ભરવાડ

**દેશની સૌથી મહત્વની સહકારી સંસ્થાના ચેરમેનની ચૂંટણીમાં ૨૧ ડિરેકટરોએ મતદાન કર્યુ : મોહનભાઈ કુંડારીયા પણ ડિરેકટર પદે બિનહરીફ ચૂંટાયા હતા**

રાજકોટ, તા. ૨૨

નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (નાફેડ)ના ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડ ચૂંટાયા છે. દિલ્હીમાં દેશના સહકારી ક્ષેત્રની મહત્ત્વની ગણાતી નાફેડની ચૂંટણી યોજાતા ગુજરાતના બે સહિત ૨૧ ડિરેકટરોએ મતદાન કર્યુ હતું.



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ કે જેમના માટે દિલીપ સંઘાણીએ તેમની બેઠક ખાલી કરી હતી, તેઓ નાફેડની ડિરેક્ટરોની બોર્ડ મીટિંગમાં ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન અને પીડીસી બેંકના ચેરમેન પણ છે. મોહનભાઇ કુંડારિયાને નાફેડના ચેરમેન પદ માટેના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા હતા.

દિલ્હી ખાતે નાફેડના ચેરમેન પદ માટે મતદાન યોજાયું હતું. જેમાં રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયા સહિત ગુજરાતના બે ડિરેક્ટરોએ મતદાન કર્યું છે.અગાઉ ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા ઇફકોમાં ચેરમેન તરીકે દિલીપ સંઘાણી તરીકે બિનહરીફ ચૂંટાયા હતા.

ઇફકોના ચેરમેન અને વાઇસ ચેરમેનની નિયુક્તિ માટે ૨૧ ડિરેક્ટરોની બોર્ડ મિટિંગમાં દિલીપ સંઘાણીની ચેરમેન તરીકે બીજી વખત નિયુક્તિ કરાઈ હતી. તો ઇફકોના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે બે ટર્મથી જયેશ રાદડિયાની જીત થઈ હતી. આ વર્ષે સહકારી ક્ષેત્રમાં ઉમેદવારની પસંદગીમાં મુશ્કેલી ઉભી થઈ હતી. જેમાં ભાજપે બીપિન પટેલને મેન્ડેટ આપ્યો હતો. છતાં જયેશ રાદડિયાએ ભાજપના મેન્ડેટ સામે ફોર્મ ભર્યું હતું. જેને લઈ જયેશ રાદડિયા અને બીપિન પટેલ તેમજ મોડાસાના પંકજ પટેલ વચ્ચે જંગ હતો.

ઇફકોમાં ડિરેક્ટર પદ માટે યોજાયેલી ચૂંટણીમાં જયેશ રાદડિયાની જીત થઈ હતી. કુલ ૧૮૨ મતદારો હતા, જેમાંથી ૧૮૦ મતદારોએ મતદાન કર્યું હતું. જયેશ રાદડિયાને ૧૧૪ મત અને બીપિન પટેલને ૬૬ મત મળ્યા હતા.

ડિરેક્ટરની ચુંટણીમાં જેઠાભાઈની પેનલને બહુમતી મળી હતી. જે બાદમાં જેઠાભાઈ ભરવાડની પેનલ અને ચંદ્રપાલ સિંહની પેનલ વચ્ચે સહમતી બની હતી. નાફેડમાં કુલ ૨૧ ડિરેક્ટરો ચેરમેન અને વાઇસ ચેરમેન નક્કી કરતા હોય છે. જોકે જેઠાભાઈ ભરવાડની પેનલ અને ચંદ્રપાલ સિંહની પેનલ વચ્ચે સહમતી બનતા નાફેડના ચેરમેન તરીકે જેઠાભાઈ આહિર (ભરવાડ)ની બિનહરીફ વરણી કરવામાં આવી છે. ગુજરાતમાંથી જેઠા ભરવાડ અને મોહન કુંડારિયા ડિરેક્ટર તરીકે બિનહરીફ થયા છે.

જેઠા ભરવાડ સતત ૬ ટર્મથી જંગી બહુમતીથી શહેરા બેઠક પરથી જીત્યા છે. વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૨૨ એમ સળંગ ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. આ સાથે જેઠા ભરવાડ હાલમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે કાર્યરત છે.

# કાળઝાળ ગરમીમાં મનપામાં અરજદારો-કરદાતાઓની લાઈન










ઉનાળાની કાળઝાળ ગરમી વરસી રહી છે અને રાજકોટમાં ઘણા દિવસોથી ૪૪ ડિગ્રી આસપાસ તાપમાન નોંધાઇ રહ્યું છે ત્યારે મ્યુનિ. કોર્પોરેશનમાં રોજિંદા આધાર કાર્ડ અને દાખલા કઢાવવાના કામ માટે આવતા લોકોને ભયંકર ગરમી અને બફારાનો સામનો કરવો પડી રહ્યો છે. આજે બુધવાર હોય રાબેતા મુજબ વધારે ગીર્દી અને લાઇનો હતી. સિકયુરીટી સ્ટાફે વિભાગ બહાર લાઇનો કરાવતા ફરી પદાધિકારીઓના વાહન પાર્કિંગ સુધી લોકો ઉભા જોવા મળી રહ્યા હતા. આ જ રીતે સિવિક સેન્ટરમાં દાખલા કઢાવવા અને ટેકસ ભરવા આવતા લોકોની પણ લાઇન હતી. વિભાગ અંદર લોકો બેસી શકે છે પરંતુ બહાર લાઇનમાં લોકો તડકામાં ઉભા રહેતા હોય છે. પીવાના પાણીની વ્યવસ્થા પણ દેખાતી નથી. આથી અરજદારો અને કરદાતાઓ માટે અધિકારીઓ છાંયડા અને ઠંડકની વ્યવસ્થા કરાવે તે જરૂરી લાગી રહ્યું છે.

**(તસ્વીર : દેવેન અમરેલીયા)**




# રાજકોટ રૂરલ એસઓજીએ સતત બીજા દિવસે શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપી પાડ્યો

## સોમવારે શાપરમાં રેડ કર્યા બાદ મંગળવારે ઉપલેટામાં પરેશ સેલારકાના ગોડાઉનમાં દરોડો પાડી ૧.૨૮ લાખની કિંમતની ૧૮૪ બેગ કબ્જે કરી

રાજકોટ, તા.૨૨

રાજકોટ રૂરલ એસઓજીએ સતત બીજા દિવસે શંકાસ્પદ બિયારણનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સોમવારે શાપરમાં રેડ કર્યા બાદ મંગળવારે ઉપલેટામાં પરેશ સેલારકાના ગોડાઉનમાં દરોડો પાડી ૧.૨૮ લાખની કિંમતની ૧૮૪ બેગ કબ્જે કરી હતી.

સોમવારે રાજકોટના વેપારીના શાપર સ્થિત ગોડાઉનમાંથી શંકાસ્પદ બિયારણની ૪૦૦ થેલી મળી હતી., જે પછી એસઓજીના સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડની સૂચનાથી નકલી બિયારણની હેરફેર કરી, તેનું વેચાણ કરી ખેડૂતોને છેતરતા તત્વો સામે કાર્યવાહી કરવા રૂરલ એસઓજીના પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.સી.મિયાત્રા તેમની ટીમ સાથે ઉપલેટા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ રઘુભાઇ દેવાભાઇ ઘેડ, ચિરાગભાઇ વાલાભાઇ કોઠીવારને બાતમી મળેલ કે, ઉપલેટાની વ્રજ વિલાસ હોટલની બાજુની ગલીમાં આવેલ પરેશ વલ્લભ સેલારકા (રહે. ઉપલેટા)ના ગોડાઉનમાં જુદી જુદી કંપની (બ્રાંડ)ના શંકાસ્પદ કૃષિને લગતા કપાસના બિયારણનો જથ્થો છે. દરોડો પડતા અહીંથી રૂ.૧,૨૮,૮૦૦ની કિંમતના બિયારણની ૧૮૪ થેલી મળી હતી. જે કબ્જે કરી આ જથ્થો ક્યાંથી સપ્લાય થયો તે અંગે પરેશ સેલારકાની વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. ઉપરાંત શંકાસ્પદ જણાતા બિયારણના નમૂના લઈ લેબમાં તપાસ અર્થે મોકલાયા છે.

આ કામગીરીમાં એ.એસ.આઇ. જયવિરસિંહ રાણા, અતુલભાઈ ડાભી, સંજયભાઈ નિરંજની, ઇન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ વિજયભાઇ વેગડ, હીતેશભાઇ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા, ભગીરથસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વિજયભાઇ ગોસ્વામી, શિવરાજભાઈ ખાચર, ચિરાગભાઈ કોઠીવાર, રઘુભાઇ ઘેડ, અમુભાઇ વિરડા, નરશીભાઇ વગેરે ફરજ પર રહ્યા હતા.



### બિયારણની થેલી પર આ નામો લખાયા હતા

પકડાયેલ શંકાસ્પદ જણાતા બિયારણની થેલીઓ પર પીન્ક પેન્થર-૩ સિલ્વર-આર રીસર્ચ હાઇબ્રીડ કોટન સીડ્સ, તેમજ પીન્ક ગાર્ડ- આઈવી એટીએમ, તથા ડોલર ફોર-જી કોટન હાઇબ્રીડ સીડસ વીથ પીન્ક ગાર્ડ આઇવી ટેક્નોલોજી પીન્ક ગાર્ડ-૪, અને સંકેત ફાઈવ-જી કોટન સિડ્સ પીન્ક ગાર્ડ, તેમજ બાહુબલી પ્રીમીયમ હાઇબ્રીડ કોટન સીડસ પીન્ક ગાર્ડ-૫ - મોર પાવરફુલ લખેલ હતું.

# નશાકારક સીરપની હેરફેરમાં રાજકોટની મેડિકલ એજન્સીના સંચાલક સહિત બે સામે ગુનો દાખલ

## રાજકોટ રૂરલ એસઓજીએ ૨૨ માર્ચે બાબરાના અક્ષય ચૌહાણને સીરપનો જથ્થો કારમાં લઇ જતા બળધોઈ ગામના પાટિયા પાસેથી ઝડપેલ જથ્થો રાજકોટની ક્રિસ્ટલ એજન્સીમાંથી લાવ્યાનું ખુલ્યું હતું: અક્ષય ચૌહાણની પૂછપરછમાં રાજકોટની ક્રિસ્ટલ એજન્સીના હિતેશ ઓળકીયાનું નામ ખુલ્યું હતું : એફએસએલ રિપોર્ટ આવતા એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી થઈ

રાજકોટ, તા.૨૨

આટકોટ નજીકથી સીરપ ઝડપાયું હતું. જે નશાકારક સીરપની હેરફેરમાં રાજકોટની મેડિકલ એજન્સીના સંચાલક સહિત બે સામે ગુનો દાખલ થયો છે. રાજકોટ રૂરલ એસઓજીએ ગત તા. ૨૨ માર્ચે બાબરાના અક્ષય ચૌહાણને સીરપનો જથ્થો કારમાં લઇ જતા બળધોઈ ગામના પાટિયા પાસેથી ઝડપેલ હતો. જથ્થો રાજકોટની ક્રિસ્ટલ એજન્સીમાંથી લાવ્યાનું ખુલ્યું હતું. અક્ષય ચૌહાણની પૂછપરછમાં રાજકોટની ક્રિસ્ટલ એજન્સીના હિતેશ ઓળકીયાનું નામ ખુલ્યું હતું. સીરપ લેબમાં મોકલવામાં આવેલ. જેના એફએસએલ રિપોર્ટ આવતા એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી થઈ છે. આટકોટ પોલીસ મથકે ગુનો દાખલ થયો છે. આ અંગે વિસ્તૃત વિગત મુજબ, રાજકોટ રૂરલ એસઓજીના પીઆઈ એફ.એ. પારગી, પીએસઆઈ બી.સી. મિયાત્રા, એએસઆઈ જયવિરસિંહ રાણા તથા હેડ કોન્સ્ટેબલ અમીતભાઈ કનેરીયા, હિતેશભાઈ અગ્રાવત, વિજયભાઈ વેગડ તથા કોન્સ્ટેબલ શીવરાજભાઈ ખાચર, વિજયગીરી ગોસ્વામી બળધોઈ ગામના પાટીયા પાસે ચેકીંગ કરતા હતા. તે દરમ્યાન રાજકોટ હાઈવે તરફથી આવતી એસેન્ટ કાર જીજે-૦૫-સીબી-૫૬૧૯ નંબરની કારને શંકાના આધારે રોકી તેમાં તપાસ કરતા તેમાં સીરપની ૨૪૦૦ બોટલ સાથે અક્ષય વિનુભાઈ ચૌહાણ (ઉ.વ.-૨૬, રહે.અમરેલી રોડ, અમરાપરા વિસ્તાર બાબરા) પકડી પાડી ઝડતી કરતાં યુવકે જણાવ્યુ કે, પોતે બાબરામાં શ્રી ક્રિષ્ના ફાર્મા નામે દવાની એજન્સી ધરાવે છે. અને સીરપ બોટલનો જથ્થો રાજકોટ ક્રિષ્ટલ રેમેડીસ પ્રા.લી. રાજલક્ષ્મી કોમ્પલેક્ષ બોમ્બે હોટલની સામે ગોંડલ રોડ રાજકોટ ખાતેથી લઈ અને પોતાની બાબરામાં આવેલ એજન્સી ખાતે લઇ જતા હોવાનુ જણાવ્યું હતું. પણ તેમની પાસે રહેલ સીરપના બીલ નિયમો અનુસાર ન જણાતાં શખ્સની અટકાયત કરી હતી, તેમજ રાજકોટ સ્થિત ક્રિષ્ટલ રેમેડીસ પ્રા.લી. નામની એજન્સીએ સીરપનો જથ્થો અનઅધિકૃત રીતે વેચાણ કરેલ હોય તેવી હકિકત મળતાં હિતેશ ધીરૂભાઈ ઓળકીયા (ઉ.વ.-૩૦, રહે. રાજકોટ પારીજાત સોસાયટી મેઇન બજાર શેરી નંબર-૧૩ મુળ રહે, કંધેવાળીયા ગામ તા.વિંછીયા) બંન્ને શખ્સો સામે ગુનો દાખલ કરી આટકોટ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# લાખાપર ગામમાં આર્ટિગા કારની ઠોકરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

## ૬૪ વર્ષીય મગનભાઈ ધરજીયા ગામમાં યોજાનાર સપ્તાહની બેઠકમાં હાજરી આપવા જતાં હતાં ત્યારે દુર્ઘટના ઘટી: પરિવારમાં કલ્પાંત: આજીડેમ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો

રાજકોટ. તા.૨૨

લાખાપર ગામમાં આર્ટિગા કારની ઠોકરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજતાં નાના એવાં ગામમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતક ૬૪ વર્ષીય મગનભાઈ ધરજીયા ગામમાં યોજાનાર સપ્તાહની બેઠકમાં હાજરી આપવા જતાં હતાં ત્યારે દુર્ઘટના ઘટી હતી. બનાવ અંગે આજીડેમ પોલીસ મથકમાં કાર ચાલક સામે ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના લાખાપર ગામે ચોરવાડી શેરીમાં રહેતાં મગનભાઈ ગગજીભાઈ ધરજીયા (ઉ.વ.૬૪) ગઈકાલે બપોરે ગામમાં આવેલ રંગુન માતાજીના મંદિરે બાઈક લઈ જઈ રહ્યા હતાં ત્યારે પુરપાટ ઝડપે આવેલ આર્ટિગા કારના ચાલકે હડફેટે લેતાં તેઓ રોડ પર ફૂટબોલના દડાની માફક ફંગોળાયા હતાં. તેઓને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બાદમાં બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોએ ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ની ટીમે વૃધ્ધને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી મૃતકના પુત્ર વિપુલભાઈ ધરજીયાની ફરીયાદ પરથી અકસ્માત સર્જનાર આર્ટિગા કાર નં. જીજે.૦૩.એલબી.૫૦૪૧ ના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.





વધુમાં મૃતકના પુત્રએ જણાવ્યું હતું કે, તેમના પિતા ખેતમજૂરી કામ કરતાં અને તેઓ ત્રણ ભાઈ-બહેન છે. ગઈકાલે ગામમાં આગામી તા.૨૩ થી યોજાનાર સપ્તાહની બેઠકમાં હાજરી આપવા માટે જતાં હતાં ત્યારે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# ભગવતીપરામાં થયેલ મારામારીના ગુનામાં બે આરોપી જામીનમુક્ત



ઘનશ્યામ વાંક એડવોકેટ

રાજકોટ, તા.૨૨

ભગવતીપરામાં થયેલ મારામારીના ગુનામાં બરબસીયા બંધુના જામીન કોર્ટે મંજુર કર્યા છે. આ કેસની વિગત મુજબ, તા.૮/૪/૨૦૨૪ના રોજ ફરિયાદી જયેન્દ્રભાઈ ભુપતભાઈ ડાંગર (રહે.ગાંધી સ્મૃતિ સોસાયટી શેરી નં. ૦૧, ભગવતીપરા)એ બી.ડિવિઝન પોલીસને ફરિયાદ આપેલ કે, તે પોતાના ઘરે પોતાના માતા સાથે ગરમ જમવાનું આપવા બાબતે દલીલો કરતો હતો.

બંને બોલતા બોલતા ઘરની બહાર આવી ગયા. મોટેથી બંને બોલવા લાગ્યા હતા ત્યારે જ તેના પાડોશમાં રહેતા કાળું બીજલ બરબસીયા અને તેનો ભાઈ સાજન બીજલ બરબસીયા બહાર આવેલ અને કહેલ કે, કેમ શેરીમાં રાડો પાડે છે? તેમ કહી બંને ભાઈઓએ અપશબ્દો કહ્યા. ધારીયું અને પાઈપ લાવી હુમલો કર્યો હતો.

લોહી નીકળતા ફરિયાદી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. ગુનો દાખલ થતા પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી હતી. જેલમાંથી આરોપી અનિલ ઉર્ફે કાળું બીજલ બરબસીયા અને તેનો ભાઈ સંજય ઉર્ફે સાજન બીજલ બરબસીયાએ જામીન માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. આરોપીઓના એડવોકેટ ઘનશ્યામ વાંકે કરેલ દલીલો, રજૂ રાખેલા પુરાવા, ટાંકેલા ચુકાદા ધ્યાને લઇ કોર્ટે બંને આરોપીને જામીન મુક્ત કરવા હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી અનિલ ઉર્ફે કાળું બીજલ બરબસીયા અને સંજય ઉર્ફે સાજન બીજલ બરબસીયા વતી એડવોકેટ ઘનશ્યામ સી. વાંક, નિખિલ રાઠોડ અને પિયુષ ચાવડા રોકાયેલ હતા.

# પત્નીની હત્યા કર્યાનાં ગુનામાં પ્રકાશ પરમારની જામીન અરજી રદ્દ

રાજકોટ,તા.૨૨

આરોપી પ્રકાશ દીપકભાઈ પરમાર (રહે.નવલનગર-૯, વિશ્વેશ્વર મંદિર, રાજકોટ) પોતાની પત્નીની હત્યા નિપજાવવાના ગુનામાં પોતે જેલમાં હોય તેણે રેગ્યુલર જમીન અરજી કરતા સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધેલ છે.બનાવની ટુંક હકીકત એવી છે કે ગત તારીખ ૨૩/૦૬/૨૦૧૮ના સાંજના સમયે નવલનગર, શેરી નં.૧૮, મહુડી રોડ ખાતેના મકાનમાં આરોપી ગયેલ અને પોતાની પત્ની નમ્રતાબેનને શારીરિક માનસિક ત્રાસ અપાતો હોવાથી તેણી રીસામણે હતી ત્યાં જઈ આરોપીએ નજરે જોનાર સાહેદની હાજરીમાં પૂર્વ તૈયારી સાથે જઈને ગયેલ છરીથી પોતાની પત્નીને આદેધડ છરીના ઘા મારી તેનું મોત નીપજાવેલ અને સાહેદને પણ છરીથી ઘા મારીને ત્યાંથી નાસી ગયેલ જે બાબતેની ફરિયાદ નમ્રતાના માસી રાધાબેન રાયઠ્ઠાએ નોંધાવી હતી આરોપી પકડાયા બાદ જેલ હવાલે કરાયો હતો. જેલમાંથી પ્રકાશે જામીન અરજી કરેલી જે કામમાં આરોપી સામેનો ગુનો ગંભીર હોવાનું માની અને મજબુત પ્રથમ દર્શનીય કેસમાની એડીશનલ જજ ડી.એસ.સિંઘે આરોપીએ જામીન ઉપર છુટવા કરેલી રેગ્યુલર જમીન અરજી ફગાવી દીધેલ છે.આ કેસમાં સરકાર પક્ષે સરકારી વકીલ મહેશભાઈ જોશી રોકાયેલા હતાં.

# ધમકી-એટ્રોસિટીના ગુનામાં આરોપીની જામીન અરજી નામંજુર

રાજકોટ તા.૨૨

સાધુ વાસવાણી રોડ પર રહેતા મનીષભાઈ ગોવિંદભાઈ સોલંકીએ યુનિ. પોલીસ સ્ટેશનમાં આરોપી અલ્પેશભાઈ રામાનુજ વિરૂધ્ધ એટ્રોસીટીની ફરીયાદ કરેલ. આરોપીએ ફરીયાદીને ફોનમાં ધમકી આપેલ કે, અમારી વિરૂધ્ધ અગાઉ ફરીયાદ કરેલ છે તે ખોટી ફરીયાદ કરેલ છે. જે મને યાદ છે. જેથી હું તને છોડીશ નહીં. અગાઉ મારા વિરૂધ્ધ જે ગુનો દાખલ કરેલ છે તે ગુનામાં હું તારા પગ ભાંગી નહીં નાખું ત્યાં સુધી હાજર થઈશ નહીં. ધમકીનું રેકોર્ડીંગ પોલીસ પાસે રજુ કરતા પોલીસે આરોપી અલ્પેશ રામપ્રસાદ રામાનુજ (રહે. અમદાવાદ) વિરૂધ્ધ એટ્રોસીટી એક્ટ અંગેનો ગુનો દાખલ કરી આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલમાંથી છુટવા આરોપીએ કોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીના વકીલની મુખ્ય દલીલ એવી હતી કે ફરીયાદ મોડી કરવામાં આવેલ છે. અગાઉ ફરીયાદીએ જે ફરીયાદ દાખલ કરેલ છે તે ખોટી ફરીયાદ કરેલ છે. આરોપીનું કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન થઈ ગયેલ છે. સાથે ટાંકેલા વિવિધ ચુકાદા ધ્યાને લઈ સ્પે. એટ્રોસીટી કોર્ટ આરોપીને જામીન ઉપર મુક્ત કરવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રઘુવીર આર. બસીયા રોકાયેલ હતા.

# ગ્રાહકો પાસેથી કારનું ડાઉન પેમેન્ટ લઈ રૂા.૨.૮૨ લાખ ઓળવી જનાર જામનગરનો શખ્સ ઝડપાયો

## કટારીયા ઓટો મોબાઈલમાં સેલ્સ ટીમ લીડર રવિ ચાવડાએ બે ગ્રાહક પાસેથી રૂપિયા લઈ ડુપ્લીકેટ પેમેન્ટ રીસીપ્ટ પણ આપી દીધી 'તી: બે માસથી ફરાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

રાજકોટ.તા.૨૨

શહેરની ભાગોળે કટારીયા ચોકડી પાસે આવેલ કટારીયા ઓટો મોબાઈલમાં સેલ્સ ટીમ લીડર જામનગરના રવિ ચાવડાએ બે ગ્રાહક પાસેથી કારના ડાઉન પેમેન્ટ પેટે રૂ.૨.૮૨ લઈ ગ્રાહકોને ડુપ્લીકેટ પેમેન્ટ રીસીપ્ટ પણ આપી રૂપીયા ઓળવી જતાં બે માસ પહેલાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. જે બાદ તેને ક્રાઇમ બ્રાન્ચે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે વાવડીમાં મહમંદીબાગ સોસાયટીમાં રહેતાં અનવરભાઈ ફારૂકભાઈ મીનીવાડીયા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રવી પંકજ ચાવડાનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કાલાવાડ રોડ ઉપર આવેલ કટારીયા ઓટો મોબાઇલ નામના મારૂતિ કારના શો-રૂમમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે. શો-રૂમમાં રવી ચાવડા છેલ્લા ત્રણેક વર્ષથી સેલ્સ ટીમ લીડર તરીકેની નોકરી કરતો હતો. તેમને કંપનીની ગાડીઓનું વેચાણ કરવાની કામગીરી અને બુકીંગથી ડિલેવરી સુધીની તમામ પ્રોસેસ કરવાની હોય છે.



ગઈ તા.૨૩/૦૧ ના રોજ કંપનીના કસ્ટરમર દેવજીભાઇ પ્રાગજીભાઇ સંતોકી શો-રુમ પર આવી જણાવેલ કે, અમારી ગાડીની ડીલવરી સેલ્સ ટીમ લીડર રવી આપતો નથી. જેથી એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં તપાસ કરાવતા કસ્ટરમરમાં ડાઉન પેમેનટના પૈસા ભરવાના બાકી છે જેથી તેઓને ડાઉન પેમેન્ટ બાકી છે જેથી તમારી કારની ડિલિવરી મળેલ નથી તેવી વાત કરતા કસ્ટમર દેવજીભાઈએ જણાવેલ કે, મેં રૂ.૧.૯૪ લાખ તા.૧૨/૦૧ ના આપેલ હતા. જેમનો રવીએ એક પેમેન્ટ રીસીપ્ટ પણ આપેલ છે. પેમેન્ટ રીસીપ્ટની ખરાઈ કરતા તે પેમેન્ટ રીસીપ્ટ ખોટી હોવાનુ અને તેમાં કેશીયર તરીકે કરેલ સહી પણ ખોટી હોવાનુ જાણવા મળેલ હતું. દરમિયાન બીજા જ દિવસે બીજા એક કસ્ટમર સતીષભાઈ બચુભાઇ સોલંકી આવેલા અને જણાવેલ કે, રવી મને મારી કારની ડીલવર નથી આપતા કહેતાં એકાઉન્ટમાં ખરાઇ કરતા તેમાં પણ ડાઉન પેમેન્ટ બાકી હોવાનુ જાણવા મળતા કસ્ટમરે જણાવેલ કે, મે આ રવીને કારના ડાઉનપેમેન્ટ પેટેન્ટ તા.૧૦/૦૧ ના રોજ તમારા શોરૂમ ઉપર આવી કુલ રૂ.૮૮ હજાર આપેલ હતાં.

બાદમાં સેલ્સ ટીમ લીડર રવી ચાવડાને બોલાવી આ બાબતે પુછપરછ કરતા, જણાવેલ કે આ બંને કસ્ટમરોના મળી કુલ રૂ.૨.૮૨ લાખ મેં લીધેલ છે અને જે રૂપીયા મારા અંગત ઉપયોગમાં વાપરી નાખેલ છે. તેમજ તેને આ રૂપીયા ભરી દેવાનુ જણાવ્યા બાદ રૂપીયા કંપનીમાં ભરેલ ન હોઇ અને કંપની સાથે ઠગાઇ કરવાના હેતુથી પેમેન્ટ રીસીપ્ટ જેવો ખોટો કીંમતી ડોક્યુમેન્ટ બનાવી જે બનાવટી પેમેન્ટ રીસીપ્ટ કસ્ટમરને આપી રૂ.૨,૮૨ લાખની ઉચાપત કરેલ હતી.

બનાવ અંગે ગયા માર્ચ માસમાં તાલુકા પોલીસ મથકમાં આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૫૬૮, ૪૭૧, ૪૦૮ હેઠળ ગુનો નોંધાયા બાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.હુણ અને ટીમ તપાસમાં હતી ત્યારે એએસઆઈ વાલાભાઈ ડાભી, કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર અને પ્રદીપસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમીના આધારે રવી પંકજ ચાવડા (ઉ.વ.૨૫),(રહે. યોગેશ્વર પાર્ક શેરી નં.૬, ગુલાબનગર, જામનગર) ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અવસાન નોંધ

**રાજકોટ:** છત્તર પાંચ દેવડા નિવાસી શ્રી શાંતિલાલ હરખચંદ સંઘવી ઉ.વ.૮૫ તે મહેન્દ્રભાઈ સંઘવી રિટાયર્ડ તલાટી મંત્રી તથા મહેશભાઈ, રાજુભાઈ તથા જીતુભાઈના કાકા તારીખ ૨૧-૫-૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ. સાવિત્રીબેન પંડયા (ઉ.૯૯) તે સ્વ. જયંતીલાલ પંડયાના ધર્મપત્ની, યોગેશભાઈના માતુશ્રી, આરતી, આશીષ, જીજ્ઞેશના દાદીમાનું તા.૨૦ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૩ના સાંજે ૫થી ૭ તેમના નિવાસે રાખેલ છે. (મો.૯૪૨૬૬ ૫૦૭૦૧).

**વિસાવદર:** ધનશ્યામભાઈ મોરારજીભાઈ વસાણીનું તા.૨૦ના અવસાન થયેલ છે. તે વિનુભાઈ (અક્ષર મંડપ સર્વિસ), કુંદનબેન લલીતભાઈ સેદાણી, રમાબેન પ્રતાપભાઈ ખીરૈયા, કનીબેન અરવીંદભાઈ ઉનડકટ, નૈનાબેન દિપકભાઈ નગદીયાના ભાઈ, યોગેશકુમાર ધનશ્યામભાઈ વસાણી, દીપાબેન ધનશ્યામભાઈ કાનાબાર, હેતલબેન સુધીરકુમાર નથવાણીના પિતાશ્રી તથા પોપટલાલ જાદવજીભાઈ કારીયા (ગોંડલ)ના જમાઈ થાય. બેસણું તા.૨૩ના સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી વિસાવદર રાખેલ છે.

**જસદણ:** ઔદિચ્ય ગુજરાતી સાડાચારસો બ્રાહ્મણ ઉદયભાઈ (ઉ.વ.૫૮) તે જનાર્દનભાઈ, સ્વ: ચંપકભાઈ, રાજેન્દ્રભાઈ, ઉપેનભાઈના ભાઈ અમિતભાઈ, હિનાબેન ભાર્ગવભાઈ જોશી (ઢસા) ના પિતા ગુલાબરાય ત્રંબકલાલ યાજ્ઞિક (મેઘપર ઝાલા) ના જમાઈનું નિધન તા.૨૦ મે ૨૦૨૪ ને સોમવારના રોજ જસદણ મુકામે થયેલ છે સદ્દગતનું બેસણું તા.૨૩ મે ૨૦૨૪ ને ગુરૂવારના રોજ બપોરે ૩:૩૦ થી ૫:૩૦ સુધી ગાયત્રી મંદીર એસ ટી ડેપો નજીક આટકોટરોડ જસદણ ખાતે રાખવામાં આવેલ છે.



**રાજકોટ:** મુકુંદરાય લાલજીભાઈ ચતવાણી (ઉ.૮૦) તે સ્વ. જયકરભાઈ વાલજીભાઈ કોટક (કરાંચી) વાળાના જમાઈ, સ્વ. અશોકભાઈ, રાજેન્દ્રભાઈ (કનુભાઈ), અશ્વિનભાઈ (રીટા. તલાટી મંત્રી-ઉપપ્રમુખ), નરેન્દ્રભાઈ, વાસંતીબેન જવાહરભાઈ ખગ્રામના બનેવીનું તા.૨૧ના અવસાન થયું છે. ઉઠમણું તથા પીયરપક્ષની સાદડી તા.૨૩ના સાંજે ૫થી ૬-૩૦ લોહાણા મહાજનવાડી કાકરીયા તળાવ પાસે, વેદ મંદિરની બાજુમાં અમદાવાદ ખાતે રાખેલ છે.

**વેરાવળ:** જગદીશભાઈ માણીલાલ ધનેશા (કાળુભાઈ જુથળ વાળા) (ઉ.૬૭) તે જતીનભાઈ, પ્રશાંતભાઈના પિતાશ્રી, રસિકભાઈ, વિજયભાઈ, સ્વ. જીતુભાઈ, સરોજબેન, રીનાબેન, નિર્મળાબેનના ભાઈ, સ્વ. દ્વારકાદાસ મનજીભાઈ પટેલીયાના જમાઈ, સ્વ. કિશોરભાઈ, વિજયભાઈ, વિપુલભાઈના બનેવીનું તા.૨૧ના અવસાન થયેલ છે. ઉઠમણું-પીયરપક્ષની સાદડી તા.૨૩ના સાંજે ૫થી ૬ બીલેશ્વર મંદિર, શિક્ષક કોલોની વેરાવળ રાખેલ છે.

**વેરાવળ:** લાલજીભાઈ વીરજીભાઈ જેઠવાના પત્ની રમાબેન (ઉ.૭૩) તે પ્રફુલભાઈ, દિલીપભાઈના માતુશ્રીનું તા.૨૦ના અવસાન થયું છે. ઉઠમણું તા.૨૩ના સવારે ૯-૩૦થી ૧૦-૩૦ રૂદ્રેશ્વર મહાદેવ મંદિર, આઝાદ સોસાયટી, વેરાવળ રાખેલ છે.

**રાજકોટ:** ગૌ.વા. પ્રભુદાસ વિઠ્ઠલદાસ આડેસરા (ઉ.૯૪) તે ધ્રોલના ઝવેરી વિઠ્ઠલદાસ ઠાકરસીભાઈ આડેસરાના પુત્ર, સ્વ. જેન્તીભાઈ, સ્વ. પોપટભાઈ, સ્વ. રમણીકલાલ, સ્વ. વૃજલાલના ભાઈ, નીતીનભાઈ, દિલીપભાઈ, મીનાબેનના પિતાશ્રી, દીપેન, ભૂમીકા, મિત, શ્વેતા, નકસી, હર્ષીલ, હેત્વીકના દાદા, કોટાના હિરાભાઈ ઘેલાભાઈ પારેખના જમાઈનું અવસાન તા.૨૦ના થયું છે. બેસણું તા.૨૩ના સોની સમાજની વાડી યુનીટ નં.૧ કોઠારીયા નાકા મુકામે સવારે ૧૦-૩૦થી ૧૨ રાખેલ છે.

**ઉપલેટા:** ઉપલેટા નિવાસી હરજીવનદાસ કરસનદાસ દાવડા (ઉ.૮૫) મુંબઈ વાળા હાલ ઉપલેટા દ્વારકાધીશ સોસાયટીમાં રહેતાનું તા.૨૧ના અવસાન થયેલ છે.

**મેઘપર:** મેઘપર ઝાલા નિવાસી સ્વ. ગુલાબરાય ત્રંબકલાલ યાજ્ઞિકના જમાઈ જસદણ નિવાસી ઉદયકુમાર મનસુખલાલ શુકલનું તા.૨૦ના રોજ અવસાન થયેલ છે. તે અરૂણાબેનના પતિ, મનુભાઈ (મોરબી), રસિકભાઈ (મીતાણા), સ્વ. જશુભાઈ (રાજકોટ) સ્વ. રમેશભાઈ (ઢસા), દિલીપભાઈ (મેઘપર)ના બનેવી થાય. બેસણું મેઘપર ઝાલા મુકામે તા.૨૪ને શુક્રવારના રોજ મેઘપર ઝાલા મુકામે સવારે ૯થી ૧૧ રાખેલ છે.

**જેતપુર:** જેતપુર નિવાસ છગનભાઈ ડાયાભાઈ ગજેરા તે દેવુબેનના પતિ, ડો. મનસુખભાઈ (એમ.સી. ગજેરા)ના પિતા, ડો. ધર્મિષ્ઠાબેન (સ્મિત ડેન્ટલ જેતપુર)ના સસરા, દેવાંશુ અને સ્મિતના દાદાનું તા.૨૦ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૩ના રોજ સાંજે ૪થી ૬, રોટરી હોલ, જુનાગઢ રોડ, જેતપુર રાખેલ છે.

**રાજકોટ:** કુંદનબેન શાંતિલાલ વિરાણી (ઉ.૮૫) કસાલા (સુદાન), હાલ રાજકોટ તેઓ ચંદ્રેશભાઈ, સંજીવભાઈ, વર્ષાબેન જીતુભાઈ શેઠના માતુશ્રી તા.૨૦ને સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે તેઓનું ઉઠમણું તા.૨૩ના સવારે ૧૦ વાગ્યે સદરના ઉપાશ્રય, મોટી ટાંકી ચોક રાજકોટ રાખેલ છે.

**વેરાવળ:** ઔ.ગઢીયા મહાનક્ષેત્રા વિભાગના સિમાર ગામ નિવાસી હરસુખલાલ જાદવજી જોષી (ઉ.૯૭) તે જયશ્રીબેન નટવરલાલ મહેતા (કેશોદ) રંજનબેન વાસુદેવભાઈ પંડયા (કોડીનાર), રશ્મીબેન યોગેશભાઈ જોષી (વેરાવળ), દક્ષાબેન પરેશભાઈ પંડયા (વેરાવળ)ના પિતાશ્રીનું તા.૨૧ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૨૩ના સાંજે ૪થી ૬ યોગેશ એમ. જોષી (ટીવી-૯) ભકિતયોગ, કનૈયા ડેરી નજીક, ઓકિનાવા શોરૂમ પાછળ વેરાવળ રાખેલ છે.

**રાજકોટ:** ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ. રસીકલાલ લક્ષ્મીશંકર જોષીના પત્ની મધુકાન્તા રસીકલાલ જોષી (ઉ.૮૮) તે દિનેશચંદ્ર લક્ષ્મીશંકર જોષીના ભાભી, નરેન્દ્રભાઈ, ભવનેશના માતુશ્રી, હર્ષાબેન, કુંદનબેનના સાસુ, ધવલ, કેવલ, દેવયાની, ધનંજયના દાદી, હીરલના દાદીજી, સ્વ. ભુપેન્દ્રભાઈ ભાઈશંકર વ્યાસના બેનનું તા.૨૧ના અવસાન થયું છે. બેસણુ તથા પીયર પક્ષની સાદડી તા.૨૩ના રોજ શકિત માતાનું મંદિર, ગરબી ચોક, ઉદયનગર, મવડી પ્લોટ ખાતે સાંજે ૫-૩૦ ૬-૩૦ કલાકે રાખેલ છે.

રાજકોટ : ગોંડલ નિવાસી હાલ રાજકોટ લુહાર પ્રભુદાસ ભગવાનજી સિધ્ધપુરા ના પત્ની પન્નાબેન, (ઉ.વ.૬૧) તા : ૧૯ ને, રવિવારે શ્રીજીચરણ પામેલ છે તે જીજ્ઞેશભાઈ, આરતીબેન તથા વિલાસબેન ના માતા તેમજ તથા ભાવેશકુમાર તથા દિલીપ કુમારના સાસુ થાય તેમનું બેસણું, તારીખ : ૨૩ ને ગુરુવારે, સાંજે ૫ થી ૭ છત્રપતિ શિવાજી ટાઉનશિપ રેલનગર ખાતે રાખેલ છે.




૧૧મી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી

સ્વ. હંસાગોરી આર. કણજારા (વડીયાવાળા)

સંજય જવેલર્સ - રાજકોટ

સ્વ. તા. ૨૨-૦૫-૨૦૧૩

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી, પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા પરમ ભગવદીય વૈષ્ણવને ઠાકોરજી તેના ચરણમાં રાખે એ જ પ્રાર્થના...

લી.

રમણીકલાલ એસ. કણજારા, ધીરેન એસ. કણજારા, દિવ્યાબેન એસ. કણજારા, યોગેશ આર. કણજારા, બીન્દુબેન વાય. કણજારા

સંજય આર. કણજારા, નીલમબેન એસ. કણજારા, ધર્મજીત એસ. કણજારા, યુવિકા, દયાના, જીયા

મો. ૯૪૦૯૭ ૩૯૧૨૮


# પાલીતાણામાં સાદવીજી શ્રી દક્ષયેશાશ્રીજી મ. કાળધર્મ પામ્યા



રાજકોટ તા.૨૨

પાલીતાણામાં શાસન સમ્રાટ સમુદાયના પૂ. સાધ્વીજી ભગવંત શ્રી દક્ષયેશાશ્રીજી મહારાજ તા.૨૧ના રાત્રે ૯.૩૮ કલાકે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતા કાળધર્મ પામેલ છે.

આજે સવારે પાલખીયાત્રા નીકળી હતી અને તેમના પાર્થિવ દેહની અંતિમવિધિ કરાઈ હતી.

# સ્વ.ગિરીશભાઈ ઉદાણીનું નિધન થતા પરિવાર દ્વારા ચક્ષુદાન કરાયું



રાજકોટ,તા.૨૨

જૈન પરિવારનાં સ્વ.ગીરીશભાઈ ઉદાણીનું અવસાન થતાં તેના પુત્ર જે.એસ.જી.રાજકોટ રોયલનાં પ્રમુખ તથા પુત્રી ડોલીબેન કૌશિકભાઈ શાહની સહમતીથી પરિવાર દ્વારા ચક્ષુદાન કરવાનો પ્રેરણાદાયી નિર્ણય કરી ચક્ષુદાન માટે જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટ.ફેડરેશનનાં આશ્રય કમિટી ચેરમેન ઉપેનભાઈ મોદી તથા વિવેકાનંદ યુથ કલબનાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને કન્વીનર અનુપમભાઈ દોશી દ્વારા કરવામાં આવેલ.ચક્ષુનું દાન ડો.ધર્મેશભાઈ શાહ દ્વારા સ્વીકારવામાં આવેલ.ઉદાણી પરિવાર દ્વારા ચક્ષુદાન કરી બે દ્રષ્ટિહીન બાંધવને દ્રષ્ટિ દાન આપ્યું ડો.ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ.બંન્ને સંસ્થાઓનું ૧૦૮મું ચક્ષુદાન છે.

રાજકોટ વિપશ્યનાના આચાર્ય

# સ્વ.ચંદુભાઈ મહેતાનું નિધન થતા પરિવાર દ્વારા ચક્ષુદાન

રાજકોટ તા.૨૨

રાજકોટ વિપશ્યનાનાં આચાર્ય સ્વ. ચંદુલાલ ગીરધરલાલ મહેતાનું અવસાન થતાં તેમના પુત્રો હરેન્દ્રભાઈ, ધર્મેશભાઈ અને પુત્રી જયોતિબેન ભાણશાલી અને પરિવારજનોની સહમતીથી અને જે.એસ.જી. રાજકોટનાં પૂર્વ પ્રમુખ, ડો. દીપકભાઈ મહેતાના પ્રયાસથી ચક્ષુદાનનો નિર્ણય કરી બે દ્રષ્ટિહીન વ્યકિતને દ્રષ્ટિદાન આપવાનો પ્રેરણાદાયી નિર્ણય કરેલ. અને તેના ચક્ષુનું દાન જૈન સોશિયલ ગ્રુપની આશ્રય કમિટીના ચેરમેન ઉપેનભાઈ મોદી અને વિવેકાનંદ યુથ કલબનાં માર્ગદર્શક મુકેશભાઈ દોશી અને અનુપમભાઈ દોશી દ્વારા કરવામાં આવ્યું. મહેતા પરિવારે માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડેલ છે. ડો. ધર્મેશ શાહ દ્વારા ચક્ષુનો સ્વીકાર કરેલ. બન્ને સંસ્થાઓનું ૧૦૭મું ચક્ષુદાન છે.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાન: સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોન: ન્યુઝ રૂમ: ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબર: ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશન: ૨૪૭૩૯૧૮, ફેક્સ: ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ક્રાઈમ બ્રાન્ચની ફંટરો પર ધોંસઃ બે દરોડામાં સ્ક્રેપનો ધંધાર્થી અને વેપારી ઝડપાયોઃ બુકીનું નામ ખુલ્યું

## રણછોડનગરમાંથી સ્ક્રેપનો ધંધાર્થી વિપુલ શિયાણી લાઈનમાં કપાત કરાવી સટ્ટો રમતો 'તોઃ જ્યારે ગંગોત્રી પાર્ક મેઈન રોડથી વેપારી અશોક કોટડીયા આઈડી પર જુગાર રમતો ઝડપાયોઃ બુકી તુષાર કાંજીયાની શોધખોળ

રાજકોટ. તા.૨૨

આઈપીએલ સીઝન દરમિયાન શહેરમાં કોઈપણ ભોગે શહેરમાં ક્રિકેટ સટ્ટો રમવા ન દેવાં ક્રાઈમ બ્રાન્ચે નેમ લીધી હોય તેમ અવિરત દરોડા પાડી ફંટરો અને બુકીઓને પકડી રહી છે.

ત્યારે વધું બે દરોડા પાડી રણછોડનગરમાંથી સ્ક્રેપનો ધંધાર્થી વિપુલ શિયાણી અને ગંગોત્રી પાર્ક મેઈન રોડથી વેપારી અશોક કોટડીયાને ક્રિકેટ સટ્ટો રમતા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.હુણ ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ અમિત અગ્રાવતને રણછોડનગર સી.એમ. મોટર ગેરેજ પાસે જાહેરમાં રોડ ઉપર એક શખ્સ પોતાની પાસેના ફોનમાં ક્રીકેટ સેસન ઉપર ડબ્બાનો જુગાર રમી કપાત કરાવે છે તેવી ચોકકસ બાતમીના આધારે દરોડો પાડી એક શખ્સ મોબાઇલ ફોન ઉપર લાઇવ ક્રીકેટ જોઇને તેના ઉપર સટ્ટો રમી રમાડતો જોવામાં આવતા તેની અટક કરી તેનું નામ પૂછતાં વિપુલ ભુપત શીયાણી (ઉ.વ.૪૦),(રહે. ગુંદાવાડી શેરી નં.૨૦, ચોરાની બાજુની શેરી) જણાવ્યું હતું. તેની પાસે રહેલ મોબાઈલમાં તપાસ કરતાં તેમાં ક્રિકેટ લાઇવ લાઈન નામની એપમાં આઈપીએલની સીરિઝમાં કોલકતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝ હૈદરાબાદ વચ્ચે ચાલતી લાઇવ ટી-૨૦ ક્રિકેટ મેચનો સ્કોર જોઇ બીજા ફોનથી રન ફેર ઉપર પૈસાની કપાત કરાવી જુગાર રમી રમાડતો હોવાનું સામે આવતાં તેની ધરપકડ કરી હતી.

જ્યારે તેની પાસે રહેલ મોબાઈલમાં જોતા ઉપરની લાઇનમાં મો.નં.૮૨૩૮૪૨૨૬૩૧ વાળા પાસે ક્રીકેટના સટ્ટાની કપાત કરાવતો હોવાની કબુલાત આપતા મોબાઈલ નંબરના આધારે તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજા દરોડામાં ક્રાઇમ બ્રાન્ચના કોન્સ્ટેબલ નગીનભાઇ ડાંગર અને વાલજીભાઈ જાડા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતાં ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે ગંગોત્રી પાર્ક મેઇન રોડ શ્યામલ એપાર્ટમેન્ટ પાસે જાહેરમાં ક્રિકેટ સટ્ટો રમતાં અશોક ધનજી કોટડીયા (રહે. રૂષિકેશ સોસાયટી યુનિવર્સિટી રોડ) ની અટક કરી તેના મોબાઈલમાં તપાસ કરતાં ગુગલ ક્રોમ એપમાં ૧૦૦ બેટ નામની આઈ.ડી. ઓપન થયેલ હોય તેમાં હાલમા ચાલી રહેલી યુ.એસ.એ. તથા બાંગ્લાદેશ વચ્ચે ચાલતી લાઇવ ટી-૨૦ ક્રીકેટ મેચનો ઉપર રનફેર અને ઓવર ઉપર હારજીતના અલગ-અલગ સોદાઓ કરી જુગાર રમતો હોવાનું ખુલતાં તેની ધરપકડ કરી હતી.

જ્યારે આરોપીને આઈડી બાબતે પૂછતાં તે આઈડી તેને તુષાર જેન્તી કાંજીયા (રહે.જનકપુરી સોસાયટી, સાધુવાસવાણી રોડ) નું નામ આપતાં ક્રાઇમ બ્રાન્ચે તેની શોધખોળ હાથ ધરી હતી.

# મોરબીના ત્રાજપરના યુવાનના અકસ્માત ઈજાના કેસમાં વ્યાજ સહિત રૂા.૪૦ લાખનું જંગી વળતર મંજુર

રાજકોટ, તા.૨૨

આ અંગેની હકીકત એવી છે કે, તા.૨૮/૧૧/૨૦૧૮ના રોજ મોરબીના ત્રાજપરના યુવાન શની પ્રવિણભાઈ ચૌહાણ પોતાનું બાઈક લઈને જતા હતા ત્યારે પીપળીયા ચાર રસ્તા પાસે મોરબી તાલુકા પોલીસ સ્ટેશન પાસે જીજે - ૧૨-એવાય-૬૪૪૪ નંબરના ડમ્પરે હડફેટે લેતા શનીભાઈને ગંભીર ઈજા થતા સારવારમાં ઓપરેશન કરી જમણો પગ ગોઠણ પાસેથી ઉપરનાં ભાગેથી કાપી નાખવામાં આવેલ. જે અંગેનો કલેઈમ કેસ અરજદારે રાજકોટ ટીબ્યુનલમાં તેમના વકીલ રવિન્દ્ર ગોહેલ તથા સંદિપ રાઠોડ દ્વારા દાખલ કરેલ. અરજદારને ગંભીર ઈજાઓ થતાં નાની ઉંમરમાં જમણો પગ ગોઠણનાં સાંધાનાં ભાગેથી કાપી નાખવામાં આવેલ હોય, અરજદાર મજુરીકામ કરતા હોય, તે ધ્યાનમાં લઈને વકીલે દલીલ કરેલ કે અરજદાર મજુરીકામ કરતા હતા તે શારીરિક શ્રમ આધારીત હતું અને અરજદારને અકસ્માતમાં જે ઈજાઓ થયેલ છે તેનાં કારણે હવે ભવિષ્યમાં કામ કરવામાં તકલીફ ઉભી થશે.



એડવોકેટ રવિન્દ્ર ગોહેલ, સંદિપ રાઠોડ

તેની આવકમાં ૪૦ ટકા પ્રોસ્પેકટીવ આવક (ભવિષ્યની આવકનો વધારો)ની ભવિષ્યની આવકની નુકસાની મળવાપાત્ર છે. સાથે ડોકટરને તપાસવામાં આવેલ તથા સુપ્રીમ કોર્ટનાં જજમેન્ટ રજુ કર્યા હતા. અરજદારના વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રીબ્યુનલે ચુકાદો આપેલ. જેમા શની ચૌહાણના કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂ.૪૦ લાખથી વધારે વળતરની રકમ મંજુર કરવામાં આવેલ હતી. આમ ઉપરોકત કેસમાં અરજદારને આશરે પાંચ વર્ષનાં ટુંકાગાળામાં રાજકોટ ટ્રીબ્યુનલમાં કેસ ચલાવી અરજદારનાં વકીલોએ વળતર અપાવેલ છે. આ કેસમાં અરજદાર વતી રાજકોટના કલેઈમ કેસના નિષ્ણાંત વકીલ રવિન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસ્ટન્ટ તરીકે, દિનેશ ડી. ગોહેલ, જતીન પી. ગોહેલ તથા જયેશ મકવાણા વગેરે રોકાયેલ હતા.

# આવાસનું ક્વાર્ટર ખાલી કરવાનું કહીં ગર્ભવતી પરિણીતાને સાસુ-નણંદે મારમાર્યો

## નાણાવટી ચોક પાસે આરએમસી ક્વાર્ટરનો બનાવઃ ગંભીર રીતે ઘવાયેલ પરિણીતાને સારવારમાં ઝનાના હોસ્પિટલમાં ખસેડાઈઃ યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૨

નાણાવટી ચોક પાસે આરએમસી ક્વાર્ટરમાં આવાસનું ક્વાર્ટર ખાલી કરવાનું કહીં ગર્ભવતી પરિણીતાને સાસુ-નણંદે ઢોર મારમારતાં ગંભીર રીતે ઘવાયેલા ગર્ભવતી પરિણીતાને સારવારમાં ઝનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે નાણાવટી ચોક પાસે આરએમસી ક્વાર્ટરમાં રહેતાં જયોતીબેન જયેશભાઈ મકવાણા (ઉ.વ.૨૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જનકબેન મકવાણા અને કાજલબેનનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓએ પાંચેક મહીના અગાઉ જયેશભાઈ મકવાણા સાથે લગ્ન કરેલ હતાં. હાલ તેઓ સાસુથી અલગ રહે છે અને તેણીને ત્રણ મહીનાનો ગર્ભ છે.

ગઈ કાલે રાત્રીના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ તેણી ઘરે હતી તેના સાસુ ઘરે આવેલા અને તેમની માલીકીના આવાસમા રહેતા હોય જેથી સાસુ જનકબેને કહેલ કે, આ આવાસનુ ક્વાટર મારૂ છે તને ઘણા સમયથી ખાલી કરવાનુ કીધુ છે તો કેમ ખાલી કરતી નથી. જેથી તેમને મારા પતિ તમારા દિકરા રાજસ્થાન ડ્રાઈવીંગ કરવા ગયેલા છે તે આવી જાય ત્યારે ખાલી કરી દેશું જેથી તેણીના સાસુ અને નણંદ કાજલબેન ઊશ્કેરાઈ જતા ગાળો આપી ઝઘડો કરી સાસુએ નજીકમાથી લાકડાનો ધોકો લઈ માથાને ભાગે ઘા ઝીંકી દિધો હતો. તેમજ નણંદે શરીરે તેમજ પેટના ભાગે ગળદા પાટુનો માર મારેલો હતો. તે દરમિયાન તેણીના બહેન હેતલબેન આવી જતા વધુ મારમાથી છોડાવેલ હતા.

દરમિયાન તેણીના સાસુ અને નણંદે કહેલ કે, હવે જો ક્વાર્ટર ખાલી નથી કરેલ તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી જતા રહેલા હતાં. બાદમાં તેઓને ૧૦૮ મારફતે સારવારમાં ઝનાના હોસ્પિટલમા ખસેડેલ હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.

# પડધરીના ફતેપરમાં ઢોર માર મારતા ઘવાયેલા અશ્વિન ગજેરાનું મોત

## મારથી મોત થયું કે, બીજું કોઈ કારણ? મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે ખસેડ્યો

## ઈજા થવાથી મોત થયાનું ખુલશે તો હત્યાનો ગુનો દાખલ થશે, હાલ સારવાર દરમિયાન હાર્ટએટેક આવી ગયાની શંકા

## બે દિવસ પહેલા આડા સંબંધની શંકાએ ફતેપર અને વણપરીના ચાર શખ્સે અશ્વિનને વાડી વિસ્તારમાં લઈ જઈ ધોકા - પાઈપથી માર મારી રાત્રે ૧.૩૦ વાગ્યે તેના ઘરના ડેલા બાહર ફેંકીને જતા રહ્યા હતા

રાજકોટ, તા.૨૨

પડધરીના ફતેપરમાં ઢોર માર મારતા ઘવાયેલા અશ્વિન ગજેરાનું મોત થતા ચકચાર મચી ગઇ છે. મારથી મોત થયું કે, બીજું કોઈ કારણ? તે જાણવા મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે ખસેડાયો હતો. ઇજા થવાથી મોત થયાનું ખુલશે તો હત્યાનો ગુનો દાખલ થશે. હાલ સારવાર દરમિયાન હાર્ટ એટેક આવી ગયાની શંકા છે. બે દિવસ પહેલા આડા સંબંધની શંકાએ ફતેપર અને વણપરીના ચાર શખ્સે અશ્વિનને વાડી વિસ્તારમાં લઈ જઈ ધોકા - પાઈપથી માર મારી રાત્રે ૧.૩૦ વાગ્યે તેના ઘરના ડેલા બહાર ફેંકીને જતા રહ્યા હતા. અશ્વિનને રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવારમાં તેણે દમ તોડી દીધો હતો.

આ અંગે પોલીસ સૂત્રોએ આપેલી વિગત મુજબ, શનિવારે રાત્રે પડધરી તાલુકાના ફતેપર રહેતા અશ્વિન પરસોત્તમ ગજેરા (ઉ.વ.૩૬)ને આડા સંબંધની શંકાએ વાડી વિસ્તારમાં લઈ જઈ ધોકા પાઈપ વડે બેફામ માર મારવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, આરોપીમાં વણપરીના ભરત બાળા અને ફતેપરના અશોક છગન બોરીચા સહિતના ચારેક લોકોના નામ સામે આવ્યા છે. આરોપીઓએ બેફામ માર માર્યા બાદ રાત્રે ૧.૩૦ વાગ્યે અશ્વિનને અર્ધ બેભાન જેવી હાલતમાં તેના ઘરના ડેલા બહાર નાખીને આરોપીઓ જતા રહ્યા હતા. પરિવારજનોને જાણ થતાં અશ્વિનને રાજકોટની દોશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં તે સારવાર હેઠળ હતો. આજે સવારે સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો.



આ અંગે જાણ થતાં પડધરી પીએસઆઇ જી.જે.ઝાલા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યા મુજબ, બનાવ બે દિવસ પહેલાનો છે. જે તે સમયે ડોકટરે ફક્ત પગ ફ્રેક્ચર હોવાનું જણાવેલ. જેથી મૃત્યુ હાર્ટ એટેકથી થયાની શંકા છે. પણ સાચું કારણ પીએમ રિપોર્ટ આવ્યા પછી જ જાણવા મળશે. આ તરફ રૂરલ એલસીબી, એસઓજી સહિતનો સ્ટાફ પણ દોડી ગયો હતો. આરોપીઓને રાઉન્ડઅપ કરવા તજવીજ થઈ હતી. આ તરફ અશ્વિનભાઈના મૃતદેહને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેસવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, મૃતકને મારામારી દરમિયાન સામાન્ય ઇજા થઇ હતી અને પગ ભાંગી ગયો હતો. કોઈ મોટી ઇજા નહોતી. જેથી હાલ ફોરેન્સિક પીએમ કરાવી મૃત્યુનું કારણ ઇજા છે કે પછી અન્ય કોઈ કારણ છે. જો મૃત્યુનું કારણ ઇજા હોવાનું ફોરેન્સિક રિપોર્ટથી માલુમ થશે તો હત્યાનો ગુનો દાખલ થશે.


### બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો

અશ્વિન ગજેરા ખેતી કામ કરતો. તે અપરણિત હતો. તેને બે બહેનો જ્યોતિબેન કિયાડા અને ભાવિષાબેન ભેડેરી છે. બંને બહેનો સાસરે છે. પિતા ૩૩ વર્ષ પહેલાં જ અવસાન પામ્યા હતા. હાલ અશ્વિન માતા સહિતના પરિવારજનો સાથે રહેતો હતો. બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# ફરજ રૂકાવટના ગુન્હામાં શંકાનો લાભ આપી છોડી મુકતી રાજકોટ અદાલત

રાજકોટ, તા.૨૨

ગત તા.૬/૬/૨૧ ના રોજ મુંજકા નર્સરીમાં ફરિયાદી ભારતીબેન ઓગળભાઈ વાળા (રહે. ફોરેસ્ટ કોલોની, સાધુ વાસવાણી રોડ) પોતાની કાયદેસરની ફરજમાં હતા ત્યારે, આરોપી જાનવીબેન મહેશકુમાર અગ્રાવત (રહે. પાટીદાર ચોક, અવધ મકાન, સાધુ વાસવાણી રોડ) કારમાં આવેલ અને રોપા લેવા છે તેમ કહેલ. જેથી ફરિયાદીએ આજે રવિવાર છે. રજા છે. આજે રોપા વિતરણ બંધ છે. તેમ કહેતા છતા પણ આરોપીએ ફરીયાદી સાથે જીભાજોડી કરી ઝપાઝપી કરી, ફરિયાદીને મુંઢ ઈજાઓ કરી કપડા ફાડી નાખી. ફરજમાં રૂકાવટ કરેલ હતી. આ અંગે યુનિ. પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા, આરોપીની અટકાયત કરવામાં આવેલી. કેસ ચાલતા બચાવ પક્ષે રોકાયેલ એડવોકેટે વિગતવાર કરેલી દલીલ, વિવિધ કોર્ટના ચુકાદાઓ ઉપર ધ્યાન દોરતા કોર્ટ દ્વારા આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ રોહીતભાઈ બી. ઘીયા તથા હર્ષ રોહીતભાઈ ઘીયા અને મદદમાં રીધ્ધીબેન ખંધેડીયા રોકાયેલ હતા.



હર્ષ ઘીયા એડવોકેટ


# ઘર કંકાસથી કંટાળી પરિણિતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

## આહિર ચોક પાસે બનેલો બનાવ : ૨૩ વર્ષીય મૃતક બીનુ ગૌતમ મૂળ ઉત્તરપ્રદેશની વતની હતી

રાજકોટ, તા.૨૨

ગૃહ કલેશથી કંટાળી પરિણિતાએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની વિગત મુજબ બીનુબેન ઉમેશભાઈ ગૌતમ (ઉ.વ.૨૩, રહે,નરેન્દ્રનગર શેરી નં.૯ આહિર ચોક) નામની પરિણીતાએ પોતાનાં ઘરે એંગલમાં ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા તેમનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. મૃતક મૂળ ઉતરપ્રદેશના વતની હતા. તેઓ ૧૬ વર્ષથી રાજકોટ રહેતા હતા. મૃતક બે ભાઈ અને ત્રણ બહેનમાં બીજા નંબરના હતાં. બીનુંબેન અને તેનાં પતિ વચ્ચે ઝઘડાઓ હતા. જેથી ઘર કંકાસથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.



# ઉછીનો કજીયો લઈ રૂપિયાની ઉઘરાણી કરી બે શખ્સોએ યુવકને છરીના ઘા ઝીંક્યા

## હસનવાડી શેરીના ખુણાનો બનાવઃ ધર્મેશ રાજાણીને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયોઃ

રાજકોટ, તા.૨૨

હસનવાડી શેરીના ખુણે આવેલ ચાની હોટલે ઉછીનો કજીયો લઇ સાસુએ આપેલા ઉછીના રૂપિયાની ઉઘરાણી કરી જયેશ ઉર્ફે ગટીયો અને તેની સાથેના રવિ ભરવાડે યુવકને છરીનો ઘા ઝીંકી દેતા સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે ભક્તિનગર પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે. બનાવ અંગે સહકાર મેઇન રોડ પર ગુલાબનગર શેરીમાં રહેતા ધર્મેશભાઇ ગીરીશભાઇ રાજાણી (ઉ.વ. ૨૬)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે જયેશ ઉર્ફે ગટીયો અને રવિ ભરવાડનું નામ આપતા ભક્તિનગર પોલીસે આઇપીસી ૩૨૩, ૩૨૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે તે તેના મોટાબાપુ સાથે રહે છે અને શ્યામ હોલ પાસે આવેલ વોટર પ્લાન્ટમાં નોકરી કરે છે. ગઇ રાત્રે ૨ વાગ્યાની આસપાસ બોલબાલા માર્ગ, હસનવાડી-૪ના ખુણે જયમાડી હોટલે તેના મિત્રો સાથે ચા-પાણી પીવા માટે બેઠા હતા અને બાજુના ખાટલામાં જયેશ ઉર્ફે ગટીયો અને રવિ ભરવાડ બેઠેલ હતા. આરોપી જયેશના સાસુ તેમની પાસે રૂપિયા માંગતા હોય જે રૂપિયાની જયેશે ઉઘરાણી કરતા તેને કહેલ કે મારે તારા સાસુને રૂપિયા દેવાના છે. તેમ કહેતા બંને શખ્સોએ ગાળો આપી જયેશે છરી કાઢી અને રવિ ભરવાડે જયેશના હાથમાંથી છરી લઇ પેટના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. જેથી તેઓ નીચે પટકાયા હતા. બાદમાં બનાવ સ્થળે લોકોના ટોળા એકઠા થઇ જતાં આરોપીઓ નાસી છૂટયા હતા. બાદમાં ઇજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખાનગી હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગેની ફરિયાદ પરથી ભક્તિનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રોગતિમાન કર્યા હતા.

# મોજશોખ માટે પૈસા ખુટતા ત્રણ મિત્રએ મળી દ્વારકેશ પાર્કમાં આવેલ એજન્સીમાંથી એક હજાર પેટી સોડા બોટલની ચોરી કરી'તી

## યુનિવર્સિટી પોલીસે ગણતરીની કલાકોમાં જ ચોરીનો ભેદ ઉકેલી ક્રિશ જોશી, ભાવિક રાઠોડ અને વિદ્યાર્થી સાગર બીકેની ધરપકડ કરી, ચોરી કરેલ સોડા બોટલ સહિતનો રૂા.૨.૬૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા.૨૨

દ્વારકેશ પાર્કમાં આવેલ દાવત સોડાની એજન્સીમાંથી સોડા બોટલની એક હજાર પેટીઓ ચોરીના બનાવમાં યુનિ. પોલીસે ગણતરીની કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી ત્રણ શખ્સોને દબોચી તમામ મુદામાલ કબ્જે કર્યો હતો. ત્રણેય મિત્રોએ મોજશોખ પુરા કરવા માટે રૂપિયા ખુંટતા ચોરી કર્યાની કબુલાત આપી હતી.

બનાવ અંગે લક્ષ્મીનગર મેઇન રોડ પર નંદકિશોર સોસાયટીમાં રહેતા અજય નરશીભાઇ ભેંસાણીયા (ઉ.વ. ૨૮)એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તે છેલ્લા ત્રણ મહિનાથી રૈયા રોડ ગ્રીન સીટી રોડ પર દ્વારકેશ પાર્કમાં દ્વારકાધિશ સેલ્સ નામે દાવત સોડાની એજન્સી ચલાવે છે. ગઇ તા.૭ના એજન્સીમાં રાખેલ સોડા બોટલની ૧૮૦૦ પેટીઓ જે જગ્યાએ જોતા તે માલ ઓછો લાગતા ચોરી થયાની શંકા ગઇ હતી. જેથી માલની ગણતરી કરતા કુલ ૧૮૦૦ સોડાની પેટીઓમાંથી અલગ-અલગ ફ્લેવરની સોડાઓની પેટી મળી કુલ ૧૦૦૦ પેટીઓ ઓછી જોવા મળતા જેથી કુલ રૂા.૨.૪૨ લાખની સોડા બોટલ કોઇ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવી હતી.



બનાવ અંગેની ફરિયાદ પરથી યુનિ. પોલીસ મથકના પીઆઇ એન.આઇ. રાઠોડની રાહબરીમાં પીએસઆઇ બી.આર. ભરવાડ અને ટીમે તપાસ આદરી હતી. ત્યારે ગણતરીની કલાકોમાં જ હેડ કોન્સ. રઘુવીરસિંહ વાળા, મહેન્દ્રસિંહ ડોડીયા સહિતના સ્ટાફે ચોરીનો ભેદ ઉકેલી ક્રિશ અલ્પેશ જોશી (રહે. અંજની પાર્ક શેરી નં.૪, ગાંધીગ્રામ), ભાવિક દિનેશ રાઠોડ (રહે. કુવાડવા રોડ, ડી-માર્ટવાળી શેરી, સીટી સેલેનીયમ એપા.) અને સાગર ધ્રુવ બીકે (રહે. લક્ષ્મીનગર નાલાપાસે)ને દબોચી ચોરી કરેલ દાવત સોડાની એક હજાર પેટીઓ સહિતનો રૂા.૨.૬૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. વધુમાં પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર ક્રિશ પણ લક્ષ્મીનગરમાં દાવત સોડાની એજન્સી ધરાવે છે અને ભાવિક તેની સાથે કામ કરે છે. જયારે સાગર હાલ બીસીએનો અભ્યાસ કરે છે. ત્રણેય મિત્રોના મોજ-શોખ માટે રૂપિયા ખુંટતા સાથે મળી ચોરીનો પ્લાન ઘડી અંજામ આપ્યો હતો. તેમજ ક્રિશ અવાર-નવાર સોડાનો માલ લેવા માટે ફરિયાદીના ગોડાઉને જતો હોય જેથી તે બનાવ સ્થળથી પરિચિત હતો.

# બપોરે ૧.૩૦થી સાંજે ૪.૩૦ સુધી ટ્રાફિક પોલીસના કર્મીઓને ફરજમાંથી મુકિત

## ગરમીનો પારો આસમાને પહોંચતા નિર્ણય લેવાયો

રાજકોટ, તા.૨૨

વર્તમાન ગરમીને લઈને તંત્ર દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, અને લોકોને પણ કામ સિવાય ઘરની બહાર ન નીકળવા સલાહ આપવામાં આવી છે. દિવસે ને દિવસે ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. ત્યારે આવી અસહ્ય ગરમીને ધ્યાને લઈને રાજકોટ ટ્રાફિક ડીસીપી પૂજા યાદવ દ્વારા ટ્રાફિક પોલીસમાં ફરજ બજાવતા કર્મચારીઓના આરોગ્યને ધ્યાને લઈને સમય અને શિફ્ટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં શહેરના તમામ ટ્રાફિક પોઈન્ટ ટ્રાફીક સ્ટાફને બપોરે ૧.૩૦થી સાંજે ૪.૩૦ સુધી ફરજમાંથી મુક્તિ આપવામાં આવી છે. શિફ્ટના સમયમાં ફેરફાર કરી સવારે ૭ થી બપોરે ૧:૩૦ અને સાંજે ૫ થી રાત્રિના ૧૨ સુધીનો સમય કરવામાં આવ્યો છે.

## અવસાન નોંધ

**રાજકોટઃ** સ્વ. ઉષાબેન ભુપેન્દ્રભાઈ રાજપરા (ઉ.વર્ષ ૬૭) તે અર્પિત, સુનિલ તથા વિનયના માતુશ્રી તથા હર્ષદભાઈ, ઉમેશભાઈ રાજપરાના ભાભી તા.૨૦/૫/૨૦૨૪ને સોમવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા પ્રાર્થના સભા તા.૨૩/૫/૨૦૨૪ને ગુરૂવારના રોજ સાંજે ૫થી ૭ કલાકે રાખેલ છે. સ્થળઃ કલબ હાઉસ, કોપર સીટી પ્લસ, વાંકાનેર સોસાયટીની સામે, જામનગર રોડ, રાજકોટ. અર્પિતઃ ૯૮૨૪૨ ૮૯૦૮૩, સુનિલઃ ૯૮૨૪૮ ૩૬૫૫૦, વિનયઃ ૯૮૨૪૯ ૬૭૯૯૮.

**રાજકોટઃ** ગૌ.વા.કુમનદાસ નરભેરામભાઈ રાણપરા (ઉ.વ.૬૫) તે ગૌ.વા.સોની નરભેરામભાઈ છગનલાલ રાણપરા (ટંકારાવાળા)ના પુત્ર, કલ્પેશભાઈ, બંસીભાઈ, જીજ્ઞાસાબેનના પિતાશ્રી ગૌ.વા.કિશોરભાઈ અરવિંદભાઈ, સ્વ.મંગળાબેન, રંજનબેનના ભાઈ તેમજ સોની મણિલાલ લાલજીભાઈ આડેસરાના જમાઈ તા.૨૧ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.બંને પક્ષનું બેસણું તા.૨૩ને ગુરૂવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે સોની સમાજની વાડી યુનિટ નં.૧ ખીજડા શેરી, કોઠારીયા નાકા, રાજકોટ ખાતે રાખેલ છે.અરવિંદભાઈ રાણપરા મો.૯૮૨૪૨ ૨૩૮૪૦

**રાજકોટઃ** સ્વર્ગસ્થ શાંતિલાલ દેવચંદ મહેતા (ટંકારાવાળા)ના સુપુત્ર તે જે સ્વ.ચંદુભાઇ, સ્વ:ગુણવંતભાઇ અને દિપકભાઈના ભાઈ જે અલકાબેનના પતિ તથા હીરાચંદ કરમચંદ વોરાના જમાઈ (જેતપુર) અને જાગૃતિબેન ભાવેશભાઇ ગાંધી, ધારિણિબેન શૈલેષભાઈ શાહ, હેમાબેન અજયભાઈ ભણશાલી અને નિલાબેન કિલ્લોભાઈ ખજુરીયાના પિતાશ્રી સ્વ.દલીચંદભાઇ શાંતિલાલ મહેતા ઉમર વષે ૮૪, તા.૨૧ના રોજ અરિહંત શરણ પામેલ છે.તેમનુ ઉઠમણુ તા.૨૩ ગુરૂવાર ના સવારે ૧૦: ૦૦ કલાકે પારસધામ દહેરાસરે રાખેલ છે. કાલાવાડ રોડ, રાજકોટ લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. મથુરદાસ વનમાળીદાસ પારેખ (વાવડીવાળા)ના પત્ની ગં.સ્વ. કંચનબેન (ઉ.૮૯) તે સ્વ. દિનેશભાઈ, સ્વ.દીપકભાઈ, ભાગ્યેશભાઈ તથા મનોજભાઈના માતુશ્રી તેમજ સ્વ. ચમનલાલ કાનજીભાઈ કાટડીયાની પુત્રી મંગળવાર તા.૨૧/૫/૨૪ ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષનું બેસણું તા.૨૩ને ગુરૂવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ કલાકે શ્રી વાઘેશ્વરી વાડી, યુનિટ નં.૪, રામનાથપરા, રાજકોટ ખાતે રાખેલ છે. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. ભાગ્યેશભાઈ મથુરદાસ પારેખ- ૯૯૯૮૯ ૦૫૨૯૬

# પાલતું બિલાડીનું મોત થતા આઘાતમાં માંગરોળની ૨૨ વર્ષિય યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

## ફાતિમા શેખે રસોડાની છતમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો

રાજકોટ, તા.૨૨

માંગરોળની ૨૨ વર્ષિય યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

બનાવની વિગત મુજબ ફાતિમા ઇસ્માઇલ શેખ (ઉ.વ.૨૨, રહે. બાગી રહેમત રાઠોડ ફળિયા જુના મસ્જિદ રોડ માંગરોળ, જિ.જુનાગઢ) ગત તા.૧૮/૫/૨૦૨૪ ના રોજ પોતાનાં ઘરે હતી ત્યારે પોતાનાં ઘરનાં રસોડાની છતમાં દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ લેતા પ્રથમ સારવાર માંગરોળ સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. બાદ વધુ સારવાર અર્થે જુનાગઢ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી. જ્યાં ગઈ કાલ રાત્રીના સારવારમાં દમ તોડી દીધો હતો. મૃતકે બિલાડી પાળેલ હતી. જેનું મોત નિપજતા ફાતિમાને આઘાત લાગ્યો હતો. તેણી ૧૫ દિવસ પહેલાં લગ્નમાં ગઈ હતી. લગ્નમાંથી આવ્યા બાદ માનસીક અસ્વસ્થ થઈ ગઈ હતી. બાદ યુવતીએ આ પગલું ભર્યું હતું. તેણી બે ભાઈ અને બે બહેનમાં બીજા નંબરની હતી.

# સરધાર ગામમાં તળાવમાં ન્હાવા પડેલો ૮ વર્ષનો બાળક પાણીમાં ગરકાવ થયોઃ મોત

## મધ્યપ્રદેશનો આદિવાસી પરીવાર ખેતમજૂરી કરવા આવ્યો હતોઃ પડોસના છોકરાઓ સાથે અનિલ ભુરિયા ન્હાવા ગયો ત્યારે દુર્ઘટના ઘટીઃ શ્રમિક પરીવારમાં કાળો કલ્પાંત

રાજકોટ. તા.૨૨

સરધાર ગામમાં તળાવમાં ન્હાવા પડેલો ૮ વર્ષનો બાળક પાણીમાં ગરકાવ થતાં બાળકનું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવથી પરીવાર સાથે ગ્રામજનોમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસ દોડી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટની ભાગોળે આવેલ સરધાર ગામની સીમમાં ખેડૂત બળવંતભાઈની વાડીએ રહેતાં વેરસિંગ ભુરિયાનો આઠ વર્ષનો પુત્ર અનિલ ગઈકાલે બપોરે એક વાગ્યાની આસપાસ ગામની નજીક આવેલ ગ્રામ પંચાયતના તળાવમાં ન્હાવા માટે પાડોસના છોકરાઓ સાથે ગયો હતો. જ્યાં તે ઊંડા પાણીમાં ગરકાવ થયો હતો. બાદમાં તેમની સાથે રહેલ અન્ય છોકરાઓએ તેના પરિવારને જાણ કરતાં પરિવારજનો અને ગ્રામજનો તળાવ પાસે દોડી ગયાં હતાં અને તળાવમાંથી બાળકને બેભાન હાલતમાં શોધી કાઢી ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ની ટીમે બાળકને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં આજીડેમ પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક બાળકનો પરીવાર ખેત મજૂરી કરવાં અહીં આવ્યો હતો. તે ત્રણ ભાઈ - બે બહેનમાં નાનો હતો. બનાવથી શ્રમિક પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# સાંઢીયા પુલ તોડવાનું પણ શરૂ : બે વર્ષ સુધી વાહન ચાલકો હેરાન થશે

રાજકોટ, તા. ૨૨

જામનગર રોડથી રાજકોટને જોડતા દાયકાઓ જુના સાંઢીયા પુલને તોડી નવો ફોરટ્રેક પુલ બનાવવાનો પ્રોજેકટ આજથી મનપાએ ઓન રોડ હાથ પર લીધો છે. હાઇવેને જોડતો આ પુલ આજે પોલીસે વાહન વ્યવહાર માટે બંધ કરાવ્યો હતો, તો કોર્પો. વતી રેલવેના કોન્ટ્રાકટરે રેલનગર તરફના ખુણે પુલ તોડવા માટે રોડ ઉખેડવાનું કામ શરૂ કર્યુ છે. ટેન્ડરની શરતો મુજબ બે વર્ષમાં આ નવો પુલ બનાવીને તૈયાર કરવાનો થાય છે જે જોતા જુન-૨૦૨૬ આસપાસ આ પુલ વાહન વ્યવહાર માટે ફરી શરૂ થઇ શકે તેમ છે.

રાજકોટનો આ સાંઢીયા પુલ વર્ષોથી જામનગર રોડ તરફથી અવરજવર માટે કાયમી માર્ગ બન્યો હતો. મહાપાલિકાના અસ્તિત્વ પહેલા રાજય સરકારે આ પુલનું નિર્માણ કર્યુ હતું. થોડા સમય પહેલા મોરબીમાં ઝુલતા પુલની દુર્ઘટના બની તે બાદ સરકારે રાજયના તમામ જુના પુલનો સર્વે કરવા આદેશ આપ્યો હતો. આ ચકાસણીમાં સાંઢીયા પુલ ખુબ જુનો થઇ ગયાનો અને ભારે વાહનોની અવરજવર માટે સલામત નહીં હોવાનો રીપોર્ટ આપવામાં આવ્યો હતો. આ બાદ થોડા સમયથી ભારે વાહનોની અવરજવર રોકવા પુલની બંને તરફ એંગલ મુકી દેવામાં આવ્યા છે. ગઇકાલ સુધી ટુ, થ્રી અને કાર જેવા ફોર વ્હીલર જ



જામનગર રોડથી રાજકોટ તરફ આવતા વર્ષો જુના સાંઢીયા પુલને પોલીસના જાહેરનામાથી બંધ કરવામાં આવ્યા બાદ મહાપાલિકા દ્વારા આજથી દાયકાઓ જુના આ પુલને તોડવાનું પણ શરૂ કરાયું છે. પુલ પરના એક છેડે આ રીતે સૌ પહેલા જેસીબીથી ડામર રોડ ઉખેડવાનું કામ હાથ પર લેવાયું હતું. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

## કુલ ૬૩ કરોડનો પ્રોજેકટ : જુનો બ્રીજ તોડીને નવો બનાવવાની રાજકોટની સૌપ્રથમ યોજના : રેલનગર તરફ પુલનો રોડ ઉખેડવાનું કામ હાથ પર લેવાયું : સેન્ટ્રલ સ્પાન તોડવાની મંજૂરીની રાહ

અવરજવર કરતા હતા. આજે પોલીસ કમિશનરના જાહેરનામાથી પુલ બંધ કરાયો છે. નવા બ્રીજનું નિર્માણ થાય ત્યાં સુધી આ પુલ બંધ રહેશે તેવું જાહેર કરાયું છે.

મનપાએ રેલવેમાં જુદા જુદા ચાર્જ સહિત ૬૩ કરોડ જેવી રકમ જમા કરાવી છે. ભોમેશ્વર તરફના રસ્તે ડાયવર્ઝન બનાવીને વાહન વ્યવહાર માટે રસ્તો કાઢયો છે. જોકે હજુ પુલની વચ્ચે રેલવેના પાટા ઉપર આવતો ભાગ તોડવાની મંજૂરી રેલવેએ આપી નથી. આથી પુલના રેલનગરના ખુણા તરફના રસ્તે પુલ પરનો ડામર રોડ તોડવાનું શરૂ કરાયું છે. હવે આ પુલ પરથી વાહનો પસાર થવાના નથી. આથી મનપા સલામતીના પગલા લઇને આ પુલ તોડાવી રહી છે.

પુલ તોડવાનું કામ સમયસર થાય તો ત્રણેક મહિનામાં પુલ તોડી શકાય તેમ છે. ત્યાં સુધીમાં રેલવેની મંજુરી આવી જવાની પણ આશા છે. રાજકોટમાં કોઇ જુનો પુલ તોડીને ઓવરબ્રીજ બનતો હોય તેવો આ પ્રથમ પ્રોજેકટ છે. સૌ પહેલા ડાયમંડ કટર સહિતના સાધનો વડે જુનો પુલ તોડવાનુ કામ શરૂ કરાશે તે બાદ નવો પુલ બનાવવામાં આવશે. આ કારણે આ કામના ટેન્ડરની મુદ્દત ૨૪ મહિના રાખવામાં આવી છે. સિવિલ હોસ્પિટલ સાઇટથી માધાપર તરફ ફોરલેન બ્રીજ બનવાનો છે. જેની પહોળાઇ ૧૬ મીટર રહેશે. ચોમાસા સિવાયના બે વર્ષમાં આ કામ એજન્સીએ કરીને આપવાનું છે. બ્રીજ માટે ૨૨ એલીવેટેડ સ્પાનનો ઉપયોગ કરવામાં આવનાર છે. બ્રીજ પર સેન્ટ્રલ સ્પાન ૩૬ મીટરનો છે. સિવિલ હોસ્પિટલ સાઇડ ૨૯૮ મીટર અને માધાપર સાઇડ ૨૬૮ મીટરમાં બ્રીજનું કામ કરવાની ડિઝાઇન બનાવવામાં આવી છે. સલામતીના કારણો ધ્યાને લેતા આ બ્રીજ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે માટે મુખ્ય રોડ જેવો સાંઢીયા પુલ બંધ કરવામાં આવતા ઓછામાં ઓછા બે વર્ષ સુધી વાહન ચાલકોને ડાયવર્ઝન સહિતની અગવડો ભોગવવી પડશે તે નકકી છે.

# હવે કારની નવી સિરીઝ એનપી ખૂલશે અને ટુ વ્હીલરની એન.એમ.સિરીઝમાં રિ-ઓકશન

## ગોલ્ડન-સિલ્વર નંબરો મેળવવા માટે ઓનલાઈન અરજી મંગાવતું આર.ટી.ઓ તંત્ર

રાજકોટ,તા.૨૨

મોટરકાર પ્રકારના વાહનો માટે જી.જે.૦૩.એન.પી. સિરીઝના તથા અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન-સિલ્વર નંબરો માટે તા.૨૮/૫ થી ઓકશન શરૂ કરવામાં આવશે, જેમાં ભાગ લેવા ઇચ્છતા વાહન માલિકોએ parivahan.gov.in પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ માટે તા.૨૮/૫ સાંજે ૪ થી તા.૧૦/૬ સાંજે ૪ સુધી ઓનલાઇન એપ્લિકેશન કરવાની રહેશે. તા.૧૦/૦૬/૨૦૨૪ સાંજે ૪ થી તા.૧૨/૦૬/૨૦૨૪ના સાંજે ૪ વાગ્યા સુધી ઓનલાઇન બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા.૧૨/૦૬/૨૦૨૪ના રોજ સાંજે ૪:૧૫ વાગ્યે ઓનલાઇન પરિણામ જાહેર થશે.

ઓનલાઇન ઓક્શનમાં ભાગ લેનાર અરજદારે parivahan.gov.in પર ઓનલાઇન સર્વિસ, fancy number booking પર જઈ, યુઝર આઇડી, પાસવર્ડ તૈયાર કરવાના રહેશે. સી.એન.એ. ફોર્મ ભર્યા બાદ હરાજીની પ્રક્રિયામાં ભાગ લઇ ચુકવણું કરવાનું રહશે અને વાહન નંબર મેળવી હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં નાણાં જમા કરાવવાના રહેશે. આર.ટી.ઓ.કચેરી ખાતેથી અપ્રુવલ લઈ નંબર મેળવવાનો રહેશે. ઓકશનમાં ભાગ લેવા માટે વાહન વેચાણ તારીખથી સાત દિવસ સુધીમાં CNA ફોર્મ ઓનલાઇન ભરેલ હોવું જરૂરી છે તેમજ વાહનનું રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે.



ટુવ્હીલર પ્રકારના વાહનો માટે જીજે-૦૩-એનએમ અગાઉની સીરીઝના બાકી રહેતા ગોલ્ડન તથા સિલ્વર નંબર રી ઈ-ઓકશન શરૂ કરવામાં આવનાર છે.

આ રી ઇ ઓકશન માટે મોટર સાયકલ પ્રકારના વાહનો માટે જીજે-૦૩-એનએમ સીરીઝ પસંદગીના ગોલ્ડન તેમજ સિલ્વર નંબરો મેળવવા માટે તા.૦૧/૦૬/૨૦૨૪ સાંજના ૪ કલાકથી તા.૦૫/૦૬/૨૦૨૪ સાંજનાં ૪ કલાક સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા.૦૫/૦૬/૨૦૨૪ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાક થી તા.૦૭/૦૬/૨૦૨૪ના સાંજના ૦૪:૦૦ કલાક સુધી ઓનલાઈન રી ઈ-ઓકશન ચાલુ રહેશે. જે પુર્ણ થયે તા.૦૭/૦૬/૨૦૨૪ના રોજ સાંજના ૦૪-૧૫ કલાકે કોમ્પ્યુટરાઇઝડ જનરેટેડ પરીણામ પરીવહન સાઇટ પર ઓનલાઇન જોઇ શકાશે.

અરજદારોએ ઓનલાઈન એપ્લિકેશન કરવા માટે parivahan.gov.in વેબસાઇટ પર જઈ ઓનલાઇન સર્વિસ પર ક્લિક કરવું. ત્યારબાદ fancy number booking પર ક્લિક કરીને પબ્લિક યુઝર પર આઈ.ડી. બનાવવાનાંસ રહેશે. અને સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભર્યા બાદ તેમાં પસંદગીનો નંબર સિલેક્ટ કરી ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ હરરાજીમાં ભાગ લઈ શકાશે. ત્યારબાદ પાંચ દિવસમાં હરરાજીની બાકીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ. કચેરીઓથી એપ્રુઅલ લઈ નંબર મેળવી વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ.ફોર્મ ભરવાનું રહેશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ જણાવ્યું છે.

# રાજકોટ લોકસભાની બેઠકની ચૂંટણીમાં ફરજ બજાવનારા ૧૦,૫૦૦ કર્મચારીઓને રૂા.૧.૭૨ કરોડનું મહેનતાણું ચૂકવાયું

## પટ્ટાવાળાના મહેનતાણામાં રૂા.૫૦નો વધારોઃ પ્રિસાઈડીંગ સ્ટાફને રૂા.૩૫૦ લેખે તાલીમ સહિતના દિવસોના ભથ્થા ચૂકવાયાઃ મતગણતરી માટે શુક્રવારે ૬૦૦ કર્મચારીઓને અપાશે ખાસ તાલીમ

રાજકોટ તા.૨૨

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ફરજ બજાવનારા ૧૦,૫૦૦ કર્મચારીઓને રૂા.૧.૭૨ કરોડથી વધુની રકમના મહેનતાણાની ચુકવણી કરી દેવામાં આવી છે.

ચૂંટણીપંચ દ્વારા પોલીંગ સ્ટાફના મહેનતાણા માટે જરૂરી ગ્રાન્ટ ફાળવી દેવાતા રાજકોટ જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા કર્મચારીઓને મહેનતાણાની રકમની ચુકવણી કરી દેવામાં આવી છે. જેમાં બુથવાઈઝ સરેરાશ રૂા.૮૦૦૦ની રકમ ચુકવવામાં આવી છે.

લોકસભાની ચૂંટણીમાં ફરજ બનાવનારા પટ્ટાવાળા કર્મચારીઓના મહેનતાણામાં રૂા.૫૦નો વધારો કરવામાં આવેલ છે. પટ્ટાવાળા કર્મચારી દીઠ રૂા.૧૫૦ના બદલે આ વખતે રૂા.૨૦૦નું મહેનતાણું ચુકવવામાં આવ્યું છે. જયારે પ્રીસાઈડીંગ ઓફીસર દીઠ રૂા.૩૫૦ લેખે તાલીમ સહિતના ભથ્થા ચુકવવામાં આવેલ હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

કર્મચારીઓને ચૂંટણી ફરજના આ મહેનતાણાની રકમ ઓનલાઈન તેના ખાતામાં જમા કરાવી દેવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ચૂંટણીપંચ દ્વારા મંડપ, કેમેરા, ગાદલા-ગોદળા સહિતના અન્ય ખર્ચ ચુકવવાની ગ્રાન્ટ હજુ ફાળવવામાં આવી ન હોય તેનું ચુકવણું વધુ ગ્રાન્ટની ફાળવણી બાદ ચુકવવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મત ગણતરી આગામી તા. ૪ જુનના રોજ કરવામાં આવનાર હોય મતગણતરી માટેના ૬૦૦ જેટલા કર્મચારીઓને જરૂરી ખાસ તાલીમ તા.૨૪ને શુક્રવારના પ્રમુખ સ્વામી ઓડીયોરીયમ ખાતે અધિક કલેકટર (ચૂંટણી) મુછાર દ્વારા તાલીમ આપવામાં આવશે.

# કલેકટરના બોર્ડમાં અપીલના ૩૦ કેસોની સુનાવણી

## શેઢા તકરાર, જમીન પર પેશકદમી સહિતના કેસોનું હિયરીંગ

રાજકોટ તા.૨૨

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે આજે અપીલના કેસોનું ખાસ બોર્ડ કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજીત કરવામાં આવ્યું હતું. જેમા ૩૦ જેટલા કેસોની સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

જેમાં શેઢા તકરાર, જમીન પર પેશકદમી, સહિતના આ બોર્ડમાં મુકાયેલા કેસોનું હીયરીંગ કરવામાં આવેલ હતું કલેકટર પ્રભવ જોશી દ્વારા પક્ષકારોને સાંભળવામાં આવ્યા હતા.

અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર કચેરી ખાતે દર બુધવારે અપીલના કેસોનું આ બોર્ડ આયોજીત કરવામાં આવે છે. લોકસભાની ચૂંટણીના કારણે છેલ્લા દોઢ માસથી આ બોર્ડને બ્રેક લાગી જવા પામી હતી જો કે ગત બુધવારથી કલેકટર જોશી દ્વારા અપીલનું બોર્ડ શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ બોર્ડમાં આજે ૩૦ કેસોનું હિયરીંગ થવા પામેલ હતું જો કે આ કેસોના ચુકાદા અનામત રાખવામાં આવેલ હતા.

# અમદાવાદમાં પણ સ્માર્ટ મીટરનો વિરોધઃ થાળીઓ વગાડી

## વડોદરા, સુરત બાદ અમદાવાદમાં સ્માર્ટ મીટર સામે સુત્રોચ્ચાર

અમદાવાદ તા.૨૨

સમગ્ર ગુજરાતમાં અત્યારે સ્માર્ટ મીટર લગાડવા સામે વિરોધનો સૂર ઉઠી રહ્યો છે ત્યારે વડોદરા, સુરત બાદ અમદાવાદમાં પણ વિરોધ સાથે થાળીઓ વગાડવામાં આવી હતી.

નવા સ્માર્ટ મીટરમાં વધુ બીલ આવતા હોવાની બુમરાણ વચ્ચે સરકારે યુટર્ન લઈ સ્માર્ટ મીટરની સાથે જુના મીટર પણ લગાવવાની વાત કરી હતી ત્યારે અમદાવાદમાં પણ સવારે મીટરનો વિરોધ શરુ થયો છે. શહેરના નરોડા વિસ્તારમાં રહીશોએ એકઠા થઈને થાળીઓ વગાડી સુત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કરી આવા સ્માર્ટ વીજ મીટરને તાત્કાલીક દુર કરવામાં આવે તેવી માંગણી ઉઠાવી છે.

## બળતામાં ઘી હોમાયુંઃ સ્માર્ટ મીટર ફીટ કરતા જ ગ્રાહકને રૂા.૯.૨૪ લાખનાં બિલનો મેસેજ મળ્યોઃ વડોદરાનો બનાવ

વડોદરા,તા.૨૨

સમગ્ર રાજયમાં સ્માર્ટ મીટર લગાડવા સામે જબરો વિરોધ ઉઠી રહ્યો છે.જેમાં ખાસ કરીને વડોદરા શહેરીજનોની સ્માર્ટ મીટરે ઉંઘ હરામ કરી નાખી છે તેવા સમયે વડોદરામાં એક નિયમિત વીજ બીલ ભરપાઈ કરનાર ગ્રાહકને ત્યાં સ્માર્ટ મીટર લાગ્યા બાદ રૂા.૯.૨૪.૨૫૪નું વીજ બિલ આવતા વીજ ગ્રાહકનાં જમીન નીચેથી જમીન સરકી ગઈ હોય તેવો ઘાટ સર્જાયો છે.બળતામાં ઘી હોમાયુ હોય તેમ વડોદરા શહેરનાં ગૌરવા વિસ્તારમાં રિદ્ધી સિદ્ધી સોસાયટીમાં ભાડાના મકાનમાં રહેતા અને સેન્ટ્રલ ગર્વમેન્ટમાં સર્વિસ કરતા મૃત્યુંજય નામના કર્મચારીને ત્યાં



સ્માર્ટ મીટર ફીટ થયા બાદ રૂા.૯.૨૪.૨૫૪ના વીજ બિલનો મોબાઈલ મેસેજ આવ્યા બાદ બીજો મેસેજ દર મહિને (પ્રતિમાસ) રૂા.૫૧૩૪નો હપ્તો ભરવાનો મળતા હોશકોશ ઉડી ગયા હતાં. મોબાઈલમાં આટલી મોટી રકમનો મેસેજ મળતા વેકેશનમાં કલકતા વતન જવાનાં સમયે એમજીવીસીએલ દ્વારા કારણ વગરનો ઝટકો આપતા પરેશાન થયા છે.નવાઈ પમાડે તેવી વાત એ છે કે ગ્રાહક મૃત્યુંજય દર મહિને એવરેજ રૂા.બે હજાર આસપાસનું રેગ્યુલર વીજ બિલ ભરપાઈ કરે છે અગાઉનું કોઈપણ બિલ બાકી નથી તેમ છતાં સ્માર્ટ મીટરની કમાલથી તેમને રૂા.૯.૨૪.૨૫૪ બિલ ભરવાના મેસેજ સાથે દર માસે રૂા.૫૧૩૪નાં ફરિયાદ કરવાની નોબત આવી હતી.વડોદરામાં સ્માર્ટ મીટર લગાડવા સામે વિરોધ થઈ રહ્યો છે ત્યારે સ્માર્ટ મીટરમાં લાખો રૂપિયાનું બિલનાં મેસેજ વિરોધને વધુ બળ મળ્યુ છે.

# રાજયમાં ફરી એર એમ્બ્યુલન્સ શરૂઃ ૧૦૮ પરથી મળશે સેવા

## એક એરપોર્ટથી બીજા એરપોર્ટ ઝડપથી પહોંચી શકાશે

ગાંધીનગર તા.૨૨

રાજ્ય સરકારના સિવિલ એવિએશન વિભાગ દ્વારા એર એમ્બ્યુલન્સ સેવાનો આરંભ કરાયો છે.જેનો લાભ વધુમાં વધુ લોકોને વ્યાજબી ભાવે પ્રાપ્ત થાય તે રીતે આ સેવાને કાર્યરત રાખવાનો સરકારનો ઈરાદો છે.

આ સેવા સિવીલ એવીએશન વિભાગ અને GVK-EMRI દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી રહી છે. આ એર એમ્બ્યુલન્સની સેવાનો લાભ લેવા માટે નાગરીકોએ ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વીસનો સંપર્ક કરવાનો રહે છે.



આ એર એમ્બ્યુલન્સ સર્વિસ બીક ક્રાફટર-૨૦૦ પ્લેનનો ઉપયોગ કરે છે જેમાં ડોક્ટર અને પેરામેડીકલ સ્ટાફ સાથે વેન્ટીલેટર, ડિફિબ્રિલેટર, ઓકિસજન સિલીન્ડર અને ઈસીજી મોનીટર વગેરે જેવા આવશ્યક તબીબી સાધનો પણ ઉપલબ્ધ હોય છે. આ એર એમ્બ્યુલન્સ દ્વારા દર્દીઓને હવે ઝડપથી એક એરપોર્ટથી બીજા એરપોર્ટ પર તુરંત પહોંચાડી શકાય છે. જેથી ક્રિટીકલ કન્ડીશનમાં દર્દીઓને સમયસર ઝડપથી તબીબી સારવાર ઉપલબ્ધ થઈ શકે છે. અત્યાર સુધીમાં ૪૨ એર એમ્બ્યુલન્સ ફલાઈટ સફળતા પૂર્વક ઓપરેટ કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લાનાં તમામ અનાજ અને કઠોળનાં વેપારીઓ માટે પોર્ટલ ઉપર જથ્થો દર્શાવવો ફરજીયાત

## બે દિવસમાં જરૂરી દસ્તાવેજોની નકલ પણ સબમીટ કરવા પૂરવઠા અધિકારીની સુચના

રાજકોટ,તા.૨૨

રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારીએ જિલ્લાનાં અનાજ કઠોળનાં તમામ વેપારીઓને જણાવાયું છે કે નિયામક અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરનાં તા.૩૦/૪/૨૦૨૪ના પત્ર કઠોળ તથા તુવેરદાળ, અડદદાળ તેમજ અન્ય દાળના હોલસેલર, રીટિઈલર, બીગ ચેઈન રીટેઈલર, મિલર્સ, ઈમ્પોર્ટસ વગેરેના વેપારીઓએ સરકારના https://fcainfoweb.nic.in/psp પોર્ટલ પર રજીસ્ટ્રેશન ફરજિયાતપણે કરવું.દર શુક્રવારે વેપારીઓએ તેમની પાસે ઉપલબ્ધ કઠોળ, તુવેરદાળ, અડદદાળના જથ્થાની વિગતો મેટ્રિકટનમાં જાહેર કરવી.તુવેરદાળના વેપારીઓએ જો સહભાગી માલિક છે.તો તેણે નોંધણી પ્રમાણપત્રની નકલ, જો સહભાગી ભાગીદારી પેઢી છે. તો ભાગીદારી ખતની નકલ, જો તે સહકારી મંડળી છે તો સહકારી મંડળીનું નોંધણી પ્રમાણપત્ર જો તે રજિસ્ટર્ડ કંપની છે.તો પછી મેમોરેન્ડમ ઓફ એસોસીયેશન, આર્ટીકલ ઓફ એસોશીયેશન અને સર્ટીફિકેટ ઓફ ઈન્કોર્પોરેશન સબમીટ કરવાનું રહેશે.તેમજ પાનકાર્ડની નકલ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેકસ વિભાગ હેઠળ નોંધણીના પ્રમાણપત્રની નકલ અને પ્રોડકટના ઉત્પાદનનો ઉલ્લેખ કરતી એફએસએસએઆઈ દ્વારા જારી કરાયેલ લાયસન્સની નકલ સબમીટ કરવાની રહેશે.

# ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષાના આવેદનપત્ર હવે તા.૨૩ સુધી સ્વીકારશે શિક્ષણ બોર્ડ

## મુદ્દતમાં એક દિવસનો કરાયો વધારો

રાજકોટ તા.૨૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી ધો.૧૦ અને ૧૨ની પુરક પરીક્ષાના ઓનલાઈન આવેદનપત્ર સ્વીકારવાની મુદત એક દિવસ લંબાવવામાં આવી છે. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા હવે તા.૨૩ના સાંજના ૧૭ કલાક સુધી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના આવેદનપત્ર સ્વીકારવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે માર્ચ ૨૦૨૪માં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષામાં એક, બે અથવા ત્રણ વિષયમાં ગેરહાજર રહેલ હોય અથવા નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

જયારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં એક અથવા બે વિષયમાં ગેરહાજર કે નાપાસ થયેલા હોય તેવા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે. શાળાઓએ બોર્ડની નિયત કરાયેલ વેબસાઈટ પર જરૂરી ફી સાથે આવેદનપત્ર ઓનલાઈન સબમીટ કરાવાનું રહેશે. કન્યા અને દિવ્યાંગ ઉમેદવારોને ફી ભરવામાંથી મુકિત આપવામાં આવી છે. તેમ શિક્ષણ બોર્ડના પરીક્ષા નિયામકે જણાવેલ છે.

# હીટવેવની સ્થિતિમાં મહિલાઓ પર મૃત્યુનુ જોખમ વધુઃ સંશોધન

અમદાવાદ:

રાજ્યભરમાં અત્યારે ગરમીનો પારો આસમાને પહોંચી ગયો છે. તેવામાં હિટવેવ શું જીવલેણ હોય છે એ વિચાર પણ કમકમાટી ભર્યો છે. કારણ કે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લિક હેલ્થ સહિતના ઈન્ટરનેશનલ રિસર્ચરે એક સ્ટડી કેસ બહાર પાડ્યો છે. જેમાં તેમના અભ્યાસ પ્રમાણે જયારે જયારે અમદાવાદમાં ગરમીનું પ્રમાણ ૪૦ ડિગ્રીને પાર પહોંચી જાય છે ત્યારે ત્યારે દૈનિક મૃત્યુદર જે છે તેમાં પણ ૩૦ ટકાનો વધારો થઈ જાય છે.



આ કેસ સ્ટડીમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રેકોર્ડ પર ૨૦૦૨ અને ૨૦૧૮ની વચ્ચે શહેરમાં નોંધાયેલા ૬.૮૪ લાખ મૃત્યુનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાં યુરોપીયન સંસ્થાના હવામાન ડેટાને તાપમાન સાથે સંબંધિત મૃત્યુને એકઠા કરી અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં અમદાવાદ શહેરમાં સરેરાશ દૈનિક મૃત્યુદર ૧ લાખની વસતિએ ૨.૧૯ હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદ શહેરની વાત કરીએ તો તે રાજ્યના અન્ય કેટલાક શહેરોની સાથે ગંભીર હિટવેવનો સામનો કરી રહ્યું છે. આ સિઝનનું સૌથી મહત્તમ તાપમાન ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ગાંધીનગર, કંડલા, અમરેલી અને સુરેન્દ્રનગરમાં પણ મંગળવારે ૪૫ ડિગ્રી પ્લસ તાપમાન નોંધાયું હતું. ભારતીય હવામાન વિભાગ એ શુક્રવાર સુધી હીટવેવ ચાલુ રહેવાની સંભાવના પણ દર્શાવી છે.

કાળઝાળ ગરમીને લીધે મહિલાઓમાં મોતનું જોખમ વધુ

એલસેવિઅેર જરનલ અર્બન કલાઈમેટના એક ડેટા પ્રમાણે તો કાળઝાળ ગરમીની કોઈ ઈવેન્ટ હોય એમા મૃત્યુદરમાં મહિલાઓની સંખ્યા વધુ જોવા મળે છે. અમદાવાદ શહેરના એક કેસ સ્ટડી પર નજર કરીએ તો ૨૦૦૨-૨૦૧૮ વચ્ચે ગરમીના વધતા જતા પ્રમાણને જોઈએ તો મહિલાઓ પર આની ગંભીર અસર પડે છે, મૃત્યુદર મહિલાઓનો વધુ હોય છે.

અમેરિકા, તાઈવાન, સ્વિડન સહિતના નિષ્ણાંતોએ આના પર રિસર્ચ કર્યું હતું. આ દરમિયાન પ્રોફેસર અય્યરે કહ્યું હતું કે આ અભ્યાસ અત્યારે ગરમીના વધતા જતા પ્રમાણની મહિલાઓ પર કેવી અસર થાય છે એ દર્શાવે છે. આખી દુનિયામાં ગરમીનો પારો વધી જતા શું થાય છે એ જાણવું ઘણુ અઘરું છે. આ તમામ એનાલિસિસને જોઈએ તો પછી જેન્ડર બેઝ ડિવાઈડ પણ કરવામાં આવે છે. જેમાં મહિલાઓનું મૃત્યુદર પુરુષો કરતા વધારે હોવાનું સામે આવી રહ્યું છે. જ્યારે તાપમાન ૪૦ને પાર જાય છે તો એવરેજ મૃત્યુદરમાં મહિલાઓની મૃત્યુની સંભાવનાની ટકાવારી વધુ જણાઈ રહી છે. પુરુષોની તુલનામાં તેમના પર વધારે અસર થાય છે.

જો વાર્ષિક આંકડાઓ પર નજર કરીએ તો ૩૦૦થી વધુ લોકો અમદાવાદમાં ગરમીના લીધે મૃત્યુ પામતા હોય છે. એક નિષ્ણાંતે જણાવ્યું કે લોકોને ગરમીના લીધે હૃદય, કિડની પર ગંભીર અસર થતી હોય છે. ઈન્ટરનલ ઓર્ગન ડેમેજ પણ અહીં થતા રહેતા હોય છે. હવે જો આમા વધારો થઈ જાય તો તેમનું મૃત્યુ પણ થઈ શકે છે. ૯૦ ટકા મૃત્યુદર પર નજર કરીએ તો આ જ કારણ રહેલુ હોય છે.

# ચૂંટણી પરિણામ બાદ મંત્રીમંડળ અને સંગઠનમાં નવી ઉથલપાથલ


## જૂનના અંત સુધીમાં ગુજરાતમાં મોટા ફેરફારો: મયંક નાયક, ઋત્વિજ પટેલ, ભરત બોઘરાને નવી જવાબદારી: મોઢવાડીયા, ચાવડાને મંત્રી મંડળમાં સ્થાનની તક

રાજકોટ / ગાંધીનગર,તા.૨૨

લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાં મતદાન પૂર્ણ થઈ ગયું છે. એવામાં નવી રાજકીય ચર્ચાએ જોર પકડ્યું છે. જેમા ગુજરાતમાં સી આર પાટીલ પછી પ્રદેશ પ્રમુખનો તાજ કોના શિરે હશે તે અંગે વાતો ચાલી રહી છે. લોકસભાના પરિણામ બાદ કેન્દ્રમાં નવી સરકારની રચના કરશે જેમાં આ વખતે સી આર પાટીલ દિલ્હી દરબારમાં બેસે તેવી મોટી સંભાવના છે. આ ઉપરાંત ગુજરાતમાં મંત્રીમંડળમાં પણ મોટા પાયે ફેરફારો આવશે તો ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનમાં પણ અનેક બદલાવ આવશે.

પાટિલ પછી કોણ :

જો નવી લોકસભાની રચનામાં સી.આર.પાટીલ દિલ્હી દરબારમાં કેન્દ્રીય કેબિનેટમાં સ્થાન મળે છે તો ગુજરાતમાં તેમના સ્થાને કોણ હશે આ વાતે જોર પકડયું છે. ફરી એક વખત ઈઉંડ ચોંકાવનાર ચહેરો મૂકે તેવી પૂરેપૂરી સંભાવનાઓ દેખાય રહી છે. આ વખતે જાતીય સમીકરણના આધારે ભાજપ કોઈ ઘઈઈ સમાજનો ચહેરો લાવી શકે છે. જો નામની વાત કરવામાં આવે તો દેવુસિંહ ચૌહાણ અને રમીલાબેન બારાનું નામ રેસમાં ચાલી રહ્યું છે. આ બે નામ સિવાય ભાજપના કેટલા સિનિયર નેતાઓના નામ પણ ખુલી શકે છે. ગાંધીનગરના






સૂત્રોના જણાવ્યા મુજબ હાલમાં રાજ્યસભાના સાંસદ તરીકે ચુંટાયા એવા મયંક નાયકનું નામ મોખરે છે. તેઓ પ્રદેશ ભાજપ ઓબીસી મોરચાના પ્રમુખ રહી ચૂક્યા છે. હાલની લોકસભા ચૂંટણીમાં તેઓએ ગાંધીનગર બેઠક પર ઈન્ચાર્જ તરીકે જવાબદારી સંભાળી હતી. તેઓને મહત્વની જવાબદારી અપાશે તેવું માનવામાં આવે છે.

યુવા નેતાઓને સંગઠનમાં સ્થાન :

આ ઉપરાંત પ્રદેશ સંગઠનની વાત કરીએ તો યુવા નેતાઓને મળશે સ્થાન. રાજકોટ જિલ્લા ભાજપ પ્રભારી ધવલ દવેને મહત્વનું સ્થાન મળશે તે નિશ્ચિત છે. ધવલ દવેએ હાલમાં જૂનાગઢમાં યોજાયેલ વડાપ્રધાનની સભામાં ખૂબ પીએમ મોદી પાસેથી પ્રશંસા મેળવી હતી અને આ ઉપરાંત અન્ય રાજ્યોની પણ જવાબદારી સોંપાઈ હતી.

આ સાથે પૂર્વ પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડો.ઋત્વિજ પટેલ અને હાલ પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરત બોઘરા, ભરત ડાંગર સહિતના નેતાઓને મહત્વની જવાબદારી મળશે.

મંત્રીમંડળમાં ફેરફાર થશે, જયેશ રાદડીયાનું કમબેક !

ચૂંટણી પરિણામો બાદ મંત્રીમંડળમાં ફેરફાર નિશ્ચિત માનવામાં આવે છે. લોકસભા સાથે પાંચ વિધાનસભા પર પેટા ચૂંટણી કરવામાં આવી હતી. પેટા ચૂંટણીમાં જીત મળે તો પોરબંદરમાંથી અર્જુન મોઢવાડિયા અને વિજાપુર થી સી.જે.ચાવડા જે કોંગ્રેસ છોડી ભાજપમાંથી ચૂંટણી લડ્યા હતા તેને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવશે. આ ઉપરાંત હાલમાં અનેક મંત્રીઓ બદલાશે. હાલ ઈફકોના ડાયરેક્ટર તરીકે ચૂંટાયેલા સૌરાષ્ટ્રમાં જયેશ રાદડીયાનો સમાવેશ થઈ શકે છે. ભાજપ અન્ય નામ અને ચહેરાઓમાં ગણિત સેટ કરશે. જ્ઞાતિ ગણિત અને પરફોર્મન્સના આધારે નામ નક્કી કરવામાં આવી શકે છે.

ભાજપ હમેશા સરપ્રાઈઝ આપતું હોય છે ત્યારે આગામી સંગઠનની રચના અને મંત્રી મંડળમાં ફેરફાર વખતે ચોંકાવનારા નામ આપે તો નવાઈ નહિ.

# સુપ્રિમકોર્ટે મદ્રાસ હાઈકોર્ટના આદેશને પલ્ટી નાખ્યો: આતંકવાદનાં ૮ આરોપીનાં જામીન રદ કર્યા

નવીદિલ્હી,તા.૨૨

સુપ્રીમ કોર્ટે બુધવારે પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ના ૮ આરોપી સભ્યોના જામીન રદ કર્યા છે.આપી દેવાયું. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બેટા માધુર્ય ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની ડિવિઝન બેન્ચે કહ્યું હતું કે ગુનાની ગંભીરતા અને હકીકત એ છે

સુપ્રિમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પલટાવ્યો છે અને તમામ ૮ આરોપી સભ્યોના જામીન રદ કર્યા છે. આ આઠ પર દેશભરમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ઘડવાનો આરોપ છે. મોદી સરકારે આ સંગઠન પર પ્રતિબંધ મૂક્યો છે. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પલટી નાખ્યો, સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ બેલા માધુર્ય ત્રિવેદી અને જસ્ટિસ પંકજ મિથલની ડિવિઝન બેન્ચે ગુનાની ગંભીરતા

અને હકીકત એ છે કે આ ગુનેગારોએ મહત્તમ સજા તરીકે માત્ર ૧૫ વર્ષ જેલમાં વિતાવ્યા હતા, સુપ્રીમ કોર્ટ આ કેસમાં હાઈકોર્ટના નિર્ણયમાં દખલ કરવા માટે વલણ ધરાવે છે. આ આઠ ગુનેગારોના જામીન સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં, જસ્ટિસ એસએસ સુંદરની ડિવિઝન બેન્ચે મદ્રાસ હાઈકોર્ટે કહ્યુ હતુ કે આ આઠ આરોપીઓ આતંકવાદી સંગઠન સાથે જોડાયેલા હોવાના પુરાવાની ના અભાવે બાસ્કથુલ્લા, ઈદ્રીસ, એમ.એ. અહેમદ ઇદ્રીસ, મોહમ્મદ અબુચદીર, સ્વાલિદ મોહમ્મદ, સૈયદ ઇશાક, ખાજા મોહિદિન, યાસર અરાફાત અને જામીન મંજુર કર્યા હતાં.

### ટી.ટવેન્ટી વર્લ્ડકપ પુર્વે જ મોટો અપસેટ

# અમેરિકાએ બાંગ્લાદેશને ૫ વિકેટે પછાડી ધૂળ ચાટતુ કરી દીધુ

## ૧૫૪ રનનો ટાર્ગેટ અમેરિકાએ ૧૯.૩ ઓવરમા જ હાંસલ કરી લીધો

હ્યુસ્ટન તા.૨૨

ટી ટવેન્ટી ક્રિકેટ વર્લ્ડકપ પુર્વે ગઈકાલે અમેરિકાની ટીમે જબરો અપસેટ કરી દીધો હતો અને ધરખમ ગણાતી બાંગ્લાદેશની ટીમને ત્રણ બોલ બાકી હતા ત્યારે ૫ વિકેટે હરાવી દીધુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ટી ટવેન્ટી વર્લ્ડકપ પુર્વે ગઈકાલથી અમેરિકામાં બાંગ્લાદેશ અને અમેરિકા વચ્ચે ત્રણ મેચોની ટી ટવેન્ટી શ્રેણી શરૂ થઈ છે.




આ મેચમાં બાંગ્લાદેશ ૨૦ ઓવરમાં છ વિકેટનાં ભોગે માત્ર ૧૫૩ રન બનાવી શકયુ હતું. બાંગ્લાદેશ તરફથી મિડલ ઓર્ડર બેટસમેન તૌહીદ હકય એ ૫૮ રન બનાવ્યા હતા.

જ્યારે અમેરિકા તરફથી સ્ટીવન ટેલરે બે વિકેટ અને સૌરભ નેત્રવલકર, અલીખાન તથા જસદીપસિંહે એક-એક વિકેટ લીધી હતી.

દરમિયાન અમેરિકાએ જીત માટે જરૂરી ટાર્ગેટ ૧૯.૩ ઓવરમા જ હાંસલ કરી લીધો હતો. અમેરિકા તરફથી કોરી એન્ડરસને ૩૪ અણનમ અને હરમીત સિંહે ૩૩ અણનમ રન કર્યા હતા.


# એડવોકેટ પરેશ કુકડીયા ઉપર થયેલા હુમલાના બનાવમાં આરોપી તરફે કોઈ વકીલ નહીં રોકાય

**ગઈકાલે સાંજે સાતેક વાગ્યે વકીલની ઓફિસમાં ઘુસી રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભાએ હુમલો કરેલો : અટકાયત : ફરિયાદ નોંધાઈ : વકીલો એકત્ર થયા હતા**

**પકડાયેલ આરોપી કોઈ પોલીસ કર્મીના સગા હોવાથી, પકડીને લોકઅપમાં પુરવાના બદલે મહેમાનની જેમ રાખવામાં આવેલ : વકીલોનો આક્ષેપ**

રાજકોટ, તા.૨૨

એડવોકેટ પરેશ કુકડીયા ઉપર થયેલા હુમલાના બનાવમાં આરોપી તરફે કોઈ વકીલ નહીં રોકાય તેવો બાર એસો.એ ઠરાવ કર્યો છે. ગઈકાલે સાંજે સાતેક વાગ્યે વકીલની ઓફિસમાં ઘુસી રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભાએ હુમલો કરેલો હતો. તેને અટકાયતમાં લેવાયો હતો. ફરિયાદ નોંધાઇ હતી. આ તકે વકીલો એકત્ર થયા હતા હતા. પકડાયેલ આરોપી કોઈ પોલીસ કર્મીના સગા હોવાથી, પકડીને લોકઅપમાં પુરવાના બદલે મહેમાનની જેમ રાખવામાં આવેલ તેવો વકીલોએ આક્ષેપ કર્યો હતો.



ફરિયાદી એડવોકેટ પરેશભાઈ નગીનદાસ કુકડીયા (ઉ.વ.-૫૧)એ ફરિયાદમાં જણાવ્યું કે, મારે હરિહર ચોકમાં આવેલ પુજા કોમ્પ્લેક્ષમાં ઓફીસ છે. ત્રણેક મહીના પહેલા મે પ્રસંગબા સુખપાલસિંહ જાડેજા, સરોજબા વિક્રમસિંહ જાડેજા, અનિરુધ્ધસિંહ બચુભા જાડેજાએ વારસાઈ સર્ટીફીકિટ કઢાવવા મારી પાસે આવતા મેં જોઈન્ટમાં વારસાઈ સર્ટીફીકિટ કાઢી દિધેલ. તેઓનુ મકાન પાડવા માટે મ્યુનીસીપલ કોરપોરેશન રાજકોટમાં સોગંધનામું રજુ કરવાની હોય, જેથી આ પ્રસંગબાના દિકરા બ્રિજરાજસિંહ ઉર્ફે લાલુભા એ આજરોજ બપોરના બે વાગ્યાના અરસામાં ફોન કરી ને મને સોગંધનામું કરવાની જાણ કરેલ. જેથી મેં તેઓને સોગંધનામુ કરવા માટે વારસાઈ સર્ટીફીકિટ કરેલ ત્રણેય ને સાંજના છ વાગ્યે મારી ઓફીસે બોલાવેલ. તે પહેલા મને આ પ્રસંગબાના બીજા દિકરા રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજભા સુખપાલસિંહ જાડેજાનો ફોન આવેલ અને મને જણાવેલ કે પ્રસંગબા તથા સરોજબા તથા અનીરુધ્ધસિંહ સોગંધનામામાં સહી કરવા આવવાના છે, તેમાં તમે મારા માતા પ્રસંગબાની સહી કરાવતા નહીં. સાંજના છ વાગ્યે આ પ્રસંગબા, અનિરુધ્ધસિંહ, બ્રિજરાજસિંહ મારી ઓફીસે આવેલ અને મને સોગંધનામુ કરવાનું કહેતા મેં પ્રસંગબાને કહેલ કે મને તમારા દિકરા રાજેન્દ્રસિંહનો ફોન આવેલ કે, તમે પ્રસંગબાની સહી કરાવતા નહીં. જેથી તમે લોકો પહેલા તમારા ઘરમાં વાતચીત કરી લો મારે તમારૂ સોગંદનામું કરવુ નથી. તેમ કહેતા તેઓ લોકો સાતેક વાગ્યાના અરસામાં જતા હતા. એટલામાં આ રાજેન્દ્રસિંહ મારી ઓફીસે આવેલ અને આવીને મને એક જાપટ મારી દિધેલ અને તમે આ સોગંધનામુ શા માટે કરેલ તેમ કહીને મને અપશબ્દો આપવા લાગેલ. મને કહેવા લાગેલ કે શા માટે મેં ના પાડવા છતા સોગંધનામું કરેલ છે. હુ તમને બાદમાં જોઈ લઈશ અને જાનથી મારી નાખીશ. તેમ કહી ઝપાઝપી કરવા લાગેલ હતો.

ત્યા તેના કાકા તેના માતા હાજર હોય તે તથા મારા ઓફીસ સ્ટાફના માણસો હાજર હોય જે તેને રોકતા હોય એટલામાં મેં ૧૦૦ નંબરમાં ફોન કરી દિધેલ અને પોલીસની ગાડી આવી જતા આ રાજેન્દ્રસિંહને પોલીસ સ્ટેશન લઈ આવેલ. હું પણ પોલીસ મથકે આવ્યો અને ફરીયાદ નોંધાવી હતી. એ. ડિવિઝન પોલીસે આઇપીસી ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૫૨ મુજબ ગુનો નોંધી આરોપોની ધરપકડ કરી હતી. વકીલોએ પોલીસ અધિકારીઓ સામે આક્ષેપ કરતા કહ્યું કે, આરોપી કોઈ પોલીસ કર્મીના સગા હોવાથી, પકડીને લોકઅપમાં પુરવાના બદલે મહેમાનની જેમ રાખવામાં આવેલ. જેથી અમે પોલીસ કમિશનર સુધી રજુઆત કરતા અંતે તેને લોકઅપમાં પુરવામાં આવ્યો હતો. આ તકે એસીપી સહિતના એ. ડિવિઝન પોલીસ મથકે દોડી આવ્યા હતા.

# આજીડેમના કાંઠેથી મળેલા પગ ટ્રેન હેઠળ કપાયેલા પરપ્રાંતિય શખ્સના હોવાની શકયતા : ડીએનએ ટેસ્ટ થશે

## રાજેશ નામનો યુવકના માત્ર પગ ટ્રેન નીચે કપાયા હતા, તેને અમદાવાદ સારવારમાં લઈ જવાતા તબીબો પગ જોડી દેશે તેવી શકયતાએ પોલીસે જ બંને પગ તેના સંબંધીને આપેલા

રાજકોટ, તા.૨૨

આજીડેમના કાંઠેથી મળેલા પગ ટ્રેન હેઠળ કપાયેલા પરપ્રાંતિય શખ્સના હોવાની શક્યતા સામે આવી છે. જોકે બંને પગનું ડીએનએ ટેસ્ટ થશે.

મળતી વિગત મુજબ, આજી ડેમના કાંઠેથી ત્રણ દિવસ પહેલાં બે કપાયેલા અને કોહવાઈ ગયેલાં માનવ પગ મળી આવ્યા હતા. તે મહિલાના હોવાની ચર્ચા હતી. પણ આ પગ ટ્રેન હેઠળ ઝંપલાવનાર મુળ યુપીના રાજેશ ચૌહાણના હોવાની શકયતા છે. સૂત્રોએ જણાવ્યું કે આજી ડેમ ચોકડી પાસે રહેતાં રાજેશે ફાઈનાન્સ કંપનીમાંથી પર્સનલ અને હોમલોન લીધી હતી. જેને કારણે તેની ઉપર રૂ.૨૦ લાખનું દેણું થઈ ગયું હતું. પરિણામે ફાઈનાન્સ કંપનીના માણસો ઉઘરાણી કરતા હતા. ગઈ તા.૨૭ એપ્રિલના રોજ રાજેશે બાઈક પર જઈ જૂના મોરબી રોડ ફાટક પાસે ટ્રેન હેઠળ ઝંપલાવી દીધું હતું. સદ્દનસીબે તેનો જીવ બચી ગયો. પણ ટ્રેન નીચે આવી જતાં તેના બંને પગ કપાઈ ગયા હતા. તેને તત્કાળ સિવિલ અને બાદમાં અમદાવાદની હોસ્પિટલમાં પરિવારજનો લઈ રવાના થયા હતા. તે વખતે તેનું બાઈક, તેમાં રાખેલી સ્યુસાઈડ નોટ અને બંને કપાયેલા પગ સ્થળ પર પડી રહ્યા હતા. બી- ડિવીઝન પોલીસને જાણ કરતાં તેનો સ્ટાફ સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે તત્કાળ રાજેશના પરિવારજનોનો સંપર્ક કરી કપાયેલા પગ જો તબીબો ફરીથી જોડી આપતા હોય તો લઈ જવાનું કહેતાં તેમણે મુળ બિહારના અને હાલ રાજકોટ રહેતા સંબંધી રાજેન્દ્ર યાદવને પગ સોંપેલાં. આ તરફ રાજેન્દ્રને પરિવારજનોએ કોલ કરીને કહી દીધું હતું કે, તબીબોએ હવે બંને પગ નહીં જોડાય તેવો અભિપ્રાય આપી દીધો છે. જેથી તેને બંને પગનો નિકાલ કરવાનું કહેતાં રાજેન્દ્ર એકટીવાની આગળ બંને કપાયેલા પગ લઈ આજી ડેમ પહોંચ્યો હતો. જયાં તેણે બંને પગ ડેમમાં નાખી દીધા હતા.

# નવાગામ પાસેથી રેઢી કારમાંથી ૪૩૨ દારૂની બોટલ મળી આવી

રાજકોટ, તા. ૨૨

નવાગામમાં ન્યુ શંકર ટ્રાન્સપોર્ટવાળી શેરીમાંથી રેઢી પડેલી કારમાંથી એલસીબી ઝોન-૧ની ટીમને ૪૩૨ દારૂની બોટલ મળી આવતા કુલ રૂા. ૪.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલકની શોધખોળ આદરી હતી.




**એલસીબી ઝોન-૧ની ટીમે શરાબ અને કાર સહિત રૂા. ૪.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલકની શોધખોળ આદરી**

દરોડાની વિગત મુજબ એલસીબી ઝોન-૧ના પીએસઆઇ વી.વી.બોરીસાગર ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ વનરૂપગીરી ગોસ્વામી, કોન્ટેબલ હિતેષ પરમાર અને સત્યજીતસિંહ જાડેજાને મળેલ ચોકકસ બાતમીના આધારે કુવાડવા રોડ પર આવેલ ન્યુ શંકર ટ્રાન્સપોર્ટવાળી શેરીમાં પડેલ સ્વીફ્ટ કાર નં. જીજે ૦૩ એનએફ ૩૩૫૨માંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૪૩૨ બોટલ કબ્જે કરી કુલ રૂા. ૪.૪૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જયારે દારૂ ભરેલી રેઢી કાર મુકી નાસી છુટનાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

# ટ્રકમાં ચાલતું મોબાઈલ જુગારધામ પકડાયું

## ખેડા પાસે પોલીસનો દરોડો: ૪૨ શખ્સોની ધરપકડ: પોણા પાંચ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ,તા.૨૨

ગુજરાતમાં પોલીસથી બચવા અવનવી તરકીબો જુગારીઓ અપનાવતા હોય છે. ત્યારે ખેડા જિલ્લામાં ચાલુ આઈસર ટ્રકમાં જુગારધામનો પર્દાફાશ થયો છે. ખેડા એલસીબીને ચાલુ ટ્રકમાં જુગારધામ ચાલતું હોવાની બાતમી મળી હતી. જેના આધારે શંકાસ્પદ આઈસર ટ્રકને અટકાવીને પૂછપરછ કરતા ટ્રકમાં લોકો જુગાર રમતા હોવાનું જણાયું હતું.





રાજ્યમાં જુગાર રમતા અનેક કિસ્સાઓ પ્રકાશિત થાય છે. ત્યારે ખેડા જિલ્લામાં ચાલુ એક ભેજાબાજે જુગાર રમવાનો નવો કિમીઓ જ અજમાવ્યો હતો. જોકે તેનો આ કિમીયો પોલીસ પાસે નિષ્ફળ ગયો હતો. વાત એવી છે કે ખેડા એલસીબી અને એસઓજી પોલીસે ચાલુ આઈસર ટ્રકમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળી હતી. જેના પગલે હાઈવે પર નાકાબંધી કરી હતી.આ દરમિયામન મહુધા-ડાકોર રોડ પર ઉંદરા ફાટક પાસે પસાર થઈ રહેલી શંકાસ્પદ આઈસર GJ ૩૮ ઝઅ ૧૫૫૧ને અટકાવવામાં આવી હતી. આ પછી પોલીસે પૂછપરછ કરતા જૂગારધામ ઝટપાયું હતું.


**અટકાયત**

આ કેસમાં પોલીસે જુગારનો અડ્ડો ચલાવીને જુગાર રમતા ચાલક સહિત કુલ ૪૨ વ્યકિતઓની અટકાયત કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું હતું કે જુગારમાં અટકાયત કરેલા તમામ લોકો ધોળકા-ખેડા-મહેમદાબાદ-મહુધા-ગળતેશ્વર રૂટ પર આઈસર ટ્રક દોડાવતા હતા. પોલીસે તમામ પાસેથી રોકડ રૂપિયા ૧,૫૫,૪૯૦ તેમજ દાવ પર રોકડ રૂપિયા ૯,૨૩૦ તથા ૭ નંગ મોબાઈલ તેમજ આઈસર ટ્રક મળી કુલ રૂ.૪,૭૨,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રહલાદ પ્લોટમાં કુમનભાઈ રાણપરાને હાર્ટએટેક આવતાં મોત

રાજકોટ, તા.૨૨

પ્રહલાદ પ્લોટમાં કુમનભાઈ રાણપરાને હાર્ટ એટેક આવતાં મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.બનાવની વિગત મુજબ કુમનભાઈ નરભેરામ રાણપરા (ઉ.વ.૬૫ રહે. પ્રહલાદ પ્લોટ શેરી નં-૨૮) ગઈ કાલે સવારે ચારેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં. ત્યારે અચાનક બેભાન થઈ જતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનમાં બીજાં નંબરના હતાં. તેમજ તેઓને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. મૃતકને હાર્ટ એટેક આવ્યો હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.



# કલેકટર કચેરીમાં કાલે સાંજે યોજાશે રોડ સેફટી કાઉન્સિલની બેઠક

## વર્ષ ૨૦૨૪-૨૫ના એકશન પ્લાન, બ્લેક સ્પોટ ટ્રાફીક મેનેજમેન્ટ સહિતના મુદ્દે થશે ચર્ચા

રાજકોટ,તા.૨૨

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવતીકાલે તા.૨૩ને ગુરૂવારે સાંજના ૫.૩૦ કલાકે રોડ સેફટી કાઉન્સિલની બેઠક કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આયોજિત કરવામાં આવી છે. કલેકટર કચેરીના સમિતી ખંડમાં યોજાનાર આ બેઠકમાં વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાનની કામગીરીની સમિક્ષા વર્ષ ૨૦૨૪-૨૫ના એકશન પ્લાન અંગે તેમજ બ્લેકસ્પોર્ટ, રોડ માર્કીંગ, સાઈન બોર્ડ ટ્રાફીક મેનેજમેન્ટ સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવશે.અહીં એ ઉલ્લેખનીય છે કે લોકસભાની ચૂંટણીના દોઢમાસના સમયગાળા બાદ આ જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની બેઠક આયોજિત કરવામાં આવી છે.



### વર્ષોથી ફુટપાથ, સાયકલ ટ્રેક સહિતની જગ્યા દબાવનાર ધંધાર્થીઓ સામે કાર્યવાહી : ગેરકાયદે હોર્ડિંગ પણ મળી આવતા ઉતરાવતા ડે.કમિશ્નર ખરે

# ૧૫૦ ફુટ રીંગ રોડને દબાણમુકત કરવા મનપા અને ટ્રાફિક પોલીસની ટીમો ત્રાટકી

### ગોવર્ધન ચોક, ઉમિયા ચોક, કેકેવી ચોક, ઇન્દિરા સર્કલ, અયોધ્યા ચોક સહિતના રસ્તેથી રેંકડીઓ, ૪૫ બોર્ડ-બેનર સહિત ૧૬૭ દબાણ જપ્ત : ડીસીપી અને એસીપી ટોઇંગ વાન સાથે ફર્યા






શહેરના ૧૫૦ ફુટ રોડ પર આજે મનપા અને ટ્રાફિક પોલીસે દબાણો હટાવવા સંયુકત ડ્રાઇવ કરી હતી. બંને વિભાગના અધિકારીઓએ સ્થળ પર જઇને દબાણ, બોર્ડ-બેનર હટાવવાની કામગીરી કરી હતી. ફુટપાથો પણ લાંબા સમયે ખુલ્લી થઇ હતી. તો જેસીબીની મદદથી ગેરકાયદે અડચણો પણ દુર કરવામાં આવી હતી.
(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ, તા. ૨૨

શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર માધાપર ચોકડીથી ગોંડલ ચોકડી સુધી રહેલા દબાણોનો સૌથી ગંભીર પ્રશ્ન ઉકેલવા મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલે આજથી અધિકારીઓ અને વિભાગના વડાઓની ટીમને રોડ પર દોડાવી છે. આજે આ રોડ પર મનપા અને સીટી તથા ટ્રાફિક પોલીસની ટીમે સંયુકત ડ્રાઇવ કરતા દુકાનો આગળ રાખવામાં આવતા બાકડા, થડા સહિતના પથારા, કેબીન, બોર્ડ-બેનર સહિતના દબાણો હટાવવામાં આવ્યા છે.

મનપાના ડે.કમિશ્નર અને ટ્રાફિક શાખાના ડીસીપી સહિતની ટીમ ૧૫૦ ફુટ રોડના બંને છેડે જેસીબી સહિતના સાધનો અને ટોઇંગ વાન સાથે નીકળતા કોમર્શિયલ વિસ્તારમાં દોડધામ થઇ ગઇ હતી. તો હંગામી દબાણો હટાવી સાયકલ ટ્રેક સહિતના ભાગ કાયમી ખુલ્લા રહે તેવી ઝુંબેશ બંને ખાતાએ હાથ પર લીધી છે.

મનપામાં રાજમાર્ગો અને ટ્રાફિકગ્રસ્ત અન્ય રસ્તાઓ ટ્રાફિક અને દબાણથી મુકત કરવા કમિશનર દ્વારા ખાસ ટીમ બનાવવામાં આવી છે. આજે ૧૫૦ ફુટ રોડનો વારો સૌપ્રથમ લેવામાં આવ્યો હતો. તો હવે તબકકાવાર અન્ય રાજમાર્ગો પર કાર્યવાહી કરવામાં આવશે.

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર અનધિકૃત કરાયેલા દબાણો દુર કરવા માટે વિવિધ ટીમ બનાવીને ઝુંબેશના રૂપમાં કામગીરી હાથ ધરવામાં આવી છે જેમાં આજે ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે બે ટીમ દ્વારા દબાણ હટાવ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન રાજકોટ સિટી પોલીસ અને ટ્રાફિક પોલીસ દ્વારા પણ સાથે રહી કામગીરી કરવામાં આવી હતી. આ ઝુંબેશમાં મંજૂરી વગરના હોર્ડિંગ પણ મળતા તે દુર કરવામાં આવ્યા છે.

**કાલાવડ રોડ, મહિલા કોલેજ બ્રીજથી કટારીયા ચોકડી, નાનામવા મેઇન રોડ, રૈયા રોડ, યુનિ. રોડ, મવડી રોડ, ગોંડલ રોડ, યાજ્ઞિક રોડ, રેસકોર્સ રીંગ રોડ સહિતના માર્ગોનું લીસ્ટ બન્યું**

દબાણ હટાવ શાખા અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર અયોધ્યા ચોક, પટેલ કન્યા છાત્રાલય ચોક, ગોવર્ધન ચોક, ઉમિયા ચોક, તપોવન સ્કૂલ પાસે, કેકેવી ચોક, આઝાદ હિન્દ ગોલા પાસે, ઇન્દીરા સર્કલ પાસે વગેરે વિસ્તારમાંથી કુલ ૪ રેંકડી, કેબીન, ૪૫ બોર્ડ-બેનરો અને ૧૬૭ પરચુરણ સામગ્રી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ ઝુંબેશમાં ડે. કમિશનર સ્વપિનલ ખરે, પોલીસ શાખાના ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ અને એસીપી ટ્રાફિક ગઢવી, એન્ક્રોચમેન્ટ રીમુવલ ઓફિસર પી. જે. બારીયા, સહાયક કમિશનર બી. એલ. કાથરોટીયા, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર તેમજ સિટી પોલીસ તેમજ ટ્રાફિક પોલીસના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

**રાજમાર્ગોની યાદી**

દબાણ હટાવ શાખા દ્વારા રોડવાઇઝ દબાણો હટાવવા માટે અધિકારીઓની ટીમ બનાવવામાં આવી છે અને જુદા જુદા માર્ગોની જવાબદારી સોંપાઇ છે. તેમાં ૧૫૦ ફુટ રોડ, કાલાવડ રોડ, મહિલા કોલેજ બ્રીજથી કટારીયા ચોકડી, નાના મવા મેઇન રોડ, રૈયા રોડ, યુનિ. રોડ, મવડી રોડ, ગોંડલ રોડ, યાજ્ઞિક રોડ, રેસકોર્સ રીંગ રોડ, જવાહર રોડ, ત્રિકોણબાગથી હોસ્પિટલ ચોક, ટાગોર રોડ, સત્યવિજય આઇસ્ક્રીમ સુધીનો રોડ, ઢેબર રોડથી અટીકા ફાટક, હોસ્પિટલ ચોકથી જંકશન રોડ, જામનગર રોડ, કુવાડવા રોડ, સંતકબીર રોડ, ભાવનગર રોડ, ૮૦ ફુટ રોડ, પેડક રોડ, કોઠારીયા રોડનો સમાવેશ થાય છે. તબકકાવાર આ તમામ રસ્તા પર ડ્રાઇવ ચલાવવામાં આવશે તેમ વિભાગે જણાવ્યું છે.

## પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશની માન્યતા આપવાનો સ્પેન, નોર્વે, આયર્લેન્ડનો નિર્ણય

### ઈઝરાયેલ ભડકયુ: રાજદુતોને તત્કાળ પાછા બોલાવી લીધા

નવી દિલ્હી તા.૨૨

ઈઝરાયેલ-પેલેસ્ટાઈન યુદ્ધ વચ્ચે નોર્વે, આયર્લેન્ડ તથા સ્પેને પેલેસ્ટાઈનને અલગ રાજયની માન્ય આપતો ઐતિહાસિક નિર્ણય લીધો છે. જો કે, આ નિર્ણયને પગલે ઈઝરાયેલ આગબબુલા થયુ છે અને નોર્વે તથા આયર્લેન્ડમાંથી પોતાના રાજદુતોને પાછા બોલાવી લીધો છે.



નોર્વેના વડાપ્રધાને કહ્યું કે મધ્યપુર્વમાં શાંતિ સ્થાપવાના હેતુસર આ નિર્ણય લીધો છે. પેલેસ્ટાઈનને અલગ દેશની માન્યતા આપ્યા વિના શાંતિ શકય નથી. ૨૮ મેથી આ માન્યતા મળશે અને તેના આધારે આરબ શાંતિ યોજનામાં સહયોગ કરશે. છેલ્લા કેટલાંક દિવસોમાં અનેક યુરોપીયન રાષ્ટ્રોએ મધ્યપુર્વમાં શાંતિ સ્થાપવાના ઉદ્દેશ સાથે બે રાષ્ટ્રને માન્યતા આપવાની તૈયારી હોવાની જાહેરાત કરી હતી. નોર્વે યુરોપીયન યુનિયનનો સભ્ય દેશ નથી છતાં આ કદમમાં સાથે હોવાનું જાહેર કર્યુ છે.

હમાસ તથા આતંકી જૂથો આ પ્રકારના ઉકેલ માટે સંમત નથી. નોર્વેએ જાહેર કર્યુ છે કે પેલેસ્ટાઈનને સ્વતંત્ર દેશનો મૂળભૂત અધિકાર છે. ૩૦ વર્ષ પછી નોર્વેએ આ માન્યતા આપી છે. વિશ્વ બેંકે પણ પેલેસ્ટાઈને ચાવીરૂપ માપદંડો સર કર્યા હોવાનું જાહેર કર્યુ હતું. નોર્વે ઉપરાંત સ્પેન તથા આયર્લેન્ડ પણ સમાન નિર્ણય લીધો છે.

## બેંગ્લોરના ફાર્મહાઉસમાં રેવપાર્ટી પર દરોડો: ફિલ્મી કલાકારો પકડાયાની ચર્ચાથી સિનેઉદ્યોગમાં સોંપો

### દક્ષિણની અભિનેત્રી સહિતના કલાકારો-રાજકારણીઓ હતા: ૯૮ના મેડીકલ ટેસ્ટ કરાયા: કોકેઈન- એમડી ડ્રગ્ઝ સહિતના કેફી પદાર્થ મળ્યા

બેંગ્લોર તા.૨૨

બેંગ્લોરની ભાગોળે એક વૈભવી ફાર્મહાઉસમાં ચાલતી રેવપાર્ટી પર પોલીસે દરોડો પાડતા તેમાં સામેલ ૯૮ લોકો મળી આવ્યા હતા. દક્ષિણના અનેક કલાકારો પણ તેમાં પકડાયાની અફવા ઉડતા સીને ઉદ્યોગમાં ખળભળાટ સર્જાયો હતો. ફાર્મહાઉસમાંથી નોંધપાત્ર પ્રમાણમાં કોકેઈન, એમડી ડ્રગ્ઝ સહિતના કેફીપદાર્થોનો જથ્થો મળી આવ્યો હતો.



બેંગ્લોર નજીકના સિન્જેના ગામમાં આવેલા ફાર્મહાઉસમાં પરોઢીયે દરોડો પાડવામાં આવ્યો હતો રેવ પાર્ટીમાંથી ૩૦ યુવતી સહિત ૯૮ નબીરાઓના મેડીકલ ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા જયારે પાર્ટીના આયોજક કે.એલ.વાસુ તથા ત્રણ ડ્રગ્ઝ પેડલરોની ધરપકડ કરવામાં આવી હતી. આ પાર્ટીમાં તેલુગુ ફીલ્મોના કલાકારો ઉપરાંત તેલંગાણા-આંધ્રપ્રદેશના રાજકીય નેતાઓ-ઉદ્યોગપતિઓ હોવાની વાત ફેલાતા ખળભળાટ સર્જાયો હતો.

રેવ પાર્ટીના કેટલાંક ફોટાવાઈરલ થયા હતા તેમાં ચુંટાયેલા પ્રતિનિધિઓના સ્ટીકર જોવા મળ્યા હતા. આ ઉપરાંત એક અભિનેત્રી હોવાનો પણ દાવો કરવામાં આવ્યો હતો.

બેંગ્લોરના પોલીસ કમિશ્નર બી.દયાનંદે કોઈ નામનો ફોડ પાડયા વિના કહ્યું હતું કે એક અભિનેત્રી હોવાનું કહેવાય છે. જો કે, રાજકીય નેતાઓની હાજરીની વાત તેમણે નકારી હતી.

૨૫૦થી વધુ ફીલ્મોમાં કામ કરનાર ૫૭ વર્ષીય અભિનેત્રી હેમા વેણીનુ નામ ચગ્યુ હતું જેને પગલે પોતે કોઈ પાર્ટીમાં નહીં ગયાની ચોખવટ કરી હતી.

પોલીસના દરોડા તથા મેડીકલ ટેસ્ટની કાર્યવાહી બાદ ફાર્મ હાઉસમાંથી બહાર નીકળતા નબીરાઓના વિડીયો પણ વાઈરલ થયા છે. જો કે, ઓળખ છુપાવવા તમામે ચહેરા પર હાથ અથવા માસ્ક ચડાવી દીધા હતા. ચહેરાઓના આધારે ફિલ્મી કલાકારોની વાત વાઈરલ થઈ છે જે ફાર્મહાઉસ પર દરોડો પડયો તે જાણીતા બિલ્ડરની હોવાનું બહાર આવ્યુ છે.




## નાઈઝીરીયામાં બંદૂકધારીઓનો હુમલો: ૪૦ લોકોની હત્યા

### નાઈઝીરીયામાં ખેડુતો અને પશુપાલકો વચ્ચે અવારનવાર થાય છે લોહિયાળ સંઘર્ષ

જુરાક (નાઈઝીરીયા) તા.૨૨

આફ્રિકી દેશ નાઈઝીરીયાના જુરાકતા એક ગામમાં બંદૂકધારીઓએ હુમલો કરીને ૪૦ લોકોની ક્રુરતાથી હત્યા કરી નાખી હતી.

ગામ લોકોએ જણાવ્યું હતું કે હુમલાખોરોએ અનેક ઘરોને આગ લગાડી દીધી હતી. અનેક લોકોના અપહરણ કર્યા હતા.

જુરાકના નિવાસી બબાંગીદા અલીયુએ જણાવ્યું હતું કે જેવા તે લોકો ગામમાં ઘુસ્યા કે તેમણે ગોળીબારી શરૂ કરી દીધી હતી. હું કોઈપણ રીતે તેમની ચુંગાલમાંથી જીવ બચાવી આવ્યો. મેં હજુ સુધી મારા પરિવારને નથી જોયો. ઉલ્લેખનીય છે કે અહીં ખેડુતો અને પશુપાલકો વચ્ચે સંઘર્ષ થતો રહે છે.

## રાજયમાં મે માસમાં વિક્રમી અગનવર્ષા: પાછલા વર્ષોની ગરમીનો રેકોર્ડ તુટવાની સંભાવના

### રાજકોટમાં ૧૩મે ૧૯૭૭નાં રોજ પારો ૪૭.૯ ડીગ્રીએ પહોંચ્યો હતો: ૨૦૧૮ બાદ ફરી ૨૦૨૪માં પારો ૪૪ ડિગ્રીને પાર રહ્યો

ગાંધીનગર,તા.૨૨

રાજ્યના કેટલાય શહેરોમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. તો છેલ્લા ત્રણ-ચાર દિવસથી સતત દિવસનું તાપમાન ૪૪ ડિગ્રીએ રહે છે. ગરમી અને હવામાનની સ્થિતિ, પાછલા અનેક વર્ષના મે મહિનાની વિક્રમી ગરમીના રેકોર્ડને તોડી નાખે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં અત્યાર સુધીના મે મહિનાની સૌથી વધુ ગરમી ૨૦૧૬માં નોંધાઈ હતી. ૨૦મી મે ૨૦૧૬ના રોજ અમદાવાદ શહેર રીતસરનું ૪૮ ડિગ્રીમાં ધગધગ્યું હતું. હવામાન વિભાગના સત્તાવાર અહેવાલમાં ૨૦૨૨ અને ૨૦૨૩ના વર્ષના મે મહિનામાં નોંધાયેલ આંકડાઓ ઉપલબ્ધ નથી. જે આંકડાઓ ઉપલબ્ધ છે તે અનુસાર આ વર્ષે અમદાવાદમાં ૧૯મી મેના રોજ નોંધાયેલ ૪૪.૯ ડિગ્રી તાપમાન, ૨૦૧૬ પછીના વર્ષમાં મે મહિનાની સૌથી વધુ ગરમી છે.

વડોદરા શહેરમાં મે મહિનામાં સૌથી વધુ ગરમી ૨૦૦૪મા નોંધાઈ હતી. ૦૫ મે ૨૦૦૪ના રોજ વડોદરા શહેરમાં ગરમીનો પારો ૪૬.૨ ડિગ્રીએ પહોચી ગયો હતો. વડોદરામાં નોંધાયેલ ૪૬.૨ ડિગ્રી ગરમી મે મહિનાની સૌથી વધુ ગરમી છે. ૨૦૨૨ અને ૨૦૨૩ને છોડીને હવામાન વિભાગના સત્તાવાર આંકડાને જોઈએ તો, વડોદરામાં રવિવારે નોંધાયેલ ૪૪ ડિગ્રી ગરમીએ પાછલા સાત વર્ષના મે મહિનાની ગરમીનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

કચ્છના ભૂજમાં મે મહિનાની ઓલ ટાઈમ હાઈ ગરમી ૪૭.૮ ડિગ્રી નોંધાઈ છે. આઝાદી પૂર્વે ૧૮૮૬માં ૨૬મી મેના રોજ કચ્છના ભૂજમાં ગરમીનો પારો ૪૭.૮ ડિગ્રીએ પહોચી ગયો હતો. હવામાન



વિભાગના ૨૦૨૨ અને ૨૦૨૩ના મે મહિના સિવાયના મે મહિનાના જાહેર કરેલા આંકડાને ધ્યાને લઈએ તો ગત રવિવાર ૧૯મી મેના રોજ નોંધાયેલ ૪૨.૮ ડિગ્રી ગરમી ૨૦૨૧ કરતા વધુ નોંધાઈ છે.

ઉતર ગુજરાતના બનાસકાંઠાના ડીસામાં પણ ૨૦૧૬ના વર્ષમાં વિક્રમજનક ગરમી નોંધાઈ હતી. જે દિવસે અમદાવાદમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા, તે જ દિવસે ડીસામાં પણ ગરમીના પારો મે મહિનાના પાછલા અનેક વર્ષના રેકોર્ડને તોડીને ૪૮ ડિગ્રીએ પહોચી ગયો હતો. ૨૦મી મે ૨૦૧૬ના રોજ ડિસામાં ૪૮ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. જ્યારે ૧૯મી મેને રવિવારે, ૪૫ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. હવામાન વિભાગના ૨૦૨૨ અને ૨૦૨૩ સિવાયના મે મહિનામાં નોંધાયેલ ગરમીને ધ્યાને લઈએ તો, ૨૦૧૮ પછી ડીસામાં પરમ દિવસે સૌથી વધુ ગરમી નોંધાઈ છે. આમ દર ઉનાળામાં હવે બે વર્ષે ગરમી નવો વિક્રમ રચી રહી છે. રાજકોટમાં મે મહિનામાં સૌથી વધુ ગરમી ૧૯૭૭માં નોંધાઈ હતી. રાજકોટમાં ૧૩ મે ૧૯૭૭ના રોજ ગરમીનો પારો ૪૭.૯ ડિગ્રીએ પહોચી ગયો હતો. જો હવામાન વિભાગે જાહેર કરેલ ૨૦૨૨ અને ૨૦૨૩ સિવાયના આંકડાઓને જોઈએ તો, રવિવારે ૪૪.૧ ડિગ્રી ૨૦૧૮ના વર્ષ પછી પહેલીવાર નોંધાઈ છે. રાજકોટમાં છેલ્લે ૨૦૧૮માં ગરમીનો પારો ૪૪.૪ ડિગ્રીએ પહોચ્યો હતો.

સુરત શહેરમાં અત્યાર સુધીની સૌથી વધુ ગરમી મહારાષ્ટ્રથી ગુજરાત અલગ થયા તે પહેલા નોંધાઈ હતી. સુરતમાં પહેલી મે ૧૯૫૬ના રોજ ૪૫.૬ ડિગ્રી ગરમી નોંધાઈ હતી. સુરત શહેરમાં રવિવારે નોંધાયેલ ૪૧.૮ ડિગ્રી ગરમી પણ પાછલા કેટલાક વર્ષના મે મહિનાનમાં નોંધાયેલ ગરમી જેટલી જ કહી શકાય. હવામાન વિભાગના ૨૦૨૧- અને ૨૦૨૩ના આંકડાઓ સિવાયના સત્તાવાર આંકડા મુજબ, ૨૦૧૯ અને ૨૦૨૦ના મે મહિનામાં સુરતમાં ૪૨ ડિગ્રી ગરમી નોંધાઈ હતી.

## ભારતીય અર્થતંત્રની છલાંગ : RBIના બુલેટીનમાં દાવો

### શહેરો કરતા ગામડામાં ચીજવસ્તુના વેંચાણમાં વધારો : પહેલા કવાર્ટરમાં જીડીપી વૃધ્ધિદર ૭.૫% રહેવાની આશા

નવી દિલ્હી, તા. ૨૨

ભારતીય રીઝર્વ બેંકના બુલેટીનમાં 'સ્ટેટ ઓફ ધ ઈકોનોમી' પર પ્રકાશિત એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે દ્રષ્ટિકોણ નાજુક થતો જઇ રહ્યો છે. કારણ કે મોંઘવારી પર નિયંત્રણ ઘટી રહ્યું છે. ભારતમાં આશાઓ વધી રહી છે કે દેશ લાંબા સમયથી જે સ્થિતિની રાહ જોતો હતો એ અર્થ વ્યવસ્થાની ઉડાનના દરવાજા પર પહોંચી ગયો છે. હાલના સંકેત કુલ માંગની ગતિ ઝડપી હોવાનો ઈશારો કરે છે.

રીઝર્વ બેંકના મે મહિનાના બુલેટીન મુજબ ભારત ગ્રામીણ અર્થવ્યવસ્થામાં વધતી માંગ, અનાજ સિવાયના ખર્ચના કારણે લાંબા સમયથી રાહ જોવાતી હતી એ સ્થિતિ દેખાવા લાગી છે. વૈશ્વિક સ્તરે મુડીના પ્રવાહમાં ચડાવ ઉતાર આવ્યા છે કારણ કે ગભરાયેલા રોકાણકારો જોખમથી દુર થઇ ગયા છે.



આ અહેવાલમાં જણાવાયું છે કે એ વાતની આશા વધી રહી છે કે ભારત હવે ટાર્ગેટ મુજબની સ્થિતિમાં પહોંચવા લાગ્યું છે. બે વર્ષમાં પહેલી વાર ફાસ્ટ મુવીંગ કન્ઝયુમર ગુડસની ગ્રામીણ માંગે શહેરી બજારોને પણ પાછળ રાખી દીધા છે. એફએમસીજીના વેચાણમાં ૬.૫ ટકાની વૃધ્ધિ છે. તો ગ્રામીણ ક્ષેત્રમાં ૭.૯ ટકા વૃધ્ધિ દેખાઇ છે. જયાં આંકડો શહેરોમાં ૫.૭ ટકા છે.

ગ્રામીણ અર્થવ્યવસ્થામાં વધતી માંગ અને અન્ય ખર્ચાઓના કારણે ચાલુ નાણાકીય વર્ષના પહેલા કવાર્ટરમાં ભારતનો આર્થિક વૃધ્ધિદર ૭.૫ ટકા રહેવાની ધારણા છે. આર્થિક ગતિવિધિ સૂચકાંક અનુસાર એપ્રિલમાં આ વ્યવહારમાં ઉછાળો આવ્યો હતો. ૨૦૨૪-૨૫ના પહેલા કવાર્ટરમાં જીડીપી વૃધ્ધિ ૭.૫ ટકા નજીક રહેવાની ધારણા છે.

### અમેરિકાના ટેકસાસથી અંતરિક્ષમાં ઉડાન ભરી

## પ્રથમ પ્રવાસી ભારતીયે અંતરિક્ષમાં નાનકડો તિરંગો દેખાડી ઈતિહાસ રચ્યો

### ૧૯૮૪માં રાકેશ શર્મા બાદ અવકાશમાં જનાર બીજા ભારતીય બન્યા ગોપીચંદ થોટાકુરા

ટેકસાસ (અમેરિકા) તા.૨૨

ભારતીય મૂળના પાયલોટ ગોપીચંદ થોટાકુરા સહિત છ લોકોએ રવિવારે અંતરિક્ષની યાત્રા કરી હતી. ઓનલાઈન શોપિંગ કંપની એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની કંપની બ્લુ ઓરિજિનના ન્યૂ શેપર્ડ રોકેટ અને કેપ્સ્યુલ (NS-25) એ તમામ છ અંતરિક્ષયાત્રીઓને લઈને અમેરિકાના પશ્ચિમ ટેક્સાસથી સ્થાનિક સમય પ્રમાણે રવિવારે સવારે ૯:૩૬ કલાકે ઉડાન ભરી હતી. આ સાથે જ ભારતીય મૂળના પાયલોટ ગોપીચંદ થોટાકુરાએ બ્લુ ઓરિજિનના NS-25 મિશનના ભાગરૂપે અવકાશમાં જનાર પ્રથમ ભારતીય પ્રવાસી બનીને ઈતિહાસ રચ્યો છે. બ્લુ ઓરિજિને તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં થોટાકુરા અંતરિક્ષમાં એક નાનો ભારતીય ધ્વજ બતાવતો નજર આવી રહ્યો છે.



૬ લોકોની આ ટીમમાં અમેરિકાના પ્રથમ અશ્વેત અંતરિક્ષ યાત્રી તરીકે પસંદ કરવામાં આવેલ ૯૦ વર્ષીય એડ ડ્વિટ પણ સામેલ હતા. તેમણે ૬૦ વર્ષ બાદ અંતરિક્ષની ઉડાન ભરી હતા. અમેરિકી એરફોર્સમાં કેપ્ટન રહી ચૂકેલા એડ ડ્વિટને ૧૯૬૧માં તત્કાલિન રાષ્ટ્રપતિ જોન એફ કેનેડીએ અંતરિક્ષ યાત્રી તરીકે પસંદ કર્યા હતા પરંતુ કોઈ કારણોસર તેઓ ૧૯૬૩માં અમેરિકી ઉડાનમાં નહોતા જઈ શક્યા.

અંતરિક્ષ યાત્રીઓમાં ગોપી થોટાકુરા અને એડ ડ્વિટ ઉપરાંત ઉદ્યમી મેસન એન્જેલ, ફ્રેન્ચ લીકર કંપની મોન્ટ-બ્લેન્કના સ્થાપક સિલ્વેન ચિરોન, સોફ્ટવેર એન્જિનિયર અને ઉદ્યમી કેનેથ એલ હેસ અને સેવાનિવૃત્ત એકાઉન્ટન્ટ કેરોલ સ્કોલર સામેલ હતા.

**કોણ છે ગોપીચંદ થોટાકુરા?**

આંધ્ર પ્રદેશમાં જન્મેલા ગોપીચંદ થોટાકુરાએ અંતરિક્ષની યાત્રા કરીને ઈતિહાસ રચી દીધો છે. તેઓ ૧૯૮૪માં ભારતીય સેનાના વિંગ કમાન્ડર રાકેશ શર્મા બાદ અંતરિક્ષમાં જનારા બીજા ભારતીય બની ગયા છે. આ સાથે જ તેઓ પ્રથમ ભારતીય અંતરિક્ષ પ્રવાસી પણ બની ગયા છે. ગોપી એક પાયલોટ અને એવિએટર છે. ગોપી ઈન્ટરનેશનલ મેડિકલ જેટ પાઈલટ તરીકે કામ કરી ચૂક્યા છે. આંધ્ર પ્રદેશમાં જન્મેલા થોટાકુરા એમ્બ્રી-રીડલ એરોનોટિકલ યુનિવર્સિટીથી સ્નાતક છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૦-૨૫૮૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૮૦-૨૫૩૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૦૫-૧૭૩૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૫૫-૧૬૮૫ |
| પામોલીયન તેલ | ૧૪૮૫-૧૪૯૦ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૭૦-૧૭૦૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૫૦-૧૬૯૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૬૬૦૦(-૭૦) |

| ચાંદી |
|---|
| ૯૬૦૦૦(+૩૦૦) |

## ગોંડલમાં દાસીજીવણ પાર્ટી પ્લોટમાં ચાલતી રામકથામાં માનવ મહેરામણ ઉમટી પડયું

# આખી જીંદગી અસત્ય બોલી એક દિવસ સત્યનારાયણની કથા થકી સત્યવાદી ન બની શકાય

**શિવના ડમરૂના નાદથી વ્યાકરણની રચના થઇ છે, ડમરૂ એ એક અદ્‌ભૂત વાદ્ય છે : પૂ. મોરારીબાપુ**

**સંસ્કૃતમાં નિપુણનો અર્થ થાય છે પુણ્ય, જેમણે પુણ્ય કર્યા એમને નિપુણ કહેવાય : પુણ્ય અને પાપના ખાતા અલગ છે**

**૨૪ કલાક પ્રસન્ન રહો, જીવી લો, સારો અવસર મળ્યો છે, બીજાની ટીકા ટીપ્પણીથી આપણો આનંદ ન ગુમાવાય**







(જીતેન્દ્ર આચાર્ય)
ગોંડલ તા.૨૨

ગોંડલના આંગણે દાસીજીવણ પાર્ટી પ્લોટમાં ચાલી રહેલી રામકથામાં આજે ચોથા દીવસે માનવ મહેરામણ ઉમટી પડતા પચ્ચીસ હજારની ક્ષમતા ધરાવતો ડોમ ટુંકો પડ્યો હતો.

લોહલંગરીબાપુના સાનિધ્યમાં કથાના ચતુર્થ દિવસે પૂ. મોરારીબાપુએ રામકથામાં શિવ-પાર્વતીજીની કથા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં બાપુ એ કહ્યું ગૃહસ્થ આશ્રમ થી મોટો કોઈ આશ્રમ ન હોઈ શકે.આશ્રમ બનાવો તો ઢંગ થી બનાવજો. ઢોંગથી નહી. રામાયણમાં એક બે ઢોંગ આશ્રમ દર્શાવયમાં આવ્યા છે.આશ્રમ અંતર્ગત પાંચ ઢંગ અંગે વિસ્તારથી કહ્યું હતું. પ્રથમ સ્વૈચ્છીક ગરીબાઈ છોડી આશ્રમ ચલાવવો. બીજું સ્નેહપૂર્વક સંયમથી આશ્રમ ચલાવવો. ત્રીજું કટુવર્જન્મ કડવા વાક્યો છોડવા. ચોથું ગુરૂના નિવેદનથી જીવી જવું પાંચમુ સ્નેહ સાધનમ. આશ્રમ કરવા કરતાં પરમાત્માએ બનાવેલ આખું જગત આશ્રમ જ છે. જો એવુ મનાય તો આશ્રમ ની કોઈ જરૂર નથી.

બાપુએ જણાવ્યું કે હું કથાના નવ દિવસ વાવવા આવ્યો છું ,બીજાના દોષ જોવાની આદત હોય એ એમના ગુરૂમાં પણ દોષ જોશે, સાધુ થયા પછી કોઈ વર્ણ ન જોવા. બીજામાં વર્ણ ન જોવે એ સાધુ,બ્રોડ કાસ્ટ બંધ કરો, ગિફ્ટ કાસ્ટ શરૂ કરો. સ્થાન કે વ્યક્તિ કામ કરતા હોય છે. સ્પર્ધા માટે આશ્રમ ન હોય શ્રદ્ધા માટે આશ્રમ હોય છે. આશ્રમમાં કોઈ વસ્તુ વેંચાવી ન જોઈએ વહેંચાવી જોઈએ, આશ્રમમાં જડ ચેતન કોઈપણની નિંદા ન થતી હોય તે આશ્રમ. શ્રમ કરો આશ્રમની જરૂર નથી. સાહિત્યનાં મર્મી એવા મોરારીબાપુ એ જણાવ્યું કે કોળિયા નથી ખાધા એટલા કાગળોના ઉદઘાટન કર્યા છે. સાહિત્ય ક્ષેત્રમાં ૬૫ વર્ષમાં ૧૫૦ વર્ષના કામ કર્યા છે.વક્તા અને લેખનમાં આત્મકળા ઉત્પન થાય છે. શિવના ડમરાના નાદથી વ્યાકરણની રચના થઈ છે. ડમરૂ એ એક અદભુત વાદ્ય છે.આ તકે ગૌ મંડળ અંતર્ગત તુષાર શુકલની કવિતાનુ બાપુએ વાંચન કરી છણાવટ કરી હતી. તેમણે કહ્યુ કે રામકથા અનેક છે. સો કરોડ રામ ગાથા છે.પરંતુ એક એક અક્ષર રામ કથા છે.મોહ માંથી મેલનો જન્મ થાય છે.સંસ્કૃત નો એક એક અક્ષર ગજબ છે.સંસ્કૃત ગજબ છે.

સંસ્કૃતમાં નિપુણનો અર્થ થાય પુણ્ય. જેને પુણ્ય કર્યા એમને નિપુણ કહેવાય. જો કે પુણ્ય અને પાપનું ખાતું અંક ગણિત અને બીજ ગણિત સમાન છે. પુણ્ય અને પાપનાં ખાતા અલગ છે. આખી જિંદગી અસત્ય બોલી એક દિવસ સત્યનારાયણ કથા થકી સત્યવાદી ન બની શકાય. ૨૪ કલાક પ્રશન્ન રહો. આનંદમાં રહો દુનિયાને જે કહેવું હોય તે. આપણે પ્રસન્ન રહેવું જીવી લો સારો અવસર મળ્યો છે. બીજાના ટીકા ટિપ્પણથી આપણો આનંદ ન ગુમાવાય. પ્રભાવથી નહીં સ્વભાવથી જીવો બાપ.

બાપુએ જણાવ્યું હતું કે પૂનમ ભરવા કરતાં બેંકના હપ્તા લેણદારને ચૂકવી દો એ પણ સદકાર્ય છે.સુર તાલ અને લય માં ગાવું એ પણ એક થેરપી છે.તલગાજરડા બેસો એટલે તલગાજરડીયા એમ ગોંડલમાં બેસો એટલે બધાં જ ગોંડલીયા બાપુ કહ્યું ગુરૂને ગાવો કરતાં સેવો, ગુરૂ માતા પિતા પ્રભુ સમર્થ હોય તો જે વાત કરે એ વાત માની લેવી.

હું તો વૈરાગી બાવો છું અને વૈરાગી જ રહેવા માંગુ છું એક માર્ગી છું.ઈશ્વર એ પરીક્ષાનો વિષય નથી પ્રતીક્ષાનો વિષય છે. રૂપ બદલી શકાય પરંતુ સ્વરૂપનું શુ? રૂપ અનેક હોય સ્વરૂપ એક જ હોય. માણસમાં સાધના શુદ્ધ હોવી જોઈએ ધ્યાન કરવા કરતા ધ્યાન રાખવું જરૂરી છે. મોરારીબાપુએ વિનોબાભાવેને કળિયુગના બ્રહ્મચારી ગણાવ્યા હતા.બાપુએ ચોગઠા બાજી રમતને આધ્યાત્મિક સાથે સુંદર ઉદાહરણ સાથે સમજાવી હતી.

## આંગણવાડીઓમાં કેક કટીંગ : નામાંકનો વધારવા પ્રયાસ

**મનપા દ્વારા 'બાળક પાલક સર્જન' કાર્યક્રમની ઉજવણી : ભુલકાઓ સાથે વાલીઓ પણ જોડાયા**





રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકાના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે આઈસીડીએસ વિભાગ દ્વારા આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃત્તિઓથી માતા-પિતા, વાલી, જનસમુદાયને માહિતગાર કરવા અને પ્રચાર પસાર માટેનાં એક પ્રયાસરૂપે તથા બાળકોના નામાંકનમાં વધારો કરવા માટે બાળક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી.

આંગણવાડીઓમાં થતી પૂર્વ પ્રાથમિક શિક્ષણ કાર્યની ૧૭ થીમ અંતર્ગત રંગપૂરણી, રેતીકામ, છાપકામ, ટપકાંજોડ, ચીટકકામ, માટીકામ, મણકા પરોવણી, ફિંગર પ્રિન્ટ, ચિત્ર દોરવું, બોટલમાં રેતી ભરવી, આકાર પૂર્ણ કરવા વગેરે જેવી વિવિધ પ્રવૃતિઓ વાલીઓ અને બાળકોએ કરી હતી. ૩ વર્ષ થી ૬ વર્ષના બાળકો અને વાલીઓ તેમજ ૨ વર્ષ થી ૩ વર્ષના બાળકો અને વાલીઓ એમ બે તબક્કામાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા કમિશ્નર આનંદ પટેલ તથા ડે.કમિશ્નરશ્રી સ્વપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફીસર, અધિકારીઓ, વાલીઓ, બહેનો હાજર રહ્યા હતા. ઘટક-૩નાં રેડક્રોસ સેજાની ભોમેશ્વર આંગણવાડી કેન્દ્ર પર પ્રોગ્રામ ઓફીસર ડો. લલિત વાઝાની ઉપસ્થિતિમાં ઉજવણી કરાઈ હતી. ત્રીજા મંગળવાર નિમિતે બાળદિવસમાં જન્મ દિવસનું કેક કટીંગ દ્વારા અને અન્નપ્રાશનમાં ખીરનાં ઉપરી આહાર દ્વારા ઉજવણી કરાઈ હતી.

## સંઘાણી સંપ્ર.ના પૂ. કિરણબાઈમ.ની પુણ્યતિથિ તપ આરાધના સાથે ઉજવાઈ

રાજકોટ,તા.૨૨


નુતન ગુરુદેવ આરાધના ભવન - રાજકોટ માં સંઘાણી સંપ્રદાયના બા.બ્ર. કિરણબાઈ મહા.ની પુણ્યતિથી બા.બ્ર. જયશ્રીબાઈ મહા. આદિ ઠાણાની નિશ્રામાં ત્રિ-દિવસીય તપથી ઉજવાઈ.આ રત્નત્રઈ આરાધના તપમાં અનેક ભાવિકો જોડાયા હતા તેમજ આ ત્રણ દિવસ દરમ્યાન વાતાવરણ ધર્મમય રહ્યું હતું.વ્યાખ્યાન, ધર્મવાંચણી, જાપ, શિબિર જેવા અનેક ધાર્મિક અનુષ્ઠાનોથી ધર્મપ્રેમી શ્રાવકો અને શ્રાવિકાઓને ધર્મમય બનાવી દીધા હતા. બા.બ્ર. ભારતીબાઈ મહા.એ કોકિલકંઠી બા.બ્ર.કિરણબાઈ મહા.ના ગુણાનુવાદ કરતા ધર્મપ્રેમી શ્રાવકો અને શ્રાવિકાઓને ભાવ વિભોર બનાવી દીધા હતા અને અંતમાં ગોંડલ સંઘાણી સંપ્રદાયના પ્રમુખ અશોકભાઈએ પણ પોતાના ભાવ રજૂ કરીને બા.બ્ર. કિરણબાઈ સ્વામીના અનેક દૃષ્ટાંત આપીને તેમની યાદ તાજા કરાવી દીધી તેમની દરેક ઠાણા પ્રત્યેની સૂઝ બુઝ તેમજ તેમનો સંઘ અને. સંપ્રદાય સાથેનો તાલમેળ ગજબનો હતો તેમજ અંતમાં જયશ્રીબાઈ સ્વામીને જણાવેલ કે આમ મોળા ન પડો તમારે જ હવે દરેક ઠાણા ની જવાબદારી નિભાવવાની છે તે જ હવે તમારી ગુરુભક્તિ કહેવાય છે.

## કાલે લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે સૌર કલંક નિદર્શનનું આયોજન

લોક વિજ્ઞાન કેન્દ્ર રાજકોટની બિગ બેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા શહેરની જનતાને સૂર્ય પર થતી ગતિવિધિથી રૂબરૂ કરવા વિશેષ ટેલિસ્કોપ દ્વારા આવતીકાલ તા.૨૩ને ગુરૂવારના રોજ સવારે ૮-૩૦થી ૯-૩૦ દરમ્યાન સૂર્ય દર્શનના કાર્યક્રમનું લોક વિજ્ઞાન કેન્દ્ર રેસકોર્ષ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

**મુનિશ્રી દિવ્યયશ ગણીવર્ય આદિ તથા મુનિશ્રી બોધિદર્શન વિ.મ.આદિઠાણાની નિશ્રામાં**

## જાગનાથ દેરાસરની ૫૦મી સાલગિરિ અનેરા ધર્મોલ્લાસ સાથે ઉજવાઈ: ભવ્ય આંગી સહિતના અનુષ્ઠાનો યોજાયા



રાજકોટ,તા.૨૨

પરમ પૂજ્ય શાસન સમ્રાટ આચાર્ય વિજય નેમિસૂરીશ્વરજી મ. સા. ના ગચ્છનાયક પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના પટ્ટધર તાત્વીક પ્રવચનકાર પરમ પૂજ્ય આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન મુનિશ્રી દિવ્યયશ ગણીવર્ય આદિ ઠા.૨ તથા પરમ પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પરમ પૂજ્ય આચાર્યશ્રી જયસુંદરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પ.પૂ. મુનિશ્રી બોધિદર્શન વિજય મ.સા. આદિ ઠા.૨ની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાઈ હતી.જેમાં સવારે ૭:૦૦ કલાકે સત્તરભેદી પૂજા - સવારે ૭:૪૫ કલાકે બાકી ધ્વજાની ઉછામણી તથા સવારે નવ વાગે લાભાર્થી પરિવાર દ્વારા ૫૦મી ધજારોહણ કરવામાં આવેલ તથા બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી જાગનાથ સંઘ (સભ્ય પરિવાર) તથા આમંત્રિત મહેમાનોનું સંઘ સ્વામીવાત્સલ્ય - સાંજે છ કલાકેસંઘ ના શ્રમકો અને શ્રમિકા દ્વારા મહા આંગી તથા મહાઆરતી પરમાત્મા ની નયન મોહનીય આંગી, ૩૦૦ થી વધુ દીવડાઓ, અદભુત રંગોળીઓ અને સાચા ફૂલો થી ઝગમગતુ શ્રી મહાવીર સ્વામી જિનાલય ને નિહાળવા અવશ્ય પધારશો. પ્રભુ ભક્તિ રાત્રે ૮.૩૦ થી ૧૦ વાગે ભકત ભાવના યોજાઈ હતી.

ઉપરોકત કાર્યક્રમ જાગનાથ સંઘના પ્રમુખ દિનેશભાઈ પારેખ, હેમેન્દ્રભાઈ શાહ, દિનેશભાઈ શાહ તથા જાગનાથ દેરાસરના કન્વીનર તરૂણભાઈ કોઠારી, સહકન્વીનર જયંતભાઈ મહેતા, કમીટી ઈન્ચાર્જ દિલીપભાઈ ટોળીયા વગેરેના માર્ગદર્શનમા અત્યંત સફળ રહ્યો હતો. શ્રી મહાવીર સ્વામી જિનાલય શિખરની ધજાના કાયમી લાભાર્થી પન્નાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવારે લાભ લીધો હતો.

## સહેલી કલબ દ્વારા બહેનો અને બાળકો માટે અમર કલાસીસનું આયોજન

**પર્સનાલિટી ડેવલપમેન્ટ, સ્પોકન ઈંગ્લીશની તાલીમ અપાશે**



રાજકોટ તા.૨૨

સહેલી લેડીઝ કલબ અને રવિ સ્પોકન ઈંગ્લીશ કલાસીસનાં સંયુકત ઉપક્રમે રવિ એકેડેમી ૧૫૦ ફુટ રીંગરોડ, રૈયા ચોકડી પાસે, તા.૨૮ના મંગળવારથી બહેનો અને બાળકો માટે વિવિધ સમર કલાસીસનું ટોકનદરથી આયોજન કરવામાં આવ્યું છે.

આ કલાસીસમાં પર્સનાલિટી ડેવલપમેન્ટનાં કલાસીસ- ૪ દિવસ અક્ષર સુધારણાનો વર્કશોપ-૪ દિવસ સ્પોકન ઈંગ્લીશનાં કલાસીસ-૧ મહિનો અઠવાડીયામાં ૪ દિવસનો રહેશે. જેમનો સમય બપોરનાં ૪થી૭ દરમ્યાન રહેશે. આ કલાસીસને સંકુલ બનાવવા સહેલી લેડીઝ કલબનાં પ્રમુખ જીતાબેન દતાણી, ઉપપ્રમુખ સુનીતાબેન પઢીયાર, મંત્રી જલ્પાબેન દતાણી, પત્રકાર જીતેનભાઈ જીવરાજાની, સોનાબેન જીવરાજાનીએ જહેમત ઉઠાવેલ છે. વધુ માહિતી માટે જીતાબેન દતાણી ૯૯૨૪૭ ૫૨૭૨૨ પર મળશે.

## લારીઓ અને શાક માર્કેટોમાંથી ઝબલા જપ્ત કરવા ડ્રાઈવ : વધુ ૪.૫ કિલો પ્લાસ્ટિક મળ્યું

**ગાયકવાડી, માધાપર, વાવડી, મવડી, પેડક રોડ પર ૨૩ હજારનો દંડ**



રાજકોટ, તા. ૨૨

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ત્રણેય ઝોનમાંથી કુલ ૬૪ આસામીઓ પાસેથી સાડા ચાર કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૩૭૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. નાસ્તાની લારીઓ હોકર્સ ઝોન, શાક માર્કેટ, રેંકડીઓમાંથી પણ ઝબલા જપ્ત કરવાની કાર્યવાહી ચાલુ છે.

સેન્ટ્રલ ઝોનના ગાયકવાડી રોડ, માધાપર મેઈન રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૧.૩ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૭૪૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વાવડી મેઈન રોડ, મવડી મેઈન રોડ પર પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૯ આસામીઓ પાસેથી ૨.૬ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૭૮૦૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. ત્યારે ઈસ્ટ ઝોનના પેડક રોડ, સંતકબીર રોડ પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૩ આસામીઓ પાસેથી પોણો કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૮૫૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

આ કામગીરી કમિશ્નર આનંદ પટેલની સૂચનાથી ડે.કમિશ્નર, પર્યાવરણ ઈજનેર સહિતની ટીમ રોજેરોજ કરી રહી છે.

## આજે મવડી વિસ્તારમાં વડાલિયા ફુડસના ૧૩માં આઉટલેટનો પ્રારંભ

**ઉદઘાટનના અવસરે ૧૨૦થી વધારે વસ્તુ પર ગ્રાહકોને મળશે ૧૦% ડિસ્કાઉન્ટ**

વડાલીયા ફુડસ કંપની દ્વારા આજે મવડી ચંદ્રેશનગર મેઈન રોડ પર વડાલીયા ફુડસના ૧૩માં રીટેલ આઉટલેટનું ઉદઘાટન કરવામાં આવ્યું છે.

આ અવસર પર દરેક ગ્રાહકોને તમામ પ્રોડકટ પર ૧૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે જેમાં ફ્રાયમ્સ, ફરસાણ, નમકીન, ખાખરા, પાપડ જેવી વિવિધ ૧૨૦થી વધારે આઈટમો પર આ ડિસ્કાઉન્ટ મળશે.

આ અંગે વધુ વિગતો વડાલીયા ફુડસ કંપનીના ડિરેકટર મિતભાઈ વડાલીયાએ જણાવેલ છે કે માત્ર ૯ મહિનાના સમયમાં આ ૨૭મો રીટેલ આઉટલેટ શરૂ કર્યો છે. ગોંડલ રોડ પર પ્રથમ રીટેલ શરૂ કર્યા બાદ કંપની દ્વારા શહેરમાં ૧૩ આઉટલેટ સફળતાપુર્વક શરૂ કરવામાં આવ્યા. કંપનીની પ્રોડકટ વિશે જણાવતા ડિરેકટર મિતભાઈ વડાવીયા અને સીઈઓ કેતનભાઈ તન્ના જણાવે છે કે નમકીન વેફર્સ ફ્રાઈમ્સ, ફરસાણ, ખાખરા, પાપડ, મુંગદાળ, આલુ સેવ, રતલામી સેવ, ખારી શિંગ સેવ ઉપરાંત ભાવનગરી અને પાપડી ગાંઠીયાની સાથે વેફર સેગમેન્ટમાં સોલ્ટેડ ચીપ્સો તેમજ બ્લેક પેપર ચિપ્સ વેફર, આઈસી મસાલા, ટેન્ગી ટોમેટો, પ્રેપરીકા વેફર, સોયા સ્ટીકસ, મેજીકપુરી, મસાલા ભુંગળા, પોપ પાસ્તા, પોપકોર્ન પ્રોડકટ, ફરસાણ સેગમેન્ટમાં બેસન સેવ, ભાવનગરી ગાંઠીયા, રતલામી સેવ, પાપડી ગાંઠીયા, તીખા ગાંઠીયા, આલુ ભજીયા, સેવમમરા, ગાર્લિક મમરા, તીખા મીઠા મિકસ, સકરપારા, ગાર્મિક મમરા, તીખા મીઠા મિકસ, સકરપારા, ભાખરવડી, મગદાળ, શીંગ ભુજીયા, દાબેલા ચણા, કેળાની વેફર આ ૩ ઉપરાંત ડ્રાય કચોરી, પાપડ, મસાલા ખાખરા, મેથી ખાખરા, જીરા ખાખરા, પાણીપુરી ખાખરા, રાગીના ખાખરા તેમજ સ્ટોર પર ફરસીપુરી, વણેલા ગાંઠીયા અને તાજેતરમાં મુખવાસ લોન્ચ કરવામાં આવ્યો છે તેમજ કંપની દ્વારા સ્ટોર પર વિવિધ આઈટમોના ૪૦૦ ગ્રામના ૧૦૦% ફુડ ગ્રેડ કન્ટેતર પેકીંગમાં લોન્ચ કરવામાં આવ્યા છે.

## રાહતદરે સ્ત્રી રોગ નિષ્ણાંતની સેવા

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ શ્રીકૃષ્ણ ચિકિત્સાલય, કનક રોડ, એસટી બસ સ્ટેશન પાછળ ખાતે જાણીતા સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. હિનાબેન પોપટ દર સોનથી શનિવાર દરમ્યાન સવારે ૯થી ૧૦ પોતાની રાહત દરે સેવા આપશે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સની રજુઆતને મળી સફળતા**

## રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની ટુંક સમયમાં કરાશે રચના

**રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે હવે ગાંધીનગર કે અમદાવાદ સુધી ધકકા ખાવા નહીં પડે**

રાજકોટ, તા.૨૨

રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ ખુબ જ મોટી સંખ્યામાં વેપાર-ઉદ્યોગકારો કાર્યરત છે. ત્યારે GST અંતર્ગત તેઓને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ લાવવા માટે રાજકોટ ચેમ્બર દ્વારા અવિરત પ્રયાસો કરેલ છે. GSTના અમલીકરણ પછી અપીલના કેસો વધવા પામશે તે બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૯ થી સરકાર સમક્ષ રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના કરવા રજુઆત કરાયેલ હતી.

રજૂઆતમાં જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસો થકી ભારત સરકાર દ્વારા નોટીફિકેશન નં. SO-૩૦૦૯ તા.૨૧-૦૮-૨૦૧૯ થી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ જાહેર કરવામાં આવેલ હતી. પરંતુ કોઈ કારણોસર GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની રચના થઈ નથી અથવા કાર્યરત નથી. રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે ગાંધીનગર કે અમદાવાદ સુધીના લાંબા ધકકા ખાવા પડે છે તેમજ આર્થિક નુકશાન પણ ભોગવવું પડી રહ્યું છે. તેઓની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતે GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચની તાત્કાલીક રચના કરવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલ હતી.

જે રજુઆતના ફળસ્વરૂપે આગામી ટુંક સમયમાં રાજકોટ ખાતે ''GST અપીલ ટ્રીબ્યુનલ એરીયા બેન્ચ'' ની રચના કરવામાં આવશે. જેનાથી રાજકોટ-સૌરાષ્ટ્રના વેપાર-ઉદ્યોગકારોને અપીલને લગતા કેસો માટે હવે ગાંધીનગર કે અમદાવાદ સુધી ધકકા ખાવા નહીં પડે.

## મંગળવારે સ્વ. કિશન ધમસાણીયાની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે રકતદાન શિબિરનું આયોજન



રાજકોટ, તા.૨૨

ઉપલેટા પંથકના મૂળ જામટિંબડીના વતની કડવા પટેલ સમાજના નિવૃત શિક્ષક દંપતિ હસુભાઈ ધમસાણીયા અને ભારતીબેન પટેલના પુત્ર સ્વ.કિશનની ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિ નિમિતે થેલેસેમીયા પીડિત બાળકોના લાભાર્થે રકતદાન શિબિર યોજવામાં આવશે. આગામી તા.૨૮ મે ને મંગળવારના રોજ સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી કિશન ૩/૧૩૨, રવિ રત્નપાર્ક મેઈન રોડ શેરી નંબર ૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે મો.નં.૯૭૧૪૫૦૨૪૨૪ પર સંપર્ક કરવાનો રહેશે.

## મવડીના શિવ ટાઉનશીપમાં શુક્રવારથી સાત દિવસ સુધી રામકથાનો થશે પ્રારંભ

રાજકોટ તા.૨૨

મવડીના પાળ રોડ પર આવેલ શીવ ટાઉનશીપમાં સમસ્ત ટાઉનશીપના ભાવિક ભકતો દ્વારા તા.૨૪ના શુક્રવારથી તા.૧ જુન શનિવાર સુધી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કથાનો સમય સવારે ૯થી ૧૨ તેમજ ૪થી ૭નો રહેશે.

રામકથાનો પ્રારંભ તા.૨૪ મે શુક્રવારના રોજ સાંજે પોથી પધરાવી કરવામાં આવશે. આ કથા દરમિયાન શિવ-પાર્વતી લગ્ન, રામ જન્મોત્સવ, સીતા-રામ લગ્ન, નવધા ભક્તિ, સુંદરકાંડ, હનુમાન ચરિત, રામ રાજ્યાભિષેક જેવા ધાર્મિક પ્રસંગો ઉજવાશે. વ્યાસપીઠ પર નિવૃત શિક્ષક, કથાકાર, પ્રતાપબાપુ અગ્રાવત રામકથાનું રસપાન કરાવશે. કથાની પૂર્ણાહુતિ તા.૧ જુન શનિવારે સાંજે ૬ કલાકે કરવામાં આવશે.

# જામજોધપુરના હોથીજીખડબા ગામે કૂવામાં ખાબકેલા અજગરનું રેસ્કયુ કરાયું

## વનવિભાગ દ્વારા રેસ્કયુબાદ ૧૫ કિલોના છ ફુટ લાંબા અજગરને પ્રકૃતિના ખોળે છોડી મૂકાયો



(ભરત ગોહેલ દ્વારા)
જામજોધપુર,તા.૨૨

જામજોધપુરના હોથીજી ખડબા ગામે ખુલ્લા કુવામાં ખાબકેલા અજગરનું રેસ્કયુ કરી બહાર કાઢી પ્રકૃતિના ખોળે છોડી મૂકાયો હતો.આ અંગેની વિગતો એવી છે કે હોથીજી ખડબા ગામમાં એક ખેડૂતની વાડીમાં ગઈકાલે બપોર દરમિયાન એક ખુલ્લા કૂવામાં અજગર પડી ગયો હતો. આ અંગેની માહિતી જામજોધપુર વન વિભાગને મળી હતી. કુવો ઊંડો ઉતારતી વખતે અજગર તેમાં પડેલો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જેથી જામજોધપુરના વન વિભાગના વનપાલ વાય.કે.જાડેજા, વનપાલ એમ.કે.કરમુર, વનરક્ષક રમેશભાઈ બડીયાવદરા, તથા વનરક્ષક ભગીરથભાઈ વાઢેર કે જેઓ તાબડતોબ હોથીજીખડબા ગામમાં પહોંચી ગયા હતાં.જયાં ૮૦ ફુટ ઉંડા કૂવામાં દોરડા અને ટ્રોલી વગેરેની મદદથી નીચે ઉતરીને એકાદ કલાકની ભારે જહેમત લઈને કુવામાં પડી ગયેલા અજગરને સફળતાપૂર્વક રેસ્કયુ કરી લીધો હતો.અંદાજે સાડા પાંચ થી છ ફુટ લાંબા અને ૧૫ કિલો વજનના અજગરને એક પ્લાસ્ટિકના કોથળામાં રેસ્કયુ કરીને જામજોધપુરના સિદસર વિસ્તારમાં કે જયાં પાણી પર્યાપ્ત માત્રામાં હતું, તે સ્થળે પ્રકૃતિના ખોળે છોડી દીધો હતો.

# વલ્લભીપુર નજીક સવારે લોડિંગ વાહને રીક્ષા ઉડાવી દીધીઃ પ્રૌઢ ડ્રાઈવરનું મોત

## લુણધરાથી મુસાફર ભરવા જતા હતાંઃ અકસ્માત કરી ચાલક ફરાર

(વિપુલ હિરાણી)
ભાવનગર, તા.૨૨

ભાવનગર જિલ્લાના વલભીપુર-બરવાળા રોડ પર આવેલ પાણવી અને કેરીયા ઢાળ વચ્ચે ટાટા કંપનીનું લોડિંગ વાહન અને રીક્ષા વચ્ચે સવારે સર્જાયેલા અકસ્માતમાં લુણધરા ગામમાં રહેતા રીક્ષા ચાલકનું મોત નીપજયું હતું, અકસ્માત બાદ લોડીંગ વાહનનો ચાલક વાહન સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ વલભીપુર તાલુકાના લુણધરા ગામમાં રહેતા માવજીભાઈ પ્રેમજીભાઈ ઝાલા )( ઉં.વ. ૫૦ ) આજરોજ વહેલી સવારે પાંચ વાગ્યા આસપાસ તેમની રીક્ષા નં.જી.જે.૦૪-એ.ટી.૫૦૮૨ લઈને બરવાળા પેસેન્જર લેવા જતા હતા ત્યારે પાણવી અને કેરીયા ઢાળ વચ્ચે સામેથી આવી રહેલા ટાટા કંપનીના પીકઅપ લોડિંગ વાહન નં. જી.જે. ૩૩- ટી - ૩૬૦૫ સાથે અકસ્માત થતા રીક્ષા ચાલક માવજીભાઈ પ્રેમજીભાઈ ઝાલાને ગંભીર ઈજા પહોંચતા એમને સારવાર અર્થે વલભીપુર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના અંગે મૃતક માવજીભાઈ ઝાલાના કૌટુંબિક ભત્રીજા હિતેશભાઈ નારણભાઈ ઝાલાએ ટાટા કંપનીના લોડિંગ વાહનના ચાલક વિરુદ્ધ વલભીપુર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં ખાનગી ફાયનાન્સ પેઢીના માણસોનો જાહેરમાં આતંક





તસવીર : હિતેષ મકવાણા

જામનગરમાં ફાઈનાન્સ પેઢીના અમુક સત્તાધિશો રીતસરના લુંટારુ બન્યા હોવાના સમયાંતરે કિસ્સાઓ સામે આવી રહ્યા છે તેવામાં લોનના હપ્તા મામલે પેઢીના જવાબદારોએ રીતસરનો આતંક મચાવ્યો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના લાલવાડી ચોકડી પાસે લોનના હપ્તા ભરવા બાબતે જાહેરમાં માથાકૂટ થઈ ગઈ હતી. જેમાં ધોકા પાઈપ વડે ફાઈનાન્સ પેઢીના જવાબદારોએ હુમલો કર્યા હોવાની પ્રાથમિક વિગતો બહાર આવી છે. આ અંગેનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેને લઈને પોલીસે તપાસ આદરી છે.

# મોરબીના નાની વાવડી ગામે બોલેરોએ બાઈક હડફેટે લેતા દોઢ વર્ષના માસુમ બાળકનું મોત : ભારે આક્રંદ

## પિતા રાત્રે આંટો મરાવવા નીકળ્યા હતાઃ ઘાયલ બાળકે રાજકોટ હોસ્પિટલમાં દમ તોડયો

(જીગ્નેશ ભટ્ટ)
મોરબી તા.૨૨

મોરબી નજીકના નાની વાવડી ગામે રહેતો યુવાન તેના દોઢ વર્ષના બાળકને બાઇકમાં સાથે લઈને રાત્રે ૯:૩૦ વાગ્યે ચક્કર મારવા માટે નીકળ્યો હતો ત્યારે તેના બાઇકને બોલેરો ગાડીના ચાલકે હડફેટે લેતા અકસ્માત થયો હતો અને તેમાં બાઈક ઉપર રહેલ દોઢ વર્ષનો બાળક નીચે પટકાતા તેને પ્રથમ સારવાર માટે મોરબી અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયા હતા જોકે સારવાર કારગત ન નિવડતા આ બાળકનું મોત નીપજયું હતું.



બનાવની જાણવા મળતી માહિતી મુજબ મોરબી નજીકના નાની વાવડી ગામે રહેતા મિલનભાઈ સોઢીયા તેના દોઢ વર્ષના દીકરા વિહામણને પોતાના બાઈક ઉપર લઈને ગામમાં ચક્કર મારવા નીકળ્યા હતો ગત રાત્રિના ૯:૩૦ વાગ્યાના અરસામાં મિલનભાઈના બાઇકને બોલેરો ગાડીના ચાલકે હડફેટે લેતા અકસ્માતનો બનાવ બન્યો હતો અને ત્યારે બાઈક ઉપર બેઠેલ મિલનભાઈનો દોઢ વર્ષનો દીકરો વિહામણ રસ્તા ઉપર નીચે પટકાયો હતો જેથી કરીને તે બાળકને પેટના ભાગે ગંભીર ઇજા થઈ હતી અને તેને સારવાર માટે પ્રથમ મોરબીની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટની સ્ટર્લીંગ હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલે લઈ જવામાં આવેલ હતો ત્યાં ચાલુ સારવાર દરમિયાન તે દોઢ વર્ષના બાળકનું મોત નીપજયું હતું. અકસ્માત મૃત્યુના આ બનાવ સંદર્ભે સરકારી હોસ્પિટલ મારફતે તાલુકા પોલીસને જાણ કરવામાં આવી મિલનભાઈના ત્રણ વર્ષ પહેલા લગ્ન થયા હતા અને વિહામણ તેનો એકનો એક દીકરો હતો જેનું અકસ્માતમાં મોત નીપજતા પરિવાર ઉપર આભ ફાટી પડ્યું છે.

## જૂન માસમાં નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પ

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આગામી તા.૮ જૂનના રોજ સાંજના ૬:૩૦ થી ૭:૩૦ સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં ૧૧૩-મારૂતિ નંદન, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, પહેલા માળે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ડો.રાવલ એક માસથી ૧૦ વર્ષના બાળકને નિઃશુલ્ક સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવશે.

## વિપશ્યના શિબિર

બુધ્ધ પુર્ણિમા નિમિત્તે એક દિવસીય વિપશ્યના શિબિર તા.૨૬ રવિવારે સવારે ૧૦ થી સાંજે ૫ સુધી ધમ્મકોટ, વિપશ્યના કેન્દ્ર, રંગપર ખાતે રાખેલ છે.

# સૌરાષ્ટ્રના કુખ્યાત બુટલેગર ધીરેન કારીયાએ બનાવેલ ડુપ્લીકેટ પાસપોર્ટ જપ્તઃ છ દિવસની રિમાન્ડ મેળવી

## નકલી પાસપોર્ટના આધારે વિદેશ નાસી જાય તે પૂર્વે જ પોલીસે દબોચ્યો

જુનાગઢ તા.૧૨

જુનાગઢનો રહીશ અને જુનાગઢ મહાનગર પાલિકાના મહિલા કોર્પોરેટરના પતિ ગુજરાત સૌરાષ્ટ્ર જુનાગઢમાં ૬૦થી વધુ પ્રોહી.ના ગુનાનો આરોપી ધીરેન અમૃતલાલ કારીયા ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવી ખોટા નામ ઉપર વિદેશમાં ભાગી જવાની પેરવી પહેલા જ જુનાગઢ પોલીસ વડાની ચાંપતી નજરના કારણે લીસ્ટેડ બુટલેગરને પોલીસે દબોચી લીધો હતો.

જુનાગઢ રાયજી બાગ, નોબલ ક્રાઉન એપાર્ટમેન્ટમાં રહેતો ગુજરાત સૌરાષ્ટ્રનો નામચીન લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા અને જીલ્લામાં અનેક ગુનાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા વોન્ટેડ ગુન્હેગારોને દબોચી લેવા જુનાગઢ રેન્જના પોલીસ મહા નિરીક્ષક નીલેષ જાજડીયા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તાકીદ કરતા જુનાગઢ નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના



માર્ગદર્શન નીચે એ ડીવીઝન પીઆઈ બી.જે. સાવજ પીએસઆઈ ઓ.આઈ. સીદીને મળેલી બાતમીના આધારે જુનાગઢનો લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા રે. રાયજી બાગ વાળો એક ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવેલ તે ડુપ્લીકેટ પાસપોર્ટ તેના મીત્ર અમીત ઉર્ફે ચેમ્પીયન ધીરૂ રાઠોડ રે. ગણેશનગર વાળાના ઘરે સંતાડેલ હોય હાલ તે જેલમાં હોય જેલમાંથી છુટીને ધીરેન કારીયા આ ડુપ્લીકેટ પાસપોર્ટ મારફત વિદેશ ભાગી જવાનો હોવાની હકીકત મળતા જે પાસપોર્ટનો કબજો લઈ તેના કાગળોની ખરાઈ કરતા તે નકલી હોવાનું સામે આવ્યું હતું. એ ડીવીઝન પોલીસે કોર્ટ મારફત કબજો મેળવી એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજ, પીએસઆઈ ઓ.આઈ. સીદી સહિતના પોલીસ જવાનોએ લીસ્ટેટ બુટલેગર વિદેશમાં ભાગી જાય તે પહેલા તેનો પ્લાન ધૂળમાં મેળવી દીધો છે.

ગઈકાલે એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજના માર્ગદર્શન નીચે પીએસઆઈ ઓ.આઈ. સીદીએ બુટલેગર તેમજ નકલી પાસપોર્ટ ધરાવનાર ધીરેન અમૃતલાલ કારીયાને રીમાન્ડ માયે કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરતા કોર્ટે ૬ દિવસના રીમાન્ડ પર સોંપતા એ ડીવીઝન અધિકારીઓએ આગળની તપાસ હાથ ધરી વિવિધ પાસાઓ ખુલે તેવી શકયતા જોવા મળી રહી છે.

# રાજકોટ-કાનાલુસ વચ્ચે ડબલ રેલટ્રેક માટે વધુ એક જાહેરનામું



જામનગર તા.૨૧

જામનગર શહેરમાંથી રેલવે બ્રોડગ્રેજ લાઈન પસાર થાય છે. ત્યારે રાજકોટથી કાનાલુસ બ્રોડગ્રેજ ડબલ લાઈન જામનગરમાં નીકળે છે તે પ્રોજેકટ માટે ૭૨૦૦ ચોરસ મીટર વધુ જમીનની જરૂરિયાત છે. જેથી પશ્ચિમ રેલવે વિભાગ ડ્રારા જમીન સંપાદન કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રાજકોટ થી કાનાલુસ બ્રોડગેજ સિંગલ લાઈનનું ડબલ લાઈનનું કામ ચાલી રહ્યું છે.ત્યારે હાલ જામનગર શહેરમાં સિંગલ લાઈન બ્રોડગ્રેજ છે તે ડબલ લાઈન કરવાના પ્રોજેકટ માટે જમીન સંપાદન કરવા કાર્યવાહી હાથ ધરી છે.જે ડબલ લાઈનનું કામ કરવા વધુ જમીનની જરીયાત ઉભી થઈ છે. જેમાં શહેર તેમજ નવાગામ ઘેડ, જુનાનાગના સહિત કુલ ૭૨૦૦ ચો.મીટર જમીન સંપાદન કરવાની થાય છે.જેમાં સરકારી અને ખાનગી જમીન આવે છે. આ જમીન માટે કુલ ૬૧ સર્વે નમબરોનો સમાવેશ થાય છે.

# મહિલા બાર દ્વારા તાલીમ વર્ગ યોજાયો

રાજકોટ,તા.૨૨

રાજકોટ મહીલા બાર દ્વારા રાજકોટમાં પ્રેકટીસ કરતા લેડીઝ એડવોકેટ તથા લો સ્ટુડન્ટ માટે રાજકોટ ખાતે અખીલ હિન્દ મહીલા પરીષદના પ્રમુખ ભાવનાબેન જોષીપુરાના સહયોગથી અખીલ હીન્દ મહીલા પરીષદના કેમ્પસમાં ત્રિદિવસીય સેલ્ફ ડીફેન્સ માટેના નિશુલ્ક તાલીમ માટેનો કેમ્પ સૌપ્રથમ વાર રાજકોટ મહીલા બાર એશોશીએશન તથા ટેકનોફાઈટ માર્શલ આર્ટ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં રાજકોટના સીનીયર, જુનીયર મહીલા એડવોકેટઓ તથા લો સ્ટુડન્ટ તથા અખીલ હિન્દુ મહીલા પરીષદની મહીલાઓ વિગેરે બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. ટેકનોફાઈટ માર્શલ આર્ટ મેનેજમેન્ટના ડાયરેકટર રોબીનભાઈ કાસુંદ્રા તેમના સહયોગમાં




કીશનાબેન તથા શ્રેયાબેને તાલીમ આપેલ. મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ ગ્રાહક સુરક્ષા કોર્ટના એકસ મેમ્બર કોકીલાબેન સચદેવ સીનીયર એડવોકેટ મીનાક્ષીબેન ત્રિવેદી,સ્મીતાબેન અત્રીએ પણ તાલીમમાં ભાગ લીધેલ અમીતાબેન સીપ્પી, જાગૃતીબેન દવેના હસ્તે સર્ટીફીકેટ પણ આપવામાં આવેલ.આ તકે મહિલા બારના પ્રમુખ રક્ષાબેન ઉપાધ્યાય, મહીલા કારોબારી સભ્ય હીરલબેન જોષી, ઉપપ્રમુખ નયનાબેન ચૌહાણ, સેક્રેટરી બીનલબેન રવેશીયા, સ્તુતીબેન ત્રિવેદી, અંજનાબેન ચૌહાણ તથા કારોબારી પ્રગતીબેન માકડીયા કમિટી મેમ્બરો દ્વારા સફલતાપુર્વકનું આયોજન કરવામાં આવેલ હતું.

# વંદન વાટિકા શેરીમાં રીક્ષા ચાલક બેફામ બન્યોઃ એડવોકેટના મકાનનો ડેલો તોડી લીવીંગ રૂમમાં રીક્ષા ધસી આવી

## એડવોકેટ દુર્લભજીભાઈ રાઠોડે પોતાના મકાનમાં રૂા.૧.૨૫ લાખનું નુકશાન થયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૨

વંદન વાટિકા શેરીમાં રીક્ષા ચાલક બેફામ બન્યો હતો અને એડવોકેટના મકાનનો ડેલો અને દીવાલ તોડી રીક્ષા લીવીંગ રૂમમાં ઘુસાડી હતી. બનાવમાં મકાનમાં રૂા.૧.૨૫ લાખનું નુકશાન થતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.

બનાવ અંગે એરપોર્ટ રોડ પર વંદન વાટિકા શેરીમાં રહેતા દુર્લભજી દલપતસિંહ રાઠોડ (ઉ.વ. ૪૭)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રીક્ષા ચાલક અને એક અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ રાજકોટ કોર્ટમાં વકિલાત કરે છે ગઇકાલે સવારના ૧૧ વાગ્યાની આસપાસ તેઓ કોર્ટ ખાતે હતા ત્યારે તેમના ભાભીનું ફોન આવ્યો હતો કે જી.જે.૦૯-એ-એક્સ-૦૬૦૭ નંબરની રીક્ષાના ચાલકે આપણા મકાન સાથે અથડાવી ડેલો અને દીવાલ તોડી નાખેલ છે. તેમજ રીક્ષા મકાનના લીવીંગ રૂમ સુધી ધસી આવેલ છે. રીક્ષા ચાલક સાથે એક અન્ય શખ્સ પણ બેસેલ હતો. રીક્ષા ચાલકને તેનું નામ પૂછતા રમેશ બથવાર જણાવ્યું હતું. તેમજ ફરિયાદીના મમ્મી થોડીવાર પહેલા જ ત્યાંથી હટચા હતા નહીંતર તેઓના જીવનનું જોખમ ઉભું થયું હોત. બાદમાં તેઓ ઘરે પહોંચતા રીક્ષા ઘરની સામે ઉભી હતી અને ઘરની દીવાલ અને ડેલો તુટી ગયેલ હતો તેમજ ઇલેકટ્રીક વાયર તુટી ગયા હતા. બંને તરફની દીવાલો ધસી પડી હતી તેમજ ડેલો પણ તુટીને નીચે પડેલ હતો. જે જોતા અંદાજીત રૂા.૧.૨૫ લાખનું નુકશાન મકાનમાં થયું હતું. જે અંગેની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની અટક કરી હતી.

# લીંબડી-અમદાવાદ હાઈવે પર ત્રિપલ અકસ્માતઃખાનગી ટ્રાવેલ્સ, ટેન્કર અને કાર વચ્ચે ટક્કર,થતા ૨૦થી વધુ લોકોને ઈજા



(ફારૂક ચૌહાણ)
વઢવાણ તા. ૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઈવે પર વહેલી સવારે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. લીંબડીના કાનપરા ગામના પાટિયા પાસે ખાનગી ટ્રાવેલ્સ, ટેન્કર અને કાર વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા

આ ગોઝારા અકસ્માતની ઘટનામાં અંદાજે ૨૦થી વધુ વ્યકિતઓને ઈજાઓ પહોંચતા એમને લોહીલુહાણ હાલતમાં તાકીદે સારવાર અર્થે ફેદરા, બગોદરા, લીબડી અને ચુડા ૧૦૮ એમ્બ્યુલન્સ



વાન દ્વારા લીંબડી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. આ ટ્રિપલ અકસ્માતની ઘટનાના પગલે લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચીને અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગરમી

(પહેલા પાનાનું ચાલું)

રહી છે. અમદાવાદને લાગે વળગે છે ત્યાં સુધી દરરોજ હિટ સ્ટ્રોકના સરેરાશ ૮૦ જેટલા કેસ નોંધાઇ રહ્યા છે.

ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોનનું સ્તર ઘટતા સૂર્યના કિરણો સીધા જ ધરતી પર પડી રહ્યા હોવાથી આકરા તાપમાં લોકો તોબા પોકારી ઉઠયા છે.

રાજયમાં સર્વત્ર તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધી જ ગયો છે અને સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ સહિતના શહેરોમાં તો ૪૫ ડિગ્રીને પણ વટાવી ગયો છે. એકાદ ડઝન જેટલા શહેરોમાં પારો ૪૩ ડિગ્રી કે તેથી વધુ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા હજુ આવતા દિવસોમાં ઉંચા તાપમાનમાં કોઇ રાહત મળવાની સંભાવના નકારવામાં આવી છે. આ સ્થિતિમાં લોકોને હજુ કાળઝાળ ગરમી અને હિટવેવ જેવી પરિસ્થિતિનો જ સામનો કરવો પડે તેવી શકયતા છે.

## મસાલા

(પહેલા પાનાનું ચાલું)

હતી. ખાસ કરીને એથીલીન ઓકસાઈડ માટે પણ તપાસ કરવામાં આવી હતી.

૩૪ નમુનામાંથી ૨૮નો લેબ રિપોર્ટ આવી ચૂકયો છે. આ બધા નમુનામાંથી એથિલીન ઓકસાઈડની માત્રા નથી મળી. આ સાથે જ એફએસએસએઆઈએ ભારતીય બજારમાં ઉપલબ્ધ મસાલાને સુરક્ષિત બતાવાયા છે. ખરેખર તો એથિલીન ઓકસાઈડનો ઉપયોગ મસાલાને કીટાણુ રહિત કરવા માટે કરાય છે પણ જો તેની માત્રા સુરક્ષિત સ્તરથી વધુ હોય તો તેનાથી કેન્સર સહિત અન્ય સ્વાસ્થ્ય જોખમ પેદા થઈ શકે છે.

## ચારધામ

(પહેલા પાનાનું ચાલું)

હોવાની પરિસ્થિતિ ઉભી થવા લાગી છે.

પવિત્ર ચારધામ યાત્રામાં ભાવિકોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે શ્રેણીબધ્ધ કદમ ઉઠાવવામાં આવ્યા હોવા છતાં હજારોની ભીડને કારણે લોકોને દર્શન કર્યા વિના જ પાછા ફરવાનો વખત આવ્યો છે. મોટી સંખ્યામાં યાત્રાળુઓ ઉમટી પડયા હોવાના કારણે અને વારો આવવામાં કલાકોનો સમય લાગતો હોવાના કારણે ચાર હજાર જેટલા યાત્રાળુઓ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા હોવાનું બહાર આવ્યું છે. ભાવિકોના અસામાન્ય પ્રવાહને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ઓફલાઇન રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું હોવાના કારણે સેંકડો ભાવિકો મુશ્કેલીમાં મુકાયા છે. ઋષિકેશમાં રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૧૨ હજાર યાત્રાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યા હતા. પરંતુ તેઓની વ્યવસ્થા નહીં થઇ શકતા ચાર હજાર યાત્રાળુ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા હતા.

## વિનામૂલ્યે ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ

સ્વ. નંદુબેન તુલસીદાસ નંદાણીના સ્મરણાર્થે નિઃશુલ્ક ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ તા.૨૬/૫ના રવિવારે સવારે ૯થી૧ સુધી જાગનાથ મહાદેવ મંદિર, ડો. યાજ્ઞીક રોડ, જાગનાથ ચોક ખાતે યોજાશે તેમજ રીમોગ્લોબીન પણ ચેક કરી અપાશે.

## કોરોના

(પહેલા પાનાનું ચાલું)

છે. જેમાં બંગાળમાં ૨૩ કેસ, ગોવામાં ૧ કેસ, ગુજરાતમાં ૨, હરિયાણામાં ૧, મહારાષ્ટ્રમાં ૪, રાજસ્થાનમાં ૨ અને ઉત્તરાખંડમાં ૧ દર્દી મળી આવ્યો છે.

**આ રાજયોમાં કેપી-૨ કેપી.૨ દર્દીઓ મળી આવ્યા**

કેપી-૨ની સંખ્યા ઘણી વધુ છે આમાંથી મોટાભાગના દર્દીઓ મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે. અહીં આવા દર્દીઓની સંખ્યા ૧૪૮ છે. જયારે ગુજરાતમાં ૨૩, દિલ્હીમાં ૧, ગોવામાં ૧૨, હરિયાણામાં ૩, કર્ણાટકમાં ૪, મધ્યપ્રદેમાં ૧, ઓરીસ્સામાં ૧૭, રાજસ્થાનમાં ૨૧, યુપીમાં ૮, ઉતરાખંડમાં ૧૬ પશ્ચિમ બંગાળમાં ૩૬, દર્દીઓ મળી આવ્યા છે.

**લક્ષણો**

**આરોગ્ય મંત્રાલયના** જણાવ્યા મુજબ કેપી-૧ અને કેપી ૨ પણ કરોનાના જેએમ-આઈ વેરિએન્ટના સબ વેરિએન્ટ છે. જો કે આ પ્રકારથી સંક્રમિત દર્દીઓમાં અત્યાર સુધીમાં કોઈ ગંભીર લક્ષરો નથી જોવા મળ્યા. હાલમાં હોસ્પિટલમાં દાખલ આવા દર્દીઓની સંખ્યા ઓછી છે.

**શું છે નવા વેરિએન્ટના લક્ષણો**

તાવ સાથે ઠંડી લાગવી નાક બંધ થઈ જવું માથાનો સ્નાયુઓનો દુખાવો થાય છે.

કેવી રીતે કરશો બચાવઃ શ્વસન સંબંધી રોગ ધરાવતા લોકો માટે ઈન્ફલુએન્ઝા, આરએચવી, કોરોના ટેસ્ટ શ્વસન ટેસ્ટ કરાવવા.

## ભાજપ

(છેલ્લા પાનાનું ચાલું)

જમીન. મને આશ્ચર્ય નહીં થાય કે પેટ્રોલિયમ પદાર્થો જીએસટીના ક્ષેત્રમાં આવે. હાલમાં પેટ્રોલ, ડીઝલ, એટીએફ અને નેચરલ ગેસ જેવા પેટ્રોલિયમ પદાર્થ જીએસટીના ક્ષેત્રની બહાર છે.

પીકેએ આગાહી કરી હતી કે પીએમ મોદીના નેતૃત્વવાળી ભાજપ સતામાં વાપસી કરી શકે છે.

## શેરબજાર

(છેલ્લા પાનાનું ચાલું)

કેટલો ફેરફાર ચેક કરવો પડશે. માર્કેટ રેગ્યુલેટરે જણાવ્યું હતું કે, જો શેરના ભાવમાં અચાનક ફેરફાર થયાના ૨૪ કલાકની અંદર જાણવા મળે છે કે આ ફેરફાર અફવાને કારણે થયો છે, જો અફવા સાચી સાબિત થશે, તો શેર ની કિંમત સેબી અથવા સ્ટોક એક્સચેન્જ ના નિયમો મુજબ નક્કી કરવામાં આવશે. આ માટે, સેબી વોલ્યુમ-વેઈટેડ એવરેજ કિંમતને સમાયોજિત કરવાની રીત પ્રદાન કરી છે. આમાં દૈનિક ભારિત સરેરાશ કિંમતો (ડબલ્યુએપી) ની ગણતરી કરવી અને પછી અફવાઓને કારણે થતા ફેરફારોને બાકાત રાખવાનો સમાવેશ થાય છે. આ કિંમતનો ઉપયોગ કરવા માટે કંપનીએ ૨૪ કલાકની અંદર અફવાની પુષ્ટિ કરવી પડશે.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

આવ્યું હતું હવે ફાઇનલ આંકડામાં મતદાન ૬૨.૧૫ ટકા દર્શાવવામાં આવ્યું છે જે ૨૦૧૯ના ૬૧.૮૨ ટકા કરતા વધુ હોવાનું જણાવવામાં આવ્યું છે.

ચૂંટણી પંચના સુત્રોએ જણાવ્યું હતું કે પાંચમા તબકકાની મતદાનની આખરી ટકાવારી તો હજુ શુક્રવારે જાહેર કરવામાં આવશે. પરંતુ છેલ્લા એક અપડેટ પ્રમાણે મતદાન ૬૨.૧૫ ટકા થયું હોવાનું જણાયું છે. ૨૦૧૯માં ૬૧.૮૨ ટકા મતદાન થયું હતું તેના કરતા આંકડો વધી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચમા તબકકામાં આઠ રાજયો-કેન્દ્ર શાસિત પ્રદેશોની ૪૯ બેઠકો પર મતદાન યોજાયું હતું. કાશ્મીરનું બારામુલ્લા બેઠક પર રેકોર્ડબ્રેક મતદાન નોંધાયુ હતું.


## લૂ

(પહેલા પાનાનું ચાલું)

ચંદીગઢ, દિલ્હી તથા પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પાંચ દિવસ હિટવેવ અને સીવીયર હિટવેવની પરિસ્થિતિ સર્જાશે અને આ પાંચ દિવસો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવે છે. આ સમયગાળામાં અનેક શહેર અને જિલ્લામાં તાપમાન ૪૭ ડિગ્રી કે તેનાથી પણ વધુ ઉંચે પહોંચવાની સંભાવના છે. સિનિયર વૈજ્ઞાનિક નરેશકુમારે જણાવ્યું હતું કે સમગ્ર ઉતર પશ્ચિમ ભારતમાં હાલ તાપમાન નોર્મલ કરતા વધુ ઉંચુ રહ્યું છે અને આવતા ત્રણ દિવસ માટે હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. રાજસ્થાન માટે પણ પાંચ દિવસનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે જયાં મહતમ તાપમાન ૪૫થી ૪૭ ડિગ્રીની રેન્જમાં રહેશે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે ઉતર પશ્ચિમ ભારત, ઉતરીય મધ્યપ્રદેશ તથા ગુજરાતના મેદાની ભાગોમાં પણ આવતા પાંચ દિવસ હજુ ભીષણ ગરમીમાંથી રાહત મળવાની સંભાવના નથી. મધ્ય ભારતના અનેક ભાગોમાં આવતા પાંચ દિવસ દરમ્યાન તાપમાનમાં હજુ ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે. ગુજરાત જેવા રાજયો હવામાનની દ્રષ્ટિએ મધ્ય ભારતમાં સમાવેશ પામતા હોવાનું અત્રે ઉલ્લેખનીય છે.

# અમેરિકામાં કાર પલ્ટી જતા ભારતીય મૂળના ત્રણ વિદ્યાર્થીના મોતઃ બે ઘાયલ

## મૃતકમાં એક છાત્ર અને બે છાત્રા: ચાલકે સ્ટીયરીંગ પર અંકુશ ગુમાવતા અકસ્માત થયો



અલ્ફારેટ,તા.૨૨

અમેરિકાના જ્યોર્જિયા રાજ્યના અલ્ફારેટ શહેરમાં ભીષણ માર્ગ અકસ્માતની ઘટના બની હતી. અલ્ફારેટા પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઘટનાસ્થળ પરના પુરાવાના આધારે, એવી શંકા છે કે કારના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી નિયત્રણ ગુમાવતા કાર એક ઝાડ સાથે અથડાઈ હતી અને પછી પલટી મારી ગઈ હતી. અકસ્માતની ઘટના એટલી ભીષણ હતી કે કારનો કચ્ચણઘાણ નીકળી ગયો હતો. આ જીવલેણ કાર અકસ્માતમાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યો હતો. જ્યારે અન્ય બે વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. મૃતક ભારતીય વિદ્યાર્થીઓની ઓળખ અલ્ફારેટા હાઈસ્કૂલના વિદ્યાર્થી આર્યન જોશી, જ્યોર્જિયા યુનિવર્સિટીની વિદ્યાર્થીની શ્રિયા અવસરલા અને અન્વી શર્મા તરીકે થઈ છે. આર્યન જોશી અને શ્રિયા અવસરલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બાકીના ત્રણ વિદ્યાર્થીઓને સારવાર માટે નોર્થ ફુલટન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં અન્વી શર્માનું પણ મોત થયું હતું. અકસ્માતની આ ઘટના ૧૪મી મેએ બની હતી. આલ્ફારેટા હાઈસ્કૂલના વિદ્યાર્થી મોહમ્મદ લિયાકથ અને કાર ચલાવનાર જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટીના વિદ્યાર્થી રિત્વક સોમપલ્લી હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અલ્ફારેટા પોલીસ આ અકસ્માતની ઘટના અંગે તપાસ કરી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં અકસ્માતનું કારણ કાર પુરપાટ ઝડપે ચાલી હોવાનું જાણવા મળ્યું હતું.

# હેમંત સોરેનને સુપ્રીમ કોર્ટનો આંચકો, વચગાળાની જામીન અરજી ફગાવી

સુપ્રીમ કોર્ટે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં સોરેન રાંચીની જેલમાં બંધ છે. હેમંત સોરેન વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટમાં દલીલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ દલીલ કરી હતી કે જો હેમંત સોરેનને ચૂંટણી પ્રચાર માટે વચગાળાના જામીન આપવામાં આવે છે, તો જેલમાં બંધ તમામ નેતાઓ જામીનની માંગ કરશે.

### EDએ અરજીનો વિરોધ કર્યો હતો

એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુ, ED માટે હાજર થઈને, સોરેનની વચગાળાની જામીન અરજીનો વિરોધ કર્યો, એવી દલીલ કરી કે તેમનો કેસ દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ કરતા અલગ છે, જેમને સામાન્ય ચૂંટણીમાં પ્રચાર કરવા માટે ૧૦ મેના રોજ વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ટ્રાયલ કોર્ટે સોરેન સામે પ્રાથમિક દૃષ્ટિએ કેસ શોધી કાઢ્યા બાદ ૪ એપ્રિલે ફરિયાદ પક્ષની ફરિયાદ પર સંજ્ઞાન લીધું હતું.



સોરેનની અરજીની જાળવણી પર પ્રાથમિક વાંધો વ્યક્ત કરતા EDએ કહ્યું કે, આ કેસની તુલના અન્ય કેસ (કેજરીવાલના કેસ) સાથે કરી શકાય નહીં. નહિંતર, દરરોજ કોઈને કોઈ ધરપકડને પડકારવા આવશે અને ફોજદારી કાર્યવાહી અટકી જશે. આ પાન્ડોરા બોક્સ ખોલશે. EDએ કહ્યું કે કેજરીવાલના કેસથી વિપરીત, સોરેનની ૩૧ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી, જે ૧૬ માર્ચે લોકસભા ચૂંટણીના કાર્યક્રમની ઘોષણા પહેલા હતી.

હેમંત સોરેને અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપવાના સુપ્રીમ કોર્ટના આદેશને ટાંક્યો હતો. તેણે પોતાના માટે પણ આવી જ રાહતની વિનંતી કરી હતી. સોરેન સામેની તપાસ રાંચીમાં ૮.૮૬ એકર જમીનને લગતી છે, જે તેણે ગેરકાયદેસર રીતે હસ્તગત કરી હોવાનો આરોપ લગાવ્યો હતો, અગાઉ મંગળવારે પણ તેની અરજી પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ સતીશ ચંદ્ર શર્માની વેકેશન બેન્ચે કેસની વધુ સુનાવણી માટે બુધવારની તારીખ નક્કી કરી હતી.

### કોર્ટે સવાલ પૂછયો?

સુપ્રીમ કોર્ટે મંગળવારે સોરેનને પૂછ્યું હતું કે ટ્રાયલ કોર્ટે કથિત જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની સામે EDની ફરિયાદને ધ્યાનમાં લીધા પછી બંધારણીય અદાલત તેમની ધરપકડની કાયદેસરતાની તપાસ કરી શકે છે. ખંડપીઠે સોરેનના વકીલને પહેલા સમજાવવા કહ્યું કે તેમની નિયમિત જામીન માટેની અરજી ફગાવી દેવામાં આવ્યા પછી તેમને લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે વચગાળાના જામીન કેવી રીતે આપી શકાય. સોરેનના વકીલોએ કોર્ટના સવાલોના જવાબ આપવા માટે બુધવાર સુધીનો સમય માંગ્યો હતો.

# દહેજની માંગ સજાપાત્ર ગુનો છે પણ દહેજ માટે ટોણો મારવો ગુનો નથીઃ હાઈકોર્ટ

## પરિવાર સામેના આરોપો અસ્પષ્ટ :અલાહાબાદ હાઈકોર્ટ

અલાહબાદ,તા.૨૨

અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરમાં એક મહિલાના પતિના સંબંધીઓ સામેની ફોજદારી ફરિયાદોને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે દહેજની માંગણી એ સજાપાત્ર ગુનો છે, પરંતુ ઓછું દહેજ આપવા માટે ટોણો મારવો એ સજાપાત્ર ગુનો નથી. હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે પરિવારના સભ્યો સામેના આરોપો સ્પષ્ટ હોવા જોઈએ, જેમાં ફોજદારી કાર્યવાહી માટે દરેક સભ્ય દ્વારા ભજવવામાં આવતી ચોક્કસ ભૂમિકાઓ પર પ્રકાશ પાડવો જોઈએ.જસ્ટિસ વિક્રમ ડી ચૌહાણે કહ્યું હતું કે ‘‘કાયદો દહેજની માંગને સજાપાત્ર ગણે છે, જો કે, ઓછું દહેજ આપવા માટે ટોણો મારવો એ સજાપાત્ર ગુનો નથી. આરોપી વ્યક્તિ દ્વારા કથિત રીતે કરવામાં આવેલી માંગ સંપૂર્ણપણે અસ્પષ્ટ છે.‘‘

પત્નીએ આરોપ લગાવ્યો હતો કે આરોપીએ દહેજ તરીકે કારની માંગણી કરી હતી અને જ્યારે દહેજની માંગ પૂરી ન થઈ ત્યારે તેને સાસરેથી કાઢી મુકવામાં આવી હતી અને કથિત રીતે દવા આપવામાં આવી હતી જેના કારણે તે બીમાર પડી હતી.

અરજદારોએ જણાવ્યું હતું કે પત્નીએ મારપીટનો આરોપ લગાવ્યો નથી અને કોઈપણ સમયે ઈજાનો કોઈ રિપોર્ટ નોંધાવ્યો નથી. એવી દલીલ કરવામાં આવી હતી કે પત્નીએ પરિણીત નણંદ, બનેવી અને અપરિણીત નણંદ સામે અસ્પષ્ટ અને સામાન્ય આક્ષેપો કર્યા છે. અદાલતે જણાવ્યું હતું કે ફરિયાદોમાં અસ્પષ્ટ આરોપો આરોપીઓના અધિકારો અને તેમનો બચાવ કરવાની તેમની ક્ષમતાને અવરોધે છે અને અસરકારક રીતે બચાવ કેવી રીતે કરવો તે અંગે અનિશ્ચિતતા પણ પેદા કરે છે.

## આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષના ‘સૂચક વિધાનો’: સરકાર પર આડકતરા પ્રહાર

# પક્ષીય રાજકારણથી લોકોનો ‘રસ’ ઉડવા લાગ્યોઃ - તો ભારત ‘અફઘાનિસ્તાન’ બની જશે

### આતંકવાદીઓ સરહદ પાર જ કેવી રીતે કરી શકે? સુરક્ષા વ્યવસ્થામાં ખામી

### લોકસભાની ચૂંટણીમાં ઓછું મતદાન ગંભીર બાબતઃ લોકો ‘દૂર’ થવા લાગ્યા હોવાની છાપ

રાજકોટ, તા.૨૨

આંતરરાષ્ટ્રીય પરિષદના સ્થાપક અને રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવિણ તોગડીયા આજે રાજકોટની મુલાકાતે આવ્યા છે. તા.૨૨ થી ૨૬ મે સુધી સૌરાષ્ટ્ર પ્રાંતના ૧૭ જેટલા કેન્દ્રો પરથી ૨૫૦ જેટલા યુવાનો માટે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટમાં આ વર્ગ સ્વામી નારાયણ ગુરૂકુળ ત્રંબા, ભાવનગર રોડ, આર.કે. કોલેજ પાસે રાખવામાં આવ્યો છે.

રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા દેશના વિવિધ જીલ્લા કેન્દ્રો પર ૪૦થી વધુ સ્થાનો પર રાષ્ટ્રીય બજરંગ દળના યુવાનો માટે યુવા શોર્ય પ્રશિક્ષણ વર્ગ ચાલી રહ્યા છે. જેમાં યુવાનોને કરાટે, રાયફલ શૂટીંગ, લાઠી દાવ, યોગાસન, બાધા, તિરંદાજી, ટ્રેકીંગ રમત અને બૌધ્ધિક વિષયો પર ચર્ચા કરી તાલીમ અપાશે. આ પ્રશિક્ષણના પ્રારંભ પ્રસંગે આતંરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની સ્થાપક ડો. પ્રવિણ તોગડીયાએ રાજકોટની મુલાકાત લઇ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી.

આ તકે ડો. પ્રવિણ તોગડીયાએ ભારતમાં ચાલતી વર્તમાન ગતિવિધિ પર નિવેદનો આપ્યા હતા. તેઓએ આતંકવાદ પર આકરા પ્રહારો કર્યા હતા. તાજેતરમાં આઇએસઆઇના આતંકીઓ ઝડપાયા હતા. તેઓએ જણાવ્યું કે આતંકવાદીઓ દેશની





### રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા સૌરાષ્ટ્રના યુવાનો માટે શોર્ય પ્રશિક્ષણ વર્ગનું આયોજન

સરહદેથી જ આવે છે. તો સરહદો કેમ સુરક્ષીત નથી? જો આવી જ રીતે આતંકવાદીઓ દેશમાં ઘુસણખોરી કરશે તો આપણો દેશ અફઘાનિસ્તાન બની જશે.

આવા આતંકીઓને રોકવા જરૂરી છે. સમગ્ર દેશમાં લોકશાહીના પર્વની ઉજવણી કરવામાં આવી છે. પરંતુ પાંચ તબકકાની પૂર્ણ થયેલી ચૂંટણીમાં લોકોનો નિરસતા જોઇ ડો. પ્રવિણ તોગડીયા જણાવે છે કે, લોકોનો રાજકીય પક્ષો પર વિશ્વાસ ઘટચો છે.

આથી આ વખતે મતદાન ઘટચું છે. જે લોકશાહી માટે ખતરારૂપ છે. હું તમામ લોકોને મતદાન માટે અપીલ કરી રહ્યો છું હવે જ્યાં ચૂંટણી યોજાઇ ત્યાં જંગી મતદાન થાય તે માટે અપીલ કરી હતી.

ચૂંટણી દરમ્યાન રામ મંદિરનો મુદ્દો ચર્ચામાં રહ્યો હતો. આ અંગે ડો. પ્રવિણ તોગડીયાએ જણાવ્યું કે રામ મંદિર ચૂંટણીનો મુદ્દો ન હતો. આથી ચૂંટણી અને રામ મંદિરને અલગ રાખવું જોઇએ. રામ મંદિર મળ્યું છે હવે કાશી અને મથુરા પણ લઇને જ રહીશું.

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ભારતભરમાં હાલ ૧૩ હજાર હનુમાન ચાલીસા કેન્દ્રો ચાલુ છે. આગામી જાન્યુઆરી-૨૦૨૫ સુધીમાં આ કેન્દ્રો ૧ લાખ થઇ જશે. આ કેન્દ્રો પર વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં એક મુઠ્ઠી અનાજ, ઇન્ડિયા હેલ્થ લાઇન દ્વારા વિના મૂલ્યે ચેકઅપ કેમ્પ સહિતના આયોજનો કરવામાં આવી રહ્યા છે. હાલ ૧ લાખ લોકો લાભ લઇ રહ્યા છે. જે આગામી સમયમાં ૧-૨ કરોડ ભારતીયોને લાભ મળશે.

રાજકોટમાં આયોજીત પ્રશિક્ષણ કેન્દ્રનો પ્રારંભ થઇ ચૂક્યો છે. આ પ્રેસ કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સ્થાપક ડો. પ્રવિણ તોગડીયા, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. ગોવિંદભાઇ ગજેરા, મહામંત્રી શશીકાંત પટેલ, જયસુખ પટેલ, જીલ્લા મંત્રી મહેન્દ્રભાઇ તલાટીયા, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ગુજરાત ક્ષેત્ર અધ્યક્ષ રણછોડભાઇ ભરવાડ ઉપસ્થિત રહ્યા હતાં.

# જુનથી શેરબજાર ટનાટન દોડશે

## તમામ પરિબળો અનુકુળ બની રહ્યા છેઃ શેરબ્રોકર પરેશ વાઘાણીનો નિર્દેશ

વડાપ્રધાનના નિવેદન ની જોરદાર અસર શેરબજારમાં જોવા મળશે. તાજેતરમાં જ વડાપ્રધાન દ્વારા જણાવવામાં આવેલું છે કે બજારમાં તેજીનું વાવાઝોડું ફુકશે. ટ્રેડરો થાકી જશે. આ નિવેદનની અસર પોઝિટિવ પડશે. રોકાણકારો ખુશખુશાલ છે અને નવું રોકાણ જૂનમાં કરવા માટે અત્યાર થી જ થનગની રહ્યા છે.

ખાસ કરીને સેકન્ડરી માર્કેટમાં પી.એસ.યુ કંપનીમાં તેમજ આઇ.ટી સેક્ટરમાં મોટી તેજી થઈ શકે છે. સરકારી કંપનીઓમાં મોટી તેજીની શકયતા નકારી શકાય નહીં. જે રીતે સોના ચાંદીમાં તેજી થઈ છે તે જોતા શેરબજારમાં પણ આગ ઝરતી તેજીની શકયતા છે.ખાસ કરીને ચૂંટણીના પરિણામો આવી જાય, નવી સરકારની રચના થઈ જાય, નવું પ્રધાન મંડળ બની જાય અને નાણાપ્રધાન તરીકે કોણ મુકાય છે તે ખાસ જોવાનુ રહેશે. જે રીતે કેન્દ્ર સરકારની પોલીસી ઓ છે અને



વડાપ્રધાનના નિવેદન આવ્યું છે તે જોતા એક મોટો વર્ગ રોકાણનો શેરબજારમાં આગામી પાંચ વર્ષ તેજીની શકયતા જોઈ રહ્યો છે. શેરબજારના નિષ્ણાંત શ્રી પરેશભાઈ વાઘાણીના જણાવ્યાનુસાર આવનારા સમયમાં એફ.આઈ.આઈ તેની રણનીતિ બદલી અને ભારતીય શેરબજારમાં મોટી ખરીદી કરશે તેવી શકયતાઓ છે ઉપરાંત, વૈશ્વિક લેવલે વ્યાજદરોમાં ઘટાડો પણ જોવાય રહ્યો છે.ચોમાસુ પણ સારૂં જાય તેવી શક્યતા છે. આ બધા પરિબળો જોતા શેરબજારની તેજીને કોઈ રોકી શકશે નહીં ખાસ કરીને અમેરિકામાં વ્યાજદરોમાં ઘટાડો થશે. આ ઉપરાંત આગામી બે-ત્રણ કવાર્ટર પછી ભારતમાં પણ વ્યાજદરની સાયકલ રિવર્સ થશે. વ્યાજદરોમાં ઘટાડો થશે. તે જોતા બજારમાં તેજી કરવા વાળો વર્ગ પૈસા કમાશે તેમાં કોઈ શંકા નથી.

# સોનામાં ભાવ વધારો સોનાની બચતનો ટ્રેન્ડ વધારી રહ્યો છેઃ વિવિધ મંતવ્યો

મુંબઈ: સોનાના ભાવમાં સતત રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. સોનુ રૂા.૭૫,૦૦૦ની નજીક પહોંચી રહ્યું છે, પરંતુ સોનાના ખરીદદારોનો ક્રેઝ ઓછો થયો નથી. ઉંચી કિંમતો હોવા છતાં, ગ્રાહકો ઝડપથી રોકાણ કરી રહ્યા છે.



### મુથુટ એકિઝમના સીઈઓ

કેયુર શાહે જાણાવ્યું હતું કે, ‘અમારી એકિઝમ ઓફિસ ઉપરાંત આટલા ઉંચા ભાવે પણ લોકો સોનાની બચત યોજના દ્વારા જવેલરી, બુલિયનમાં વધુને વધુ રોકાણ કરી રહ્યા છે. સોનાના વિક્રમી ભાવોના વાતાવરણમાં પણ, છેલ્લા બે મહિનામાં અમારા યુઝડ ગોલ્ડ પિકિંગ બિઝનેસ (જૂના ગોલ્ડ રિસાયકિલંગ)માં ૩૦% વોલ્યુમ ગ્રોથ જોવા મળ્યો છે, જ્યારે સ્વાર્ણવર્ષમ યોજના હેઠળ ગોલ્ડ સેવિંગ સ્કીમમાં ૬૦-૭૦% વોલ્યુમ ગ્રોથ જોવા મળ્યો છે. લોકોના મનમાં વિશ્વાસ છે કે સોનાના ભાવમાં વધારો થવાનો છે. તેથી તેઓ આ કિંમતે પણ સોનુ ખરીદે છે.

તનિષ્કની બચત યોજનામાં સારો ગ્રોથ જોવા મળે છે. રિલાયન્સ રિટેલે પણ આવી સ્કીમ દ્વારા ખરીદીમાં વૃધ્ધિ નોંધાવી છે.

### કિંમત નીચે આવી

દિલ્હીમાં કિંમતોમાં ઘટાડો થયો છે. મંગળવારે સોના અને ચાંદીના ભાવ તેમની રેકોર્ડ ઉંચાઈથી નીચે આવ્યા હતા. નબળા વૈશ્વિક વલણ અને પ્રોફિટ બુકિંગને કારણે સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂા.૫૫૦નો ઘટાડો નોંધાયો હતો.

### કિંમતો કેમ વધી રહી છે

ઈઈઉઅના નેશનલ સેક્રેટરી સુરેન્દ્ર મહેતાના જાણાવ્યા અનુસાર, અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડો થવાની શકયતા મજબૂત બનવાની સાથે, ભૌગોલિક-રાજકીય કારણોસર સોનાના ભાવમાં રેકોર્ડ વધારો જોવા મળી રહ્યો છે. મોંઘવારીને જોતા યુએસ ફેડ તેની સપ્ટેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં ઘટાડો શરૂ કરી શકે છે. આ ઉપરાંત વિવિધ દેશોની મધ્યસ્થ બેંકો દ્વારા ચાલુ ખરીદી અને ચીન તરફથી આવી રહેલી ભારે ફિજીકલ માંગે ભાવને સતત સપોટ આપ્યો છે. આ વર્ષના અંત સુધીમાં સોનાની કિમત ૭૮,૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચી શકે છે, કારણ કે ૭૦,૦૦૦ રૂપિયા બેઝ પ્રાઈસ બની ગઈ છે.

# તબીબી સારવાર માટે આવેલા બાંગ્લાદેશના સાંસદ ભેદી રીતે લાપતા

## કોલકતામાં મિત્રના ઘરેથી નીકળ્યા બાદ કોઇ અતોપતો નથી : મોબાઇલ લોકેશન બિહારનું નીકળ્યું

કોલકતા, તા. ૨૨

ભારતમાં તબીબી સારવાર માટે આવેલા બાંગ્લાદેશના સાંસદ અનવારૂલ અજીમ અનાર કેટલાક દિવસોથી રહસ્યમય રીતે લાપતા બની જતા સુરક્ષા તંત્ર ખળભળી ઉઠયું છે અને મોટા પાયે તપાસ શરૂ કરવામાં આવી છે.

બાંગ્લાદેશના દુતાવાસ દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું છે કે પોતાના દેશના સાંસદ ગત ૧૨મી મેના રોજ તબીબી સારવાર માટે કોલકતા આવ્યા હતા અને ૧૩મી મેથી જ લાપતા બન્યા છે. તેઓ કલકતામાં પોતાના મિત્રના નિવાસ સ્થાને રોકાયા હતા. મિત્રના ઘરેથી કોઇને મળવાનું હોવાનું કહીને નીકળ્યા હતા. પરંતુ ત્યારપછી પાછા આવ્યા ન હતા અને ત્યારથી તેમનો કોઇ અતોપતો નથી. બાંગ્લાદેશના સાંસદના મિત્ર દ્વારા જ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. તેમનું મોબાઇલ લોકેશન ટ્રેસ કરવામાં આવતા છેલ્લું બિહારનું હોવાનું બહાર આવ્યું છે.

સાંસદના પરિવારજનોએ એમ જણાવ્યું છે કે લાપતા બન્યાના બે દિવસ



સુધી તેઓ કુટુંબ અને પોતાની પાર્ટીના નેતાઓ સાથે પણ સંપર્કમાં હતા પરંતુ ત્યારબાદ કોઇ અતોપતો નથી. મોબાઇલ લોકેશન બિહારમાં નીકળ્યાના પગલે બિહાર પોલીસની પણ મદદ લેવામાં આવી રહી છે. બાંગ્લાદેશના સાંસદ ૨૦૧૪થી સતત ત્રણ વખત સંસદમાં ચૂંટાયા હતા.


# આગ્રામાં જુતાના વેપારીઓને ત્યાં દરોડાના ૮૧ કલાકમાં આઈટીને મળ્યો ૫૭ કરોડનો દલ્લો!

## એક કરોડ રૂપિયાની જ્વેલરી જપ્તઃ ૧૦૦ આઇટી અધિકારીઓ અને ૫૦ પોલીસ કર્મીઓ દરોડાની કાર્યવાહીમાં લાગ્યા હતા

આગ્રા, તા.૨૨

અત્રે ઇન્કમ ટેક્સ વિભાગ દ્વારા જુતાના વેપારીને ત્યાં જુદા જુદા સ્થળે દરોડા કાર્યવાહી ૮૧ કલાક ચાલી હતી.





શનિવારે સવારે ૧૧ વાગ્યે હીંગ કી મંડી સ્થિત હરમિલાપ ટ્રેડર્સના રામનાથ ડંગ, બી.કે. શૂઝના અશોકભાઇ અને સુભાષ અને મંશુ ફૂટવેરના હરદીપ મિઢ્ઢાના જુદા-જુદા ૧૪ સ્થળો પર તપાસ શરૂ થઇ હતી. ચોથા દિવસે મંગળવારે પણ કાર્યવાહી ચાલુ રહી હતી. કુલ ૮૧ કલાકની આ કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૫૭ કરોડ રૂપિયા રોકડા અને ૧ કરોડ રૂપિયાની જ્વેલરી જપ્ત થઇ છે. રામનાથ ડંગના જયપુર હાઉસ અને ન્યુ ગોવિંદનગર સ્થિત આવાસથી આવકવેરા વિભાગની ટીમ સાંજે પરત ફરી હતી. બી.કે. શૂઝમાં રાત્રે ૮ વાગ્યા સુધી કાર્યવાહી ચાલી હતી. આવકવેરા વિભાગને રામનાથ ડંગ, અશોક મિઢ્ઢા અને સુભાષ મિડ્ડા અને હરદીપ મિઢ્ઢાને ત્યાંથી દરોડા દરમિયાન જપ્ત ૫૭ કરોડ રૂપિયા ભારતીય સ્ટેટ બેન્કમાંથી જમા કરાવ્યા છે. સૌથી વધુ રકમ ૫૩ કરોડ રામનાથ ડંગને ત્યાંથી જપ્ત થઇ હતી. તેમને ત્યાં બેડ પર રાખેલ રોકડની થપ્પીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

બી.કે. શૂઝ અને મંશુ ફૂટવેરને ત્યાંથી લગભગ ૪ કરોડ રોકડા જપ્ત થયા હતા. ત્રણેય વેપારીઓને ત્યાંથી લગભગ એક કરોડ રૂપિયાની જ્વેલરી જપ્ત થઇ હતી. જુતા વેપારીઓએ પોતાના રેકોર્ડમાં બોગસ ખર્ચ દેખાડચા છે. આવકવેરા વિભાગે દસ્તાવેજની સાથે સાથે ઇલેક્ટ્રોનિક પુરાવા તરીકે મોબાઇલ, કોમ્પ્યુટર અને લેપટોપથી ડેટા મેળવ્યા છે. જેના આધારે વેપારીઓની લેવડ-દેવડની તપાસ થશે.

ઉલ્લેખનીય છે કે ઇન્કમટેક્સ વિભાગે જુતા વેપારીઓને ત્યાં આવકથી વધુ સંપત્તિની માહિતી પરથી કાર્યવાહી કરી હતી.

## ફિટનેસ મામલે તકેદારી રાખતો ધોની

# પ્રોફેશનલ સ્પોર્ટસ રમવા માટે હંમેશા તમારે ફીટ રહેવું જરૂરી છે

નવીદિલ્હીઃ કરિશ્માઈ વિકેટકીપર-બેટ્સમેન મહેન્દ્રસિંહ ધોનીએ કહ્યું છે કે તેમની પાસે સખત મહેનત કરવા અને ફિટ રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી કારણ કે પ્રોફેશનલ સ્પોર્ટસમાં ઉંમરમાં કોઈ છૂટછાટ નથી. ભારત અને ચેન્નાઈ સુપર કિંગ્સના ભૂતપૂર્વ કેપ્ટન ૪૩ વર્ષની નજીક હોવા છતાં ફિટનેશના મામલે શાનદાર છે. તેણે આઈપીએલની આ સિઝનમાં સિકસર મારવાની ક્ષમતા જાળવી રાખીને સૌને પ્રભાવિત કર્યા હતા.




ઓછું વિચલનઃ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં ધોનીએ કહ્યું, ‘સૌથી મુશ્કેલ વાત એ છે કે હું આખું વર્ષ ક્રિકેટ રમતો નથી. એટલા માટે મારે ફિટ રહેવું પડે છે. જ્યારે હું IPLમાં મેચ રમવા આવું છું ત્યારે મારે એવા યુવાનો સાથે સ્પર્ધા કરવાની હોય છે. જેઓ ફિટ છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી રહ્યા છે. પ્રોફેશનલ રમત સરળ નથી, ઉંમરને કારણે કોઈ તમને છૂટ આપતું નથી. જો તમારે રમવું હોય તો તમારે બાકીના લોકોની જેમ ફિટ રહેવું પડશે. આવી સ્થિતિમાં ખાવાની આદતો અને કસરત પર ઘણું ધ્યાન આપવું પડે છે. સોશિયલ મીડિયાનો ઘણો પ્રભાવ છે પરંતુ, સદનસીબે, હું તેના પર નથી.

# ઈન્ડિગોની ફલાઈટમાં મુસાફરને બેસવા ન મળ્યું! ‘એસટી’ જેવું દ્રશ્ય ખડુ થતા ફલાઈટ રીટર્ન

## મુંબઈથી વારાણસી જતા વિમાનમાં ઘટનાઃ ક્રુ મેમ્બર્સનું ધ્યાન પડયુંઃ ઓવરબુકીંગનું પરિણામ

મુંબઈ: એસટીની ખચોખચ બસ કે ટ્રેનમાં ઉભા ઉભા પ્રવાસ ના કર્યો હોય તેવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે. પરંતુ કોઈ વ્યક્તિને પ્લેનમાં ટિકિટ બુક કરાવ્યા પછી પણ સીટ ના મળે અને તેણે ઉભાં ઉભાં પ્રવાસ કરવો પડે તેવું કોઈ કહે તો માનવામાં ના આવે. જો કે ઈન્ડીગોની એક ફલાઈટમાં થયેલો આવો જ એક છબરડો લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.



ઘટનાની વિગત અનુસાર, મુંબઈથી વારાણસી જતી ઈન્ડીગો એરલાઈનની એક ફલાઈટને ઓવરબુકીંગ થવાને કારણે ટેક-ઓફની ગણતરીની સેકન્ડસ પહેલાં જ એરોબ્રિજ પર પરત ફરવાની ફરજ પડી હતી. ઈન્ડીગો એરની ફલાઈટ ૬૮ ૬૫૪૩ મુંબઈના છત્રપતિ શિવાજી ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સવારે ૭.૫૦ કલાકે વારાણસી જવા માટે ઉપડી હતી. વિમાન હજી રનવે પર જ આગળ વધી રહ્યું હતું ત્યારે એકાએક ફલાઈટના ક્રુ મેમ્બર્સ પૈકી એકની નજર વિમાનના જેથી તેણે એક ફલાઈટ ટેક-ઓફ કરવાનું હોવાથી પોતાની સીટ પર બેસી જવા સૂચના આપી હતી. જો કે મુસાફરે કહ્યું કે બેસવાની જગ્યા નહીં હોવાથી તે ઉભો રહ્યો છે. આથી તરત જ ક્રુ મેમ્બરે બેઠક વ્યવસ્થાની ચકાસણી કરતાં ખરેખર તે મુસાફર પાસે ટિકીટ હોવા છતાં તેના માટે બેસવાની વ્યવસ્થા નહોતી. આથી તરત જ તેણે આ મામલે પાઘલટને જાણ કરી હતી. આથી પાયલટે ફલાઈટ ટેક ઓફ કરવાને બદલે તરત જ તેને પરત ઓરોબ્રિજ પર વાળી લીધી હતી.

સંદીપ પાંડે નામના એક મુસાફરે જણાવ્યું હતું કે, ફલાઈટ પરત લવાયા બાદ તે મુસાફરને પ્લેનમાંથી ઉતારી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ એરલાઈનના સ્ટાફે વિમાનમાં પ્રવાસ કરી રહેલાં તમામ મુસાફરોના કેબીન બેગેજની ચકાસણી કરી હતી. આ સમગ્ર કવાયતને પગલે આ ફલાઈટ આશરે એક કલાક જેટલી વિલંબથી ઉપડી હતી.

ઈન્ડીગોના પ્રવકતાએ આ સમગ્ર ઘટના અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતુ કે ૬૫૪૩ નંબરની ફલાઈટમાં પેસેન્જર બોર્ડીંગની પ્રક્રિયા દરમિયાન કોઈ ભુલ થવાને કારણે વેઈટીંગમાં રહેલા એક મુસાફરને કન્ફર્મ પેસેન્જરની ટિકીટ ફાળવી દેવાઈ હતી. જો કે એરક્રાફ્ટ ટેકઓફ કરે તે પહેલાં જ આ ભુલ ધ્યાન પર આવતાં તે મુસાફરને પ્લેનમાંથી નીચે ઉતારી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમને કારણે ફલાઈટમાં એક કલાક જેટલો વિલંબ થયો હતો. વિમાનના પ્રવાસીઓને નડેલી અસુવિધા બદલ અમે ક્ષમા માંગીએ છીએ, અને ભવિષ્યમાં આવી ભુલ ના થાય તે માટે યોગ્ય પગલા લઈશું.

અમીત મિશ્રા નામના એક મુસાફરે એરલાઈન્સની આવી બેદરકારી અંગે બળાપો ઠાલવતાં જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન વિભાગે મુસાફરોની સુવિધાની અવગણના કરી એરલાઈન્સ વિરુદ્ધ આકરાં પગલાં લેવા જોઈએ.

# પૂણેમાં ઉજાની ડેમમાં નાવ પલ્ટી જતાં ૬ લોકો ડૂબ્યાની આશંકા

પૂણે (મહારાષ્ટ્ર), તા.૨૨

અત્રે ઉજાની ડેમમાં નાવ પલ્ટી જવાથી ૬ લોકોના ડૂબી જવાની આશંકા પેદા થઇ છે. લાપતા બનેલા લોકોને શોધવાનું અભિયાન ચાલુ છે.

આ અંગેની વિગત મુજબ મહારાષ્ટ્રના પૂણેના ઇંદાપુર તાલુકા નજીક કલાશી ગામ પાસે ડેમમાં મંગળવારે સાંજે એક નાવ પલ્ટી જવાથી ૬ લોકો લાપતા બન્યા છે. પૂણે ગ્રામીણ પોલીસે જણાવ્યું હતું કે ડેમમાં ડુબેલા લાપતા લોકોને શોધવા માટે એનડીઆરએફ, એસડીઆરએફ, સ્થાનિક પ્રશાસન અને પોલીસની ટીમને મોકલવામાં આવી છે. હાલ તલાશી અભિયાન ચાલુ છે.

# સગીરના કેસમાં સુપ્રીમકોર્ટનું અપવાદરૂપ આકરૂ વલણઃ જામીન નકાર્યા

## ૧૪ વર્ષીય સાથી વિદ્યાર્થીનીના વાંધાજનક વિડીયો વાયરલ કરી દેતા ૧૪ વર્ષીય સગીરાએ આપઘાત કર્યો હતોઃ ખરાબ સંગતમાં રહેલા સગીરને કડક શિસ્તમાં રાખવાની જરૂર દર્શાવીને હાઈકોર્ટે જામીન આપવાનો ઈન્કાર કર્યો હતોઃ સર્વોચ્ચ અદાલતે પણ દરમ્યાનગીરી કરવાનું નકાર્યુ



નવી દિલ્હી તા.૨૨

કાયદાનો ભંગ કરતા સગીર બાળકના ગુન્હા ગમે તેવા ગંભીર હોય તો પણ જામીન આપવાની પરંપરા છતા સર્વોચ્ચ અદાલતે એક અપવાદરૂપ કિસ્સામાં ઉતરાખંડના સગીર વિદ્યાર્થીની જામીન અરજી નકારી દીધી હતી અને ગંભીર ટિપ્પણી કરી હતી. ઉતરાખંડમાં ૧૪ વર્ષીય સાથી વિદ્યાર્થીનીના વાંધાજનક-અભદ્ર ફોટા વાયરલ થતા વિદ્યાર્થીનીએ આપઘાત કરી લીધો હતો. આ કિસ્સામાં પકડાયેલા સગીરની જામીન અરજી સુપ્રીમકોર્ટે ફગાવી દીધી હતી.

આ સમગ્ર ચોંકાવનારો કિસ્સો ગત વર્ષનો ઓકટોબરનો છે. ૨૨ ઓકટોબરે ૧૪ વર્ષીય વિદ્યાર્થીની લાપતા બની હતી અને બાદમાં તેનો મૃતદેહ મળી આવેલ હતો. સગીરાના પિતાએ એવી ફરિયાદ નોંધાવી હતી કે સાથી વિદ્યાર્થીએ તેના વાંધાજનક ફોટા અને વિડીયો ઉતારીને અન્ય વિદ્યાર્થીઓમાં વાયરલ કરી દીધા હતા. આબરૂ જવાની બીકે પોતાની પુત્રીએ આપઘાત કરી લીધો હતો. આ કેસમાં ગત ૧૦મી જાન્યુ.એ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડે સગીર વિદ્યાર્થીની જામીન અરજી ફગાવી દીધી હતી. આ સગીર સામે પોલીસે કલમ ૩૦૫ અને ૫૦૯ હેઠળ કેસ દાખલ કર્યો હતો. ઉપરાંત પોકસો ધારાની કલમ ૧૩ અને ૧૪ હેઠળ પણ ગુન્હો દાખલ કર્યો હતો. જુવેનાઈલ બોર્ડે જામીન ફગાવતા વિદ્યાર્થીના પરિવારે ઉતરાખંડમાં જામીન અરજી કરી હતી. પરંતુ હાઈકોર્ટે પણ જામીન અરજી નકારી કાઢી હતી અને ચુકાદામાં એમ જણાવ્યું હતું કે કાયદો ભંગ કરતા બાળકે ગમે તેવો ગંભીર ગુન્હો કર્યો હોય તો પણ તે જામીનપાત્ર હોય છે. પરંતુ નામચીન ગુન્હાખોરો સાથે મળીને ફરી વખત કાયદો ભંગ કરી શકે અથવા નૈતિક, શારીરિક કે માનસીક જોખમ સર્જી શકે કે પછી ન્યાયનો પરાજય થવાનો હોય તેવી સ્થિતિમાં જામીન નકારી શકાતા હોય છે.

હાઈકોર્ટે એવું પણ નોંધ્યું હતું કે ખરાબ સંગતે ચડી ગયેલા સગીર વિદ્યાર્થીને કડક શિસ્તમાં રાખવાની જરૂર છે તેને છોડવામાં આવે તો વધુ અનિચ્છનીય બનાવનું જોખમ ઉભુ થઈ શકે છે. સામાજીક તપાસ રિપોર્ટ તબીબી રિપોર્ટ, સ્કુલના રિપોર્ટ તપાસ્યા બાદ તેવું ફલિત થાય છે કે સગીરને જામીન ન આપવાનું જ તેના હિતમાં છે તેને જામીન પર છોડવામાં આવે તો ન્યાયનો પરાજય થઈ શકે છે. હાઈકોર્ટે પણ જામીન નકારતા સગીરના પરિવારે સર્વોચ્ચ અદાલતના દ્વાર ખખડાવ્યા હતા અને તેવી બાંહેધરી આપી હતી કે બાળકની અસરકારક સંભાળ રાખવામાં આવશે જેને બાળસુધાર ગૃહમાં રાખવામાં ન આવે અને માતાને સોંપવામાં આવે પરંતુ સુપ્રીમકોર્ટે પણ અરજી ફગાવી દીધી હતી. જસ્ટીસ બેલા ત્રિવેદી અને પંકજ મિતલે ચુકાદામાં કહ્યું કે હાઈકોર્ટના ચુકાદાનો પુરતો અભ્યાસ કરવામાં આવ્યો છે અને સગીરને જામીન ન આપવાનો નિર્ણય એકદમ યોગ્ય છે. હાઈકોર્ટના ચુકાદામાં દરમ્યાનગીરી કરવાની જરૂર નથી.

# ટોક્યો ટેક ઈવેન્ટમાં ફલાઈંગ કાર જોવા મળી : જમીન અને પાણી બંને પર ઉતરાણ કરવામાં સક્ષમ, ભારતમાં ત્રણ કંપનીઓ એર ટેક્સી પર કામ કરી રહી છે





ટોક્યો : ટોક્યોમાં એક આંતરરાષ્ટ્રીય ટેક ઈવેન્ટમાં પ્રથમ વખત ફ્લાઈંગ કાર ડેબ્યૂ કરવામાં આવી હતી. શહેરના કોટો વોર્ડમાં ટોક્યો બિગ સાઈટ કન્વેન્શન સેન્ટરની બહાર પાર્કિંગમાં પાઈલટ સાથે કાર ૧૦ મીટર સુધી ઉડી ગઈ હતી. કારનું નામ 'Hexa' છે, જેને અમેરિકન કંપની લિફ્ટ એરક્રાફ્ટ ઈન્ક દ્વારા વિકસાવવામાં આવી છે.

હેક્સાની ટોચ પર ૧૮ પ્રોપેલર્સ ઈન્સ્ટોલ કરેલા છે. તે ૪.૫ મીટર પહોળું, ૨.૬ મીટર ઊંચું અને આશરે ૧૯૬ કિલોગ્રામ વજન ધરાવે છે. આ સિંગલ સીટ કાર છે, જે જમીન અને પાણી બંને પર ઉતરી શકે છે. ભારતમાં પણ મહિન્દ્રા અને મારુતિ સુઝુકી સહિત ત્રણ કંપનીઓ ઇલેક્ટ્રિક ફ્લાઈંગ કાર પર કામ કરી રહી છે.

**ચીનની કંપની XPeng અને Hyundaiએ પણ ફ્લાઈંગ કાર બનાવી :**

હ્યુન્ડાઈની એડવાન્સ્ડ એર મોબિલિટી કંપનીએ જાન્યુઆરીમાં અમેરિકાના લાસ વેગાસમાં યોજાયેલા વર્ષના સૌથી મોટા ટેક ઈવેન્ટ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ શો (CES) ૨૦૨૪માં પોતાની ફ્લાઈંગ કારનું પ્રદર્શન કર્યું હતું . આ સિવાય Sky Drive Inc., Pal-V Liberty A"¡ Next Future અતસફ પણ તેમની ફ્લાઈંગ કાર વિકસાવી રહી છે.

Hyundai ની એડવાન્સ્ડ એર મોબિલિટી કંપની જીાયક્ષિફ્હ એ CES-2024 ખાતે તેની ઇલેક્ટ્રિક ફ્લાઈંગ ટેક્સીનું અનાવરણ કર્યું. S-A2 એ ઇલેક્ટ્રિક વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ (eVTOL) વાહન છે. તે ૧૫૦૦ ફૂટની ઉંચાઈ પર ૧૨૦ માઈલ પ્રતિ કલાકની ઝડપે ઉડી શકશે.

તે ૫૦-૬૦ કિમીની મુસાફરી માટે બનાવવામાં આવી છે. તેમાં ૮ ટિલ્ટિંગ રોટર અને વિતરિત ઇલેક્ટ્રિક પ્રોપલ્શન સિસ્ટમ છે. સુપરનેવલ ૨૦૨૮માં આ વાહનને સત્તાવાર રીતે લોન્ચ કરવાની યોજના ધરાવે છે.

**મહિન્દ્રા આગામી વર્ષે ભારતની પ્રથમ એર ટેક્સી લાવશે :**

ઓટોમોબાઈલ કંપની મહિન્દ્રા ગ્રૂપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ તાજેતરમાં X પર એક પોસ્ટમાં પુષ્ટિ કરી છે કે ભારતને આવતા વર્ષ સુધીમાં તેની પ્રથમ ઇલેક્ટ્રિક એર ટેક્સી મળશે. તેણે એક પ્રોટોટાઈપ મોડલના ફોટા પણ શેર કર્યા છે. આ ઈલેક્ટ્રિક એર ટેક્સીને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT) મદ્રાસની પહેલ કંપની ઈપ્લેનમાં વિકસાવવામાં આવશે.

એર ટેક્સી બે સીટર એરક્રાફ્ટ જેવી હશે. તેનાથી ભવિષ્યમાં જનતાને હવાઈ મુસાફરીની સુવિધા મળશે. તેની મહત્તમ રેન્જ ૨૦૦ કિમી હશે. તે સરેરાશ ૨૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ક્રૂઝિંગ ક્ષમતા સાથે ઉડાન ભરશે.

### લિવ ઈન રીલેશનશીપ

# હવેના યુવાનોમાં એક નવો ક્રેઝઃ યુવાનો વૈવાહિક જીવનનો પહેલા અનુભવ ઈચ્છે છે



નવી દિલ્હી,તા.૨૨

એક સર્વે અનુસાર, દરેક સેકન્ડ ભારતીય યુવક લગ્ન પહેલા 'લિવ-ઈન રિલેશનશિપ'માં રહેવા માંગે છે. લાયન્સગેટ પ્લે ઓટીટી પ્લેટફોર્મના સંશોધનમાં આ વાત સામે આવી છે. રિસર્ચ ગેટ સંસ્થાએ લિવ ઇન પર

**★લગ્નના વધુ સારા વૈકલ્પિક મોડલ તરીકે યુવાનો લિવ-ઈનને વિચારી રહ્યા છે**

**★સંબંધોમાં ઉદાર અભિગમ ભારતીય યુવાનોને આકર્ષી રહ્યો છે**

એક અભ્યાસ પણ કર્યો છે. અભ્યાસ મુજબ, ભારતીય યુવાનો ઘણા કારણોસર લિવ-ઈન તરફ આકર્ષાઈ રહ્યા છે.

**શહેરીકરણ અને આધુનિકીકરણ:** આધુનિક જીવનશૈલી લિવ-ઈનને પ્રાધાન્ય આપવામાં ભૂમિકા ભજવે છે. શહેરી વાતાવરણ સંબંધોમાં ઉદાર અભિગમને પ્રોત્સાહન આપે છે.

**સાંસ્કૃતિક ફેરબદલ:** વૈશ્વિકીકરણ અને મીડિયાએ સંસ્કૃતિઓનું આદાનપ્રદાન કર્યું છે. લોકો સંબંધોના વૈકલ્પિક મોડલ, લિવ-ઈનથી માહિતગાર થયા છે.


**વિવાહિત જીવનનો અનુભવ:** યુવાનો માને છે કે લગ્ન પહેલાં લિવિંગ ઈન રિહર્સલ છે, જેથી સંબંધમાં પ્રતિબદ્ધતા માટે સુસંગતતા રહી મૂલ્યાંકન કરી શકાય છે.

**વિવિધ નિર્ણયની સ્વતંત્રતા:** વિવિધ નિર્ણયો પર સ્વાયત્તતા અકબંધ રહે છે. બંને ભાગીદારો વિવિધ જવાબદારીઓ વહેંચવાનું પસંદ કરી શકે છે.

**સરળ અલગતા:** લિવ-ઈન સંબંધોમાં, પાર્ટનર માટે સંબંધમાં પ્રવેશવું અને છુટ્ટુ પડવું સરળ છે. જ્યારે લગ્નથી અલગ થવામાં જટિલ કાનૂની પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

# મોદીએ બે વખત રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવ્યું હતું

## વિદેશમંત્રી જયશંકરનો મહત્વનો ખુલાસોઃ યુદ્ધ વખતે ફસાયેલા ભારતીયોને બહાર કાઢવામાં પણ વડાપ્રધાનનો જ મુખ્ય રોલ હતો




નવી દિલ્હી તા.૨૨

વિદેશમંત્રી એસ.જયશંકરે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીએ એકવાર નહીં, પણ બે વખત રશિયા-યુક્રેનનું યુદ્ધ અટકાવ્યું હતું. યુદ્ધ દરમ્યાન ફસાયો ભારતીય વિદ્યાર્થી સુરક્ષિત દેશ પરત લાવવા આ યુદ્ધ અટકાવવામાં આવ્યું હતું.

એસ.જયશંકરે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે સૌથી પહેલા પાંચ માર્ચે ખારકીવમાં યુદ્ધ રોકવામાં આવ્યું હતું, જયારે આપણા છાત્રોને યુક્રેનમાં નજીકના સુરક્ષિત ક્ષેત્રમાં લઈ જવામાં આવી રહ્યા હતા અને ત્યારે ફાયરીંગ થઈ રહ્યું હતું ત્યારે આપણા વડાપ્રધાન મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનને ફોન કરી ભારતીય છાત્રોને રસ્તો આપવા ગોળીબારી રોકવા કહ્યું હતું. પીએમ મોદીના અનુરોધ પર રશિયન સેનાએ ગોળીબારી રોકી દીધી હતી અને આપણા છાત્રો-લોકો સુરક્ષિત વતન પરત ફર્યા હતા.



અન્ય એક ઘટના આઠ માર્ચે બની હતી. એસ.જયશંકરે જણાવ્યું હતું કે યુક્રેન, રશિયા અને મિલિશિયા વચ્ચે લડાઈ ચાલતી હતી. આપણા છાત્રો તે ક્ષેત્ર છોડવા માંગતા હતા. અમે સંઘર્ષ રોકવાની કોશિશ કરેલી પણ સફળ નહોતા થઈ શકતા જેવા છાત્રો બસમાં સવાર થતા ફાયરીંગ શરૂ થતુ, જેથી છાત્રોએ પાછા ફરવું પડતું. આથી અમે આ મામલે પીએમ મોદીને વાત કરી. તેમણે છાત્રોનું મનોબળ વધારવા સૂચન કરેલું. બાદમાં પીએમ મોદીએ પુતિન અને જેલેન્સ્કીને ફોન કર્યો અને યુદ્ધ રોકવામાં આવ્યું અને આપણા છાત્રો માટે સુરક્ષિત રસ્તો બન્યો હતો.



આ દિવસોમાં દેશના મોટાભાગના સ્થળોએ ભારે ગરમી પડી રહી છે અને મે-જૂન સૌથી ગરમ મહિનો રહેતો હોય છે. જો કે, આ સમયે પણ વિશ્વમાં ઘણી એવી જગ્યાઓ છે જ્યાં ઠંડીનું શાસન છે. અહીં હીટર અને બ્લોઅરથી પણ લોકો પોતાના હાથ-પગને થીજી જવાથી બચાવી શકતા નથી. તેમને ભયંકર ઠંડીનો સામનો કરવો પડે છે.

# જો તમે ગરમીથી પરેશાન છો તો આ ઠંડા પ્રદેશમાં જવાનો પ્લાન કરો

મે-જૂન એ મહિનાઓ છે જ્યારે ઉનાળો તેની ટોચ પર હોય છે. તમે ગમે તેટલા પ્રયત્નો કરો, ગરમીથી બચવું અશક્ય બની જાય છે. તાપમાન ૪૫-૫૦ ડિગ્રી સુધી પહોંચે છે. જો કે, દુનિયાના કેટલાક સ્થળોએ આ સમયે પણ એટલી ઠંડી હોય છે કે આગને સળગાવવી મુશ્કેલ બની જાય છે. આ સ્થળોએ તાપમાનનો પારો માઈનસથી નીચે ઉતરી જતાં લોકોને હિટરથી પણ રાહત મળી શકતી નથી.

### ઠંડો પવન જનજીવન મુશ્કેલ બનાવે છે

આર્કટિક ધ્રુવ પ્રદેશ પૃથ્વીના ઉત્તર ધ્રુવની આસપાસ ફેલાયેલો છે. તે વિશ્વના સૌથી ઠંડા વિસ્તારોમાંનો એક છે. મે-જૂન મહિનામાં પણ અહીંનું તાપમાન શૂન્યથી નીચે રહે છે. જ્યારે દક્ષિણ ધ્રુવ પર સ્થિત એન્ટાર્કટિકા ખંડ વિશ્વનો સૌથી ઠંડો ખંડ છે. મે-જૂન એ એન્ટાર્કટિકાનો શિયાળો છે અને તાપમાન-૬૦ ઓઈ થી નીચે આવી શકે છે. આ ધ્રુવીય પ્રદેશોમાં મે-જૂન દરમિયાન દિવસો ટૂંકા અને રાત લાંબી હોય છે. સૂર્ય ક્ષિતિજની નજીક છે અને કેટલીકવાર સુર્યના દર્શન બિલકુલ દેખાતો નથી. અહીં બરફની ચાદર પથરાયેલી જોવા મળે છે. ઠંડા પવનો હંમેશા ફૂંકાય છે અને તીવ્ર બરફના તોફાન આવી શકે છે.

### અમેરિકાના સૌથી મોટા રાજ્યમાં હાડ થીજવતી ઠંડી



યુનાઇટેડ સ્ટેટ્સનું સૌથી મોટું રાજ્ય અલાસ્કા છે જે આર્ક્ટિક વૃતની નજીક આવેલું છે. અહીંના ઉત્તરીય ભાગોને મે-જૂનમાં ઠંડીનો સામનો કરવો પડે છે. તાપમાન શૂન્યથી નીચે રહી શકે છે અને હિમવર્ષા પણ થઈ શકે છે. તેના અંગે રસપ્રદ વાત એ છે કે અમેરિકાએ તેને રશિયા પાસેથી ખરીદ્યું છે. સામાન્ય રીતે કોઈપણ રાજ્ય પહેલાથી જ દેશનો એક ભાગ હોય છે અથવા તેને યુદ્ધમાં જીતીને અથવા તેના પર કબજો કરીને દેશનો ભાગ બનાવવામાં આવે છે. પરંતુ અમેરિકાએ ૩૦ માર્ચ ૧૮૬૭ના રોજ અલાસ્કાને ખરીદવા માટે રશિયાને મોટી રકમ ચૂકવી હતી જે ભારતીય રૂપિયામાં ૪૫ કરોડ ૮૧ લાખ રૂપિયા થાય છે. વિસ્તાર પ્રમાણે, આજે યુનાઇટેડ સ્ટેટ્સના ૫૦ રાજ્યોમાં આ રાજ્ય સૌથી મોટું રાજ્ય છે. જોનાઉ આઇસ ફિલ્ડ અલાસ્કામાં જ સ્થિત છે, જે વિશ્વનું સાતમું સૌથી મોટું બરફ ક્ષેત્ર માનવામાં આવે છે. લગભગ ૧૫૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા આ વિસ્તારમાં વાર્ષિક ૧૦૦ ફૂટ હિમવર્ષા થાય છે. આ વિસ્તાર ખૂબ ઊંચાઈ પર હોવાથી અહીંનો બરફ ઉનાળામાં પણ ભાગ્યે જ પીગળે છે.





### કેનેડાના નુનાવુત અને યુકોનમાં ભારે શિયાળો

કેનેડાના મોટાભાગના વિસ્તારોમાં મે અને જૂનમાં શિયાળો અશક્ય છે. વાસ્તવમાં, આ બંને મહિના અહીં વસંતઋતુના છે અને તાપમાન સામાન્ય રીતે ધીમે ધીમે ગરમ થવા લાગે છે. જો કે, નુનાવુત અને યુકોન જેવા તેના ઉત્તરીય પ્રાંતોમાં મે-જૂનમાં તાપમાન શૂન્યથી નીચે રહે છે. જૂન મહિનામાં પણ અહીં હિમવર્ષા થવાની સંભાવના છે. તમને જણાવી દઈએ કે કેનેડા ઉત્તર અમેરિકાનો સૌથી મોટો દેશ છે જે આર્કટિક ક્ષેત્રની નજીક આવેલો છે. તે તેની પ્રાકૃતિક સુંદરતા, બહુસાંસ્કૃતિક વારસો અને ઉચ્ચ જીવનધોરણ માટે જાણીતું છે. કેનેડામાં ૧૦ પ્રાંત અને ૩ પ્રદેશો છે, જેમાં વિશ્વનો સૌથી લાંબો દરિયાકિનારો છે. તે તેના તળાવો, જંગલો, પર્વતો અને આર્ક્ટિક ટુંડ્ર માટે જાણીતું છે. તે તેની બે સત્તાવાર ભાષાઓ, અંગ્રેજી અને ફ્રેન્ચ, મેપલ સિરપ, હોકી અને અલબત્ત, તેના શાનદાર અને મૈત્રીપૂર્ણ લોકો માટે પણ જાણીતું છે.




### વિશ્વના સૌથી ઊંચા પહાડ પર હિમવર્ષા

ચીનના પઠારમાં સ્થિત તિબેટ વિશ્વનું સૌથી ઊંચું પહાડ પ્રદેશ છે. તિબેટ પણ મે-જૂનમાં ઠંડીનો સામનો કરે છે. અહીં તાપમાન શૂન્યથી નીચે રહે છે અને હિમવર્ષા પણ થઈ શકે છે. મે મહિનામાં, નમસો તળાવ અને યમદ્રોક સરોવર પીગળતા બરફ અને બરફના અનોખા દ્રશ્યો સર્જાય છે. કિંઘાઈ-તિબેટીયન પ્લેટુમાં સ્થિત, આ બે તળાવો આકર્ષક બરફથી ઢંકાયેલા પર્વતોથી ઘેરાયેલા છે. મે એ સમય છે જ્યારે સ્થાનિક બરફ પીગળવાનું શરૂ કરે છે, જે અદભૂત પીરોજ જેવા અરીસા જેવા પાણીને ઉત્પન્ન કરે છે. આ પર્વતની ઊંચાઈનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તેને 'દુનિયાની છત' કહેવામાં આવે છે. આ પહાડ દક્ષિણ-પશ્ચિમમાં હિમાલય અને ઉત્તર-પૂર્વમાં કુનલુન અને અલ્જિન પર્વતોથી ઘેરાયેલો છે.

**વિશ્વના આ વિસ્તારોમાં મે અને જૂનમાં તીવ્ર ઠંડી પડે છે**


**માઈનસમાં તાપમાન, હીટર-બ્લોઅર પણ નિષ્ફળ જાય છે, હાથ-પગ થીજવા લાગે છે**





### મે-જૂન મહિનામાં પણ અહીંના પહાડો બરફથી ઢંકાયેલા રહે છે

યુરોપના મધ્ય ભાગમાં ફેલાયેલા આલ્પ્સ પર્વતો મે-જૂન મહિનામાં પણ બરફથી ઢંકાયેલા રહે છે. અહીં તાપમાન શૂન્યથી નીચે રહે છે અને હિમવર્ષા થવાની સંભાવના છે. પશ્ચિમથી ઉત્તરપૂર્વ તરફ ચાલતી આ પર્વતમાળા લગભગ ૧,૨૦૦ કિમી લાંબી છે અને સાત યુરોપિયન દેશોમાં વિસ્તરે છે. માઉન્ટ બ્લેન્ક, આલ્પ્સનું સૌથી ઊંચું શિખર ફ્રાન્સમાં આવેલું છે.



### વિશ્વની સૌથી લાંબી પર્વતમાળામાં તાપમાન ઘણું ઓછું

એન્ડીસ પર્વતો, દક્ષિણ અમેરિકાના પશ્ચિમ ભાગમાં ફેલાયેલા, વિશ્વની સૌથી લાંબી પર્વતમાળા છે. મે-જૂનમાં પણ એન્ડીઝના ઊંચા વિસ્તારોમાં બરફ પડે છે અને તાપમાન શૂન્યથી નીચે રહે છે. કુલ મળીને આ પર્વતમાળા ૭,૦૦૦ કિમી સુધી ચાલે છે અને તેની સરેરાશ પહોળાઈ લગભગ ૨૦૦ કિમી છે. તેની સરેરાશ ઊંચાઈ ૪૦૦૦ મીટર (૧૩,૦૦૦ ફૂટ) છે.

### રશિયાનો આ વિસ્તાર ઠંડો છે



રશિયાના સૌથી મોટા અને સૌથી ઠંડા પ્રદેશ, સાઇબિરીયામાં મે-જૂન મહિનામાં પણ તીવ્ર ઠંડી પડે છે. અહીં તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે આવી શકે છે. રશિયાના ઉત્તરીય પ્રદેશો, જેમ કે આર્કટિક મહાસાગરના કિનારે મુર્મન્સ્ક અને આર્કટિક પ્રદેશની નજીક સ્થિત યમલ-નેનેટ્સ ઓટોનોમસ ઓક્રગ, મે-જૂનમાં ઠંડીનો અનુભવ કરે છે. સાઇબિરીયા એ રશિયાનો એક વિશાળ ભૌગોલિક પ્રદેશ છે જે યુરોપ અને એશિયા વચ્ચે વિસ્તરેલો છે. તે વિશ્વના સૌથી ગરમ અને ઠંડા પ્રદેશોમાંનું એક છે, જે તેના વિશાળ ટુંડ્ર, ટેંગા અને પર્વતીય ભૂપ્રદેશ માટે જાણીતું છે. બૈકલ તળાવ, વિશ્વનું સૌથી ઊંડું તળાવ, સાઇબિરીયામાં આવેલું છે. અહીં ઘણી સ્વદેશી જાતિઓ રહે છે અને રીંછ, વરુ અને એલ્ક (હરણોની એક પ્રજાતિ) સહિત સમૃદ્ધ જીવો જોવા મળે છે. સાઇબિરીયા કુદરતી સંસાધનોથી સમૃદ્ધ છે, જેમાં ખનિજો અને લાકડાનો સમાવેશ થાય છે.

### સ્કેન્ડિનેવિયન દેશોમાં પારો શૂન્યથી નીચે

નોર્વે, સ્વીડન અને ફિનલેન્ડ જેવા સ્કેન્ડિનેવિયન દેશોમાં પણ મે-જૂન મહિનામાં ઠંડી હોય છે. આ દેશોના ઉત્તરીય ભાગોમાં તાપમાન શૂન્યથી નીચે હોય છે. સ્કેન્ડિનેવિયા એ યુરોપના ઉત્તર ભાગમાં આવેલો ભૌગોલિક પ્રદેશ છે, જેમાં ડેનમાર્ક, સ્વીડન, નોર્વે અને આઇસલેન્ડ જેવા દેશોનો સમાવેશ થાય છે. આ પ્રદેશ તેની પ્રાકૃતિક સુંદરતા, સમૃદ્ધ સંસ્કૃતિ અને ઉચ્ચ જીવનધોરણ માટે જાણીતો છે. સ્કેન્ડિનેવિયન દેશોમાં ઉચ્ચ જીવનધોરણ અને અદ્યતન અર્થતંત્રો છે. તે તેના પ્રાકૃતિક સૌંદર્યને કારણે એક લોકપ્રિય પર્યટન સ્થળ છે.



# બિકાનેરમાં પારો ૪૭ ડિગ્રીને પાર, BSF જવાને ગરમ રેતી પર પાપડ શેકયો



આ દિવસોમાં દેશમાં ભારે ગરમી પડી રહી છે. ઘણી જગ્યાએ તાપમાન ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. સ્થિતિ એવી છે કે ગરમીના કારણે લોકોની હાલત દયનીય છે. આવી સ્થિતિમાં રાજસ્થાનમાંથી એક ફોટો સામે આવ્યો છે, જેને જોઈને તમે ચોંકી જશો. બીકાનેરમાં BSF જવાનોએ રેતી પર પાપડ શેક્યા તેના પરથી તમે અંદાજો લગાવી શકો છો કે બિકાનેરમાં કેવી ગરમી પડી રહી છે. ફોટામાં જોઈ શકાય છે કે કેવી રીતે પ્રતિકૂળ સંજોગોમાં આપણા સૈનિકો આપણા દેશની સરહદોની સુરક્ષામાં લાગેલા છે. એક તરફ લોકો ગરમીથી રાહત મેળવવા એસી અને કુલરનો સહારો લઈ રહ્યા છે, તો બીજી તરફ દેશની સરહદો પર તૈનાત આપણા જવાનો આ કાળઝાળ ગરમીમાં દિવસ-રાત સતર્ક છે, જેથી આપણે સુરક્ષિત રહી શકીએ. વાયરલ ફોટો બિકાનેરના ખાજુવાલા પાસેની પાક બોર્ડરનો હોવાનું કહેવાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે રાજ્યનું સૌથી ગરમ શહેર બિકાનેર છે. કાળઝાળ ગરમીમાં પણ સૈનિકો રેતાળ રણમાં દેશની રક્ષા માટે ઉભા છે. દરમિયાન, સૈનિકોએ રેતી પર પાપડ શેક્યા.

# હવે ટૂંક સમયમાં OTT પર રિલીઝ થશે અજય દેવગનની ફિલ્મ "મેદાન"



અજય દેવગન અભિનીત 'મેદાન' ફૂટબોલ કોચ સૈયદ અબ્દુલ રહીમની સત્ય ઘટના પર આધારિત છે, જેણે ભારતીય ઈતિહાસ બદલી નાખ્યો હતો. આ સ્પોર્ટ્સ ડ્રામા ફિલ્મમાં અજયે ફરી એકવાર પોતાના શાનદાર અભિનયથી તમામ દર્શકોના દિલ જીતી લીધા છે. તે સૈયદ અબ્દુલ રહીમ પર આધારિત બાયોપિક ફિલ્મ છે. આ ફિલ્મનું નિર્દેશન અમિત શર્માએ કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મ 'મેદાન'એ ભારતમાં લગભગ ૫૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. જો કે ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી ન હતી, પરંતુ ચાહકોને ફિલ્મમાં અજયની જોરદાર એક્ટિંગ પસંદ આવી હતી. જેમણે હજુ સુધી આ ફિલ્મ જોઈ નથી તેઓ હવે OTT પર આ ફિલ્મ જોઈ શકે છે.


### ફિલ્મ ક્યારે અને ક્યાં જોઈ શકશોઃ

ઈદના અવસરે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી અજય દેવગનની ફિલ્મ 'મેદાન' તેના દિગ્દર્શનથી લઈને કલાકારોના અભિનય સુધી જોરદાર હતી, છતાં પણ આ ફિલ્મ પોતાની ઓળખ બનાવી શકી નથી. બોક્સ ઓફિસ. 'મેદાન' અંગ્રેજી સબટાઈટલ સાથે હિન્દી ઓડિયોમાં પ્રાઇમ વિડિયો પર ઉપલબ્ધ છે. પરંતુ કમનસીબે, તમે અત્યારે આ ફિલ્મ મફતમાં જોઈ શકશો નહીં. આ ફિલ્મ જોવા માટે તમારે ૩૪૯ રૂપિયા ચૂકવવા પડશે. જો તમે અજય દેવગનની આ ફિલ્મ જોવા માટે થોડી વધુ રાહ જોઈ શકો છો, તો તમે બે અઠવાડિયા પછી આ ફિલ્મ ફ્રીમાં જોઈ શકશો.

# સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટે હરાવી કોલકતા નાઈટ રાઈડર્સ ફાઈનલમાં : વેંકટેશ - શ્રેયસની સ્ફોટક ઈનિંગ્સ







અમદાવાદ,તા.૨૨

શહેરના મોદી સ્ટેડિયમમાં ગઈકાલે આઈપીએલ ૨૦૨૪ની પ્રથમ ક્વોલિફાયર મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને ૮ વિકેટથી હરાવ્યું છે.KKR એ નાની ભાગીદારી કરી અને અંતે, વેંકટેશ ઐયર અને શ્રેયસ ઐયરની ૯૭ રનની ભાગીદારીના આધારે, તેઓએ ક્વોલિફાયર મેચ જીતી અને IPL 2024ની ફાઇનલમાં જગ્યા બનાવી.SRH પ્રથમ દાવમાં ૧૫૯ રનના સ્કોર સુધી મર્યાદિત રહી હતી. રાહુલ ત્રિપાઠીએ ટીમ માટે ૫૫ રન કર્યા. પેટ કમિન્સે પણ છેલ્લી ઓવરોમાં ૩૦ રનનું યોગદાન આપ્યું હતું. જ્યારે કોલકાતા ટાર્ગેટનો પીછો કરવા મેદાનમાં ઉતર્યો ત્યારે આ વખતે ફિલ સોલ્ટ ઓપન કરી રહ્યો ન હતો અને તેની જગ્યાએ રહેમાનુલ્લા ગુરબાઝે સુનીલ નારાયણ સાથે ઓપનિંગ કર્યું હતું. ગુરબાઝ અને નરેન વચ્ચે ૪૪ રનની ઓપનિંગ ભાગીદારીએ કોલકાતાને સ્થિર શરૂઆત અપાવી હતી અને બાકીનું કામ વેંકટેશ અય્યર અને શ્રેયસ અય્યરની ઈનિંગ્સે કર્યું હતું.

૧૬૦ રનના ટાર્ગેટનો પીછો કરતા સુનીલ નારાયણ અને રહેમાનુલ્લા ગુરબાઝે KKRને સ્થિર શરૂઆત અપાવી હતી. દરમિયાન ચોથી ઓવરમાં ગુરબાઝ ૧૪ બોલમાં ૨૩ રન બનાવીને આઉટ થયો હતો.આ

## કોલકત્તા ચોથી વખત IPL ફાઈનલમાં : હૈદરાબાદ પાસે હાર બાદ પણ ફાઈનલમાં આવવા તક છે : ત્રણ વિકેટ લેનાર મિચેલ સ્ટાર્ક પ્લેયર ઓફ ધી મેચ

મજબૂત શરૂઆતના આધારે કોલકાતા નાઈટ રાઈડર્સે પાવરપ્લે ઓવરમાં એક વિકેટના નુકસાને ૬૩ રન બનાવ્યા હતા. પાવરપ્લે સમાપ્ત થયા પછી પણ KKRનો રન રેટ ધીમો પડ્યો ન હતો. ૧૦ ઓવરના અંતે કોલકાતાએ ૨ વિકેટના નુકસાન પર ૧૦૭ રન બનાવી લીધા હતા અને ટીમને જીતવા માટે હજુ ૬૦ બોલમાં ૫૩ રન બનાવવાના હતા. આ દરમિયાન વેંકટેશ અય્યરે ૨૮ બોલમાં પોતાની અર્ધી સદી પૂરી કરી હતી, જ્યારે કેપ્ટન શ્રેયસ અય્યરે ૨૩ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. વેંકટેશ ઐયર અને શ્રેયસ વચ્ચે ૯૭ રનની અણનમ ભાગીદારીએ કોલકાતા નાઈટ રાઈડર્સનો ૮ વિકેટે વિજય સુનિશ્ચિત કર્યો હતો.

મેચ બાદ શાહરૂખ ખાન પોતાના બાળકો સાથે મેદાનમાં આવ્યો હતો અને ચાહકોનું અભિવાદન સ્વીકાર્યું હતું.આ બધા પહેલા મિશેલ સ્ટાર્કની બોલિંગે SRHની બોલિંગની કમર તોડી નાખી હતી.સ્ટાર્કે તેની ૪ ઓવરના સ્પેલમાં ૩૪ રન આપીને ૩ વિકેટ લીધી હતી.

### શ્રેયસે સતત ૪ બાઉન્ડ્રી વડે જીત મેળવી હતી, હેડની ઓવરમાં ૨૨ રન બનાવ્યા હતા

શ્રેયસ અય્યરે ૧૪મી ઓવર ફેંકી રહેલા ટ્રેવિડ હેડના બોલ પર સતત ચાર બાઉન્ડ્રી ફટકારીને કોલકાતાને ફાઇનલમાં પ્રવેશ અપાવ્યો હતો. તેણે માથાના પહેલા બોલ પર સિક્સર, બીજા બોલ પર ફોર, ત્રીજા બોલ પર સિક્સર અને ચોથા બોલ પર સિક્સર ફટકારી હતી. આ સાથે તેણે પોતાની અડધી સદી પણ પૂરી કરી હતી.

# અમદાવાદમાં સાંજે IPL નો એલીમીનેટર જંગઃ જે ટીમ હારશે તે બહાર ફેંકાશે

## રાજસ્થાન તથા બેંગ્લોર વચ્ચે ટક્કરઃ કોહલી–પાટીદાર–મેક્સવેલ–સેમસન–જયસ્વાલ–પરાગના રોલ મહત્વના બનશે



અમદાવાદ તા.૨૨

આઈપીએલના ફાઈનલમાં કોલકતા નાઈટરાઈડર્સનો પ્રવેશ થઈ ગયો છે અને બીજી ટીમનુ ચિત્ર હવે બે મેચ પછી સ્પષ્ટ છે. આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તથા રાજસ્થાન રોયલ્સ વચ્ચે એલીમીનેટર મુકાબલો થશે તેમાં જે પરાજીત થાય તે બહાર ફેંકાશે અને જે જીતે તેને ફાઈનલમાં એન્ટ્રી મેળવવા માટે વધુ એક વિજય પ્રાપ્ત કરવો પડશે.

બેંગ્લોરની ટીમે અંતિમ મેચોમાં જબરદસ્ત દેખાવ કરીને પ્લેઓફમાં સ્થાન મેળવ્યુ હતું જ્યારે રાજસ્થાનનો દેખાવ આખરી મુકાબલાઓમાં નબળો પડયો હોવાના કારણે આજના એલીમીનેટર જંગ પર ક્રિકેટ ચાહકોની નજર છે. ટુર્નામેન્ટમાં લીગ સ્ટેજે બેંગ્લોર એક પછી એક હાર સાથે તળીયે હતું પરંતુ પછી ગાડી જીતના પાટા પર ચડી ગઈ હતી. સળંગ છ મેચ જીત્યા હતા. નિર્ણાયક મેચમાં ચેન્નઈને હરાવીને ચમત્કારીક રીતે પ્લેઓફમાં સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

આ સંજોગોમાં આત્મવિશ્વાસથી છલોછલ બેંગ્લોરને વર્તમાન ફોર્મનો મોટો લાભ મળી શકે તેમ છે. ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન સાથે ઓરેન્જ કેપ ધરાવતા વિરાટ કોહલીના પરફોર્મન્સ પર આજે ખાસ નજર રહેશે તેવી જ રીતે રજત પાટીદાર તથા મેકસવેલનો રોલ મહત્વનો બનશે. રાજસ્થાનમાં જયસ્વાલ, સંજુ સેમસન, રિયાન પરાગ તથા બોલ્ટનો રોલ મહત્વનો બનશે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં અત્યાર સુધીમાં રમાયેલા ૧૨ મેચોમાં માત્ર બે વખત ૨૦૦થી વધુનો સ્કોર બન્યો છે. વાતાવરણ સ્વચ્છ રહેવાનું છે ત્યારે બોલ-બેટની દિલધડક ભીડત જોવા મળશે.

## કાલે રાજકોટમાં સોમનાથ-રાજલક્ષ્મી રેલવે ફાટક સવારથી ૮ કલાક માટે બંધ રહેશે

### બિલેશ્વર સેકશનમાં બે રેલવે ફાટકની મેન્ટેનન્સ કામગીરીના પગલે વાહનોને ઓવરબ્રિજ પર ડાયવર્ટ કરાશે

રાજકોટ,તા.૨૨

રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં આવેલા બે રેલવે ફાટક મેન્ટેનન્સની કામગીરી માટે ૮ કલાક બંધ રહેશે. રાજકોટ ડીવીઝનના રાજકોટ-બિલેશ્વર સેક્શનમાં આવેલ રેલવે ક્રોસીંગ નં.૧૨૦ (સોમનગર/રાજલક્ષ્મી ફાટક) અને રેલવે ક્રોસિંગ નં.૧૨૨ (દયાલ મિલ ફાટક) મેન્ટેનન્સની કામગીરી માટે ૨૩ મે ૨૦૨૪ના રોજ રાત્રે ૨૨.૦૦ વાગ્યાથી ૨૪ મે ૨૦૨૪ના રોજ સવારે ૦૬.૦૦ વાગ્યા સુધી એટલે કે કુલ ૮ કલાક માટે બંધ રહેશે.રોડ ઉપયોગકર્તાઓ આ સમયગાળા દરમિયાન જૂના મોરબી ફાટક પર બનાવેલ રોડ ઓવર બ્રિજ નં. 217A નો ઉપયોગ કરી શકે છે.તેમ રેલવે વિભાગની એક યાદીમાં જણાવ્યું છે.

# ગંભીર કે ફલેમિંગ, કોણ બનશે ઈન્ડિયાનો કોચ? એમએસ ધોની નક્કી કરશે, બોર્ડે મદદ માંગી



ન્યુ દિલ્હી :

T20 વર્લ્ડ કપ બાદ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચનું પદ ખાલી થઈ જશે. તેથી BCCIએ નવા કોચની શોધ શરૂ કરી છે. ભારતીય ક્રિકેટ બોર્ડે કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓનો પણ સંપર્ક કર્યો છે જેઓ આ કામમાં નિષ્ણાત છે. રિપોર્ટ અનુસાર, નેશનલ ક્રિકેટ એકેડમીના હેડ વીવીએસ લક્ષ્મણની સાથે ગૌતમ ગંભીર, જસ્ટિન લેંગર, રિકી પોન્ટિંગ અને ચેન્નાઈ સુપર કિંગ્સના મુખ્ય કોચ સ્ટીફન ફ્લેમિંગ રેસમાં છે. પરંતુ ગૌતમ ગંભીર અને સ્ટીફન ફ્લેમિંગ આ પદ માટે પ્રબળ દાવેદાર હોવાનું કહેવાય છે. ભારતનો સૌથી સફળ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની નક્કી કરી શકે છે કે રાહુલ દ્રવિડના ગયા બાદ ટીમ ઈન્ડિયાને કોણ સંભાળશે.

**ફ્લેમિંગ BCCIની પ્રથમ પસંદગી**

BCCIના શ્રેષ્ઠ પ્રયાસો છતાં રાહુલ દ્રવિડે પોતાનો કાર્યકાળ વધારવાનો ઈનકાર કર્યો છે. આવી સ્થિતિમાં હવે નવા કોચની શોધ કરવી જરૂરી બની ગઈ છે. પરંતુ તમારા મનમાં એક સવાલ ઉઠી શકે છે કે જો આ બોર્ડનું કામ છે તો ધોની નિર્ણય કેવી રીતે લઈ શકે. વાસ્તવમાં, એક અહેવાલ મુજબ, ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ માટે ફ્લેમિંગ BCCIની પ્રથમ પસંદગી છે. પરંતુ તેણે ૨૦૨૭ સુધી આ ભૂમિકા ભજવવામાં ઘણી સમસ્યાઓ વ્યક્ત કરી છે.

**BCCIએ ધોનીની મદદ માંગી**

બોર્ડે IPLની શરૂઆતમાં ફ્લેમિંગ સાથે વાત કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે હાલમાં તે એવી ભૂમિકા ભજવવા માંગે છે જેમાં ઓછો સમય લાગે. આ પછી બોર્ડે ગૌતમ ગંભીર અને રિકી પોન્ટિંગ જેવા અન્ય વિકલ્પો શોધવાનું શરૂ કર્યું. પરંતુ ચેન્નાઈ સુપર કિંગ્સની હાર સાથે BCCI તેમને મનાવવા માટે બીજી તક શોધી રહી છે અને આમાં મહેન્દ્ર સિંહ ધોનીની મદદ ઈચ્છે છે.

**ધોની અને ફ્લેમિંગનું CSK કનેકશન**

મહેન્દ્ર સિંહ ધોની અને સ્ટીફન ફ્લેમિંગ એકબીજાને ખૂબ જ સારી રીતે જાણે છે અને બંને વચ્ચે વર્ષોથી સારું કનેક્શન છે. ફ્લેમિંગના આગમન પછી ધોનીએ તેને ક્યારેય CSKમાંથી બહાર જવા દીધો નહોતો. પહેલા તે CSK માટે રમ્યો અને પછી કોચ તરીકે તેનો ભાગ બન્યો અને આજ સુધી ટીમનો કોચ છે. આટલું જ નહીં, જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સ પર બે વર્ષનો પ્રતિબંધ હતો ત્યારે પણ ધોનીએ ફ્લેમિંગને રાઈઝિંગ પૂણે સુપર જાયન્ટ્સમાં પોતાની સાથે રાખ્યો હતો.

**ધોનીના હાથમાં નિર્ણય**

રિપોર્ટ અનુસાર, BCCI IPL દરમિયાન ધોની સાથે વાત કરવા માગતું ન હતું. પરંતુ હવે તેની ટીમ બહાર થઈ ગઈ છે, તેથી બોર્ડ છેલ્લી વખત ધોની સાથે આ અંગે વાતચીત કરશે. જો ધોની ફ્લેમિંગને મનાવવામાં સફળ થાય છે તો તે ભારતીય ટીમનો મુખ્ય કોચ બની શકે છે. જો આમ ન થાય તો ગૌતમ ગંભીર આ પદ માટે સૌથી મોટા દાવેદાર માનવામાં આવી રહ્યા છે. તેથી હવે ધોનીના હાથમાં છે કે ગૌતમ ગંભીર કે સ્ટીફન ફ્લેમિંગ ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ બનશે.

મેરા દેશ બદલ રહા હૈ... : એક સમયે આતંકી હુમલાની દહેશત રહેતી અને આર્મીનો સતત પહેરો હતો ત્યાં થયું શૂટિંગ

# કાશ્મીરના લાલ ચોકમાં સિંઘમ અગેઈનનું થયું શૂટિંગ : અજય દેવગન અને જેકી શ્રોફનો ફાઈટ સિકવન્સ જોવા સેંકડો લોકો આવ્યા

## કાશ્મીરમાં શૂટિંગ અને તે પેહલા રેકોર્ડ બ્રેક થયું વોટિંગ : દેશભરમાથી મુસાફરોની સંખ્યામાં થયો વધારો







શ્રીનગર :

કલમ ૩૭૦ નાબૂદ થયા પછી કાશ્મીરમાં શું બદલાયું? જો તમે તાજેતરના મહિનાઓમાં કાશ્મીર ગયા ન હોવ અને આ જાણવા માંગતા હો, તો લોકસભા ચૂંટણી દરમિયાન લાલ ચોકની એક તસવીર જુઓ. ખીણમાં વાતાવરણ કેવી રીતે બદલાઈ ગયું છે તેનો પુરાવો આ વીડિયો જ છે. લાલચોક રોડની બંને બાજુ ભીડ છે. એક અલગ જ ઉત્સુકતા છે. એટલામાં ખાકી યુનિફોર્મમાં શ્યામ ચશ્માં પહેરેલ પોલીસ અધિકારી પ્રવેશે છે. પાછળ બ્લેક કમાન્ડોની ફોજ હથિયારો સાથે આગળ વધી રહી છે. પોલીસ અધિકારી સાથે એક વ્યક્તિને લઈ જવામાં આવી રહ્યો છે. જે રીતે તે પકડાયો તે સ્પષ્ટ કરે છે કે તે બેડમેન છે. અહી ચાલી રહી છે સિંઘમ અગેનનું શૂટિંગ જેમાં બાજીરાવ સિંઘમ ઉર્ફે અજય દેવગન પોલીસ ઓફિસરના યુનિફોર્મમાં અને જેકી શ્રોફ બેડમેન તરીકે આવી રહ્યો છે. વાસ્તવમાં, આ સીન ફિલ્મ 'સિંઘમ-૩'નું છે જે કાશ્મીરના લાલ ચોકમાં ફિલ્માવવામાં આવ્યું છે. હા, લાલ ચોક. જ્યાં ક્યારેક ધમકીઓ, બહિષ્કાર અને પાકિસ્તાનનો દુષ્પ્રચાર કરવામાં આવતો હતો.

સિંઘમ અગેઇન શૂટિંગનો ૧૫ સેકન્ડનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયો શેર કરતી વખતે સાજિદ યુસુફ શાહે લખ્યું- કાશ્મીરનો લાલ ચોક એક સમયે આતંકી હબ તરીકે કુખ્યાત હતો પરંતુ હવે તે ટુરિસ્ટ હબ અને બોલિવૂડ હબ તરીકે આગળ વધી રહ્યો છે. હા, તાજેતરના મહિનાઓમાં દેશના ખૂણે-ખૂણેથી લોકો પૃથ્વી પર સ્વર્ગ સમા કાશ્મીર પહોંચી રહ્યા છે. જેમના મનમાં હજુ પણ કોઈ પણ પ્રકારની શંકા હોય તેમણે ફિલ્મનું શૂટિંગ જોયા પછી દૂર કરી દેવું જોઈએ. ૨૦૧૯ પહેલા આ શકય નહોતું. ૯૦ના દાયકાથી આતંકવાદ અને કટ્ટરવાદીઓના કારણે ઘાટીનું વાતાવરણ બગડ્યું હતું.

હવે ઘાટીમાં માત્ર ફિલ્મનું શૂટિંગ જ નહીં પરંતુ વોટિંગની પણ ચર્ચા થઈ રહી છે.

અગાઉ આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓના ડરથી લોકો મતદાન કરવા બહાર નીકળતા ન હતા. પરંતુ હવે લોકશાહીમાં વિશ્વાસ મજબૂત થયો છે. ઉત્તર કાશ્મીરના બારામુલ્લા લોકસભા મતવિસ્તારની સમગ્ર દેશમાં ચર્ચા થઈ હતી. અહીં રેકોર્ડ મતદાન થયું છે. આ મતવિસ્તારમાં ૧૭,૩૨,૪૫૯ મતદારો છે, જેમાંથી ૧૦,૦૭,૬૩૬ મતદારોએ મતદાન કર્યું હતું. આ કુલ મતદારોના ૫૮.૧૭ ટકા છે. આ બેઠક પર ૧૯૬૭ પછી સૌથી વધુ મતદાન થયું છે.

# F&O ટ્રેડીંગ અંગે સરકાર શા માટે ચેતવી રહી છે ?



જો તમે શેર માર્કેટમાં વેપાર કરો છો. તો તમારે ફ્યુચર એન્ડ ઓપ્શન ટ્રેડીંગ (F&O ટ્રેડીંગ) વિશે જાણવું જ જોઇએ.

તાજેતરમાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામને રીટેલ રોકાણકારોને જોખમી F&O ટ્રેડીંગ વિશે ચેતવણી આપી છે. આમાં તેણે બેલગામ વૃધ્ધિને ભવિષ્યમાં પરિવારોની બચત માટેખતરો ગણાવ્યો હતો.

ચીફ ઇકોનોમીક એડવાઇઝર વી.અનંત નાગેશ્વરનને પણ રીટેલ વેપીઓ માટે F&O ટ્રેડીંગ વધતા જોખમ અંગે ચિંતા વ્યકત કરી હતી. આવી સ્થિતિમાં પ્રશ્ન એ છે કે, નીતિ નિર્માતાઓ રીટેલ રોકાણકારોને F&O ટ્રેડીંગ વિશે શા માટે ચેતવણી આપી રહ્યા છે ?

**અભ્યાસ શું કહે છે ?**

ટાઇમ્સ ઓફ ઇન્ડિયાના રીપોર્ટ અનુસાર F&O ટ્રેડીંગનો ઉપયોગ મુખ્યત્વે શેરબજારમાં ઝડપી નાણા કમાવવાના સટ્ટાકીય માર્ગ તરીકે થઇ રહ્યો છે. પરંતુ હકીકત એ છે કે રીટેલ નિવેશક પૈસા ગુમાવી રહ્યા છે. જાન્યુઆરી-૨૦૨૩માં સેવીએ એક અભ્યાસ બહાર પાડયો છે.

આ દર્શાવે છે કે F&O સ્પેસમાં ૮૯ ટકા લોકો નાણા ગુમાવી રહ્યા છે. આનો અર્થ એ થયો કે માત્ર દસમાંથી એક વ્યકિતએ નાણા મેળવ્યા પરંતુ F&O ટ્રેડીંગ વોલ્યુમ ઝડપથી વધી રહ્યું છે. આનાથી બજારના દિગ્ગજોને પણ આશ્ચર્ય થયું છે.

**ટ્રેડીંગનું ટર્નઓવર કેટલું વધ્યું છે ?**

NSEને અનુસાર માર્ચ-૨૦૨૩ (કોરોના રોગચાળા પહેલા) અને માર્ચ-૨૦૨૪ની વચ્ચે માસિક ડેરીવેટીવ્ઝ ટર્ન ઓવર ૩૩ ગણો વધ્યો હતો. તે રૂા. ૨૪૫.૫ લાખ કરોડથી વધીને રૂા. ૭.૨૧૮ લાખ કરોડ થયો છે. BSE પર માર્ચ ૨૦૨૦માં આશરે રૂા. ૧ લાખ કરોડના ટર્ન ઓવરમાંથી, આ સેગમેન્ટનું સંપૂર્ણ ટર્નઓવર ૧.૫૧૯ લાખ કરોડના ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું. આ ૧૫૦૦ ગણાથી વધુનો દર્શાવે છે. આ રોકડ સેગમેન્ટ કરતા વધારે છે.

**F&O ડીલ્સ શું છે ?**

વાયદાના સોદા હેઠળ એક ટ્રેડર કોઇ શેરને બજાર કિંમત પર ભવિષ્યની તારીખમાં ખરીદી કે વેચી શકે છે. તેવી જ રીતે વિકલ્પ કરાર હેઠળ ગ્રાહકને ભવિષ્ય માટે નિર્ધારીત કિંમતે શેર ખરીદવા અથવા વેચવાનો અધિકાર મળે છે. જોકે એ જરૂરી નથી કે તે એક જ તારીખે શેર ખરીદે કે વેચે.

### ખરી ચિંતા કઇ છે ?

છુટક રોકાણકારો માટે વધતી ભાગીદારી સાથે બજારમાં મોટી સંખ્યામાં છેતરપીંડી કરનારા ઓપરેટરો પણ આવી ગયા છે. તેઓ વધુ પડતો અને અયોગ્ય નફો બતાવીને F&O ટ્રેડીંગ વિષે લોકોને ગેરમાર્ગે દોરવા માટે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે અને તેમાં જોડાવા માટે પ્રેરીત કરે છે. તેઓ રોકાણકારોને ફસાવવા માટે મોટા ભાગે સેલિબ્રટીઝ અને મોટા રોકાણકારોની તસ્વીરો અને વિડીયોનો ઉપયોગ કરે છે. ઘણી વખત તેઓ મોટા નફાના સ્ક્રીન શોટસનો ઉપયોગ કરે છે (જેને નકલી નફો અને નુકસાન તરીકે ઓળખવામાં આવે છે અથવા 'પી એન્ડ એલ' સ્ક્રીન શોટસનો પણ ઉપયોગ થાય છે)

આ રીતે છુટક રોકાણકારો તેમની જાળમાં ફસાઇ જાય છે અને તેમની થાપણો ગુમાવે છે.

### F&O ટ્રેડીંગ શું છે ?

ઇકવીટી બજારમાં બે સેગમેન્ટ (હિસ્સો) હોય છે તેમાં એક છે રોકડ અને બીજો છે ડેરિવેટિવ્ઝ સેગમેન્ટ છે. તેને ફયુચર્સ અને ઓપશન્સ પણ કહેવામાં આવે છે. F&O એ ડેરિવેટીવ ઇન્સ્ટુમેન્ટસ છે. આમાં વેપારી પૂર્વ નિર્ધારીત કિંમતે અન્ડરલાઇંગ એસેટ પર કરાર ખરીદે છે. અથવા વેચે છે જેમ કે નામથી ખબર ડે છે. ડેરિવેટિવ અને નાણાકીય ઉત્પાદનો છે જે અન્ય અંતર્ગત અકસ્માયતો જેમ કે સેકસ, બોન્ડસ, કોમોડીટી વગેરેમાંથી તેનું મૂલ્ય મેળવે છે.



# 'આપ' સાંસદ સ્વાતિ માલીવાલ કેસની તપાસ મુંબઇ સુધી લંબાઇ : વિભવકુમારે મોબાઇલ ફોર્મેટ કરાવ્યો હતો

## વિભવકુમારને લઇ પોલીસ મુંબઇ પહોંચશે : ડીલીટ થયેલો ડેટા રીકવર કરવાના પ્રયાસો વેગવંતા

નવી દિલ્હી, તા. ૨૨

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલની છેડતી અને મારપીટના કેસમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સહયોગી બિભવ કુમારને દિલ્હી પોલીસ તપાસ માટે લઈ જવામાં આવી રહી છે. આ માટે પોલીસ તેની સાથે દિલ્હી એરપોર્ટ જવા રવાના થઈ ગઈ છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, વિભવકુમારે મુંબઈમાં પોતાનો મોબાઈલ ફોર્મેટ કર્યો હતો. આથી પોલીસ વિભવના મોબાઈલમાંથી ડીલીટ થયેલો ડેટા રિકવર કરવાનો પ્રયાસ કરશે. આ સાથે એ પણ જાણવા મળશે કે વિભવકુમારે મુંબઈમાં કોનો સંપર્ક કર્યો હતો.

પોલીસને આશા છે કે મોબાઈલ ડેટાને લઈને સમગ્ર સત્ય બહાર આવશે. આ પહેલા સોમવારે દિલ્હી પોલીસ વિભવ કુમારને સીએમ હાઉસ લઈ ગઈ અને ક્રાઈમ સીલ ફરીથી બનાવ્યો. વિભવ પર તપાસમાં સહકાર ન આપવાનો આરોપ

પોલીસ સ્વાતિ માલીવાલ પર આ અંગે સત્ય કહેવા માટે દબાણ કરી રહી છે. પોલીસ અધિકારીનું કહેવું છે કે માલીવાલની પણ સતત પૂછપરછ કરવામાં આવી રહી છે. બિભવ અને માલીવાલને પણ સામસામે બેસાડીને પૂછપરછ કરવામાં આવશે.

માલીવાલ કેસમાં એફઆઈઆર અને તેનો મેડિકલ રિપોર્ટ કેવી રીતે લીક થયો તે અંગે પોલીસ પર સવાલો ઉભા થઈ રહ્યા છે.

# અયોધ્યામાં હજારો ભકતોનો પ્રવાહઃ દૂધની માંગ ૧૦,૦૦૦ લીટર વધી ગઈ

## હવે ૩ માસ સુધી દૂધ ન બગડે તેવો પ્લાન્ટ નખાશે



અયોધ્યા, તા.૨૨

અયોધ્યાના રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરીએ રામલલ્લાના અભિષેક બાદ માત્ર ભકતોની સંખ્યામાં જ નોંધપાત્ર વધારો થયો નથી પરંતુ ખાદ્યપદાર્થોની માંગ પણ વધી છે.

માહિતી અનુસાર, સામાન્ય વપરાશ સિવાય અયોધ્યામાં ૧૦ હજાર લિટર દૂધની વધારાની માંગ વધી છે. અયોધ્યામાં પ્રવાસન વધવાને કારણે ત્યાંની હોટલ, રેસ્ટોરન્ટ અને નાની દુકાનોમાં દૂધની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, દૂધના વધતા વપરાશને ધ્યાનમાં રાખીને, અહીં સ્થિત પરાગ ડેરીમાં અલ્ટ્રા હીટ ટ્રીટમેન્ટ (UHT) પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જ્યારે આથો દૂધનો પ્લાન્ટ સ્થાપવાની દરખાસ્ત સરકારને મોકલવામાં આવી રહી છે. જોકે, ટેકનિકલ સ્ટાફની તૈનાતી ન હોવાને કારણે યુએચટી પ્લાન્ટની કામગીરી અટકી પડી છે. અયોધ્યાની પરાગ ડેરીના જનરલ મેનેજર આશિષ કુમાર શ્રીવાસ્તવના જણાવ્યા અનુસાર, અત્યાધુનિક ઓટોમેટિક પ્રોસેસિંગ પ્લાન્ટની ક્ષમતા દૈનિક ૫૦ હજાર લિટર દૂધની છે, જેના દ્વારા અયોધ્યા અને આસપાસના દૂધ કેન્દ્રો માટે દરરોજ દૂધ પ્રોસેસ કરવામાં આવે છે. જે જિલ્લાઓમાં લગભગ ૩૫ હજાર લિટર દૂધનું પ્રોસેસિંગ માત્ર અયોધ્યા જિલ્લામાં થાય છે. તેમણે કહ્યું કે, ઓટોમેટિક મિલ્ક પ્લાન્ટમાં સહકારી મંડળીઓ પાસેથી દૂધ ખરીદવાથી લઈને લેબમાં તેની શુદ્ધતા ચકાસવાથી લઈને પેકિંગ સુધીની કામગીરી કરવામાં આવે છે.અહીં આખું કામ કોન્ટેક્ટલેસ થાય છે.

પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ હેઠળ, વાદ પરાગ ડેરીમાં એક નવો UHT પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેનું પરીક્ષણ પણ કરવામાં આવ્યું છે. આમાં પ્રોસેસિંગ પછી દૂધને ત્રણ મહિના સુધી સુરક્ષિત રાખી શકાય છે. જો દૂધની માંગ વધે કે ઘટે તો વધારાની માંગને અહીંથી નિયંત્રિત કરી શકાય છે. આશિષ કુમાર શકકુમારે જણાવ્યું કે, જ્યારે રામનવમી અને અન્ય તહેવારો દરમિયાન દૂધની માંગ અચાનક વધી જાય છે ત્યારે UHT પ્લાન્ટની ભૂમિકા સામે આવે છે.

હાલમાં ટેકનિકલ સ્ટાફની નિમણૂકના અભાવે તે કાર્યરત નથી. એવું માનવામાં આવે છે કે, તેની કામગીરી પણ આવતા મહિને શરૂ થઈ જશે. જીએમના જણાવ્યા અનુસાર, આ પ્લાન્ટનો સૌથી મોટો ફાયદો એ છે કે પ્રોસેસિંગ દરમિયાન વાતાવરણની હવાથી લઈને પ્લાન્ટના આખા રૂમ સુધીની દરેક વસ્તુને જંતુરહિત રાખવામાં આવે છે. આ જ કારણ છે કે અહીં પ્રોસેસ્ડ દૂધના પેકેટ ત્રણ મહિના સુધી બગડતા નથી. અહીં લગાવવામાં આવેલા પ્લાન્ટમાંથી દરરોજ ૧૦ હજાર લિટર દૂધનું પેકેર્જિંગ કરી શકાય છે.

ત્રણ મહિનાની શેલ્ફ લાઇફ ધરાવતા દૂધનું પેકેર્જિંગ અને પ્રોસેસિંગ મોંઘું છે કારણ કે આ સમયગાળા દરમિયાન પાવર કટ થવો જોઈએ નહીં, અન્યથા પ્રક્રિયાને ફરીથી પુનરાવર્તિત કરવી પડશે. આવી સ્થિતિમાં સતત આઠ કલાક ચાલતા હાઈ પાવર જનરેટરના સીઆઈપી કેમિકલ અને ડીઝલના ખર્ચ સહિત ૧ લાખ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે.

સ્માર્ટ મીટરનો ઉહાપોહ શાંત પડયો નથી ત્યાં નવો નિર્ણય

# રૂા.૧૦૦૦ થી વધુનું વિજબીલ રોકડમાં નહિં સ્વીકારવા ફતવોઃનવા વિવાદના ભણકારા

## પીજીવીસીએલ સહિતની ચાર સરકારી કંપનીઓ, જો કે તે તાત્કાલીક લાગુ નહીં કરેઃ ટૉરેન્ટ જેવી ખાનગી કંપનીઓએ ગ્રાહકોને સુચના આપી દીધી

## ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશનના આદેશ મુજબ ૧૦૦૦ થી વધુનાં વિજબીલમાં 'ડિજિટલ પેમેન્ટ' ફરજીયાત

અમદાવાદ તા.૨૨

ગુજરાતમાં પ્રિ-પેઈડ સ્માર્ટ મીટરનો જોરદાર વિવાદ ચગ્યો જ છે અને સરકાર બેકફુટ પર આવી ગઈ છે. ત્યારે વિજતંત્રનાં નિર્ણયથી વધુ એક ઉહાપોહ સર્જાવાની આશંકા છે. રૂા.૧૦૦૦ થી વધુનાં વિજબીલમાં રોકડથી ચૂકવણી કરવા પર પ્રતિબંધ મુકતો ફતવો જારી કરવામાં આવ્યો છે માત્ર ડીઝીટલ પેમેન્ટ થકી જ બીલ ભરી શકાશે.

ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશન દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ રૂા.૧૦૦૦ થી વધુના વીજબીલનુ પેમેન્ટ રોકડમાં નહીં કરી શકાય.માત્ર ડીજીટલ-ઓનલાઈન ધોરણે જ પેમેન્ટ કરવુ પડશે.અમદાવાદમાં ટોરેન્ટ પાવર દ્વારા તો તેનાં તમામ વિજ ગ્રાહકોને આ પ્રકારની સુચના આપી દેવામાં આવી છે. જોકે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ હેઠળની ચારેય સરકારી વિજ વિતરણ કંપનીઓએ નિયમ લાગુ કરવા માટે સમય માંગ્યો છે.સરકારી કંપનીઓના લાખો ગ્રાહકો ગ્રામ્ય કક્ષાનાં હોવાથી અમલ મોડો રાખવા સુચવ્યુ છે.

ગુજરાત ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી કમીશનના આદેશને રાજય સરકારે ગત ૬ ડીસેમ્બરે જ નોટીફાઈ કરી દીધો હતો તેમાં એમ કહેવાયું છે કે રૂા.૧૦૦૦ સુધીનું વિજબીલ ગ્રાહકો રોકડ, ચેક, ડ્રાફટ કે ઈ-પેમેન્ટ જેવા વિકલ્પથી ચુકવી શકશે. પરંતુ રૂા.૧૦૦૦ થી વધુના બીલ માટે ઈ-પેમેન્ટ ફરજીયાત રહેશે.



સરકારી વિજ કંપનીઓએ ૧૦,૦૦૦ થી વધુના વીજબીલ રોકડમાં સ્વીકારવાનું ત્રણ વર્ષ પૂર્વે જ બંધ કરી દીધુ હતું. મોટી રકમનાં વિજ બીલનું પેમેન્ટ ચેક, ડ્રાફટ, આરટીજીએસ કે ઓનલાઈન ધોરણે જ સ્વીકારવામાં આવે છે.

ઉર્જા વિકાસ નિગમના સુત્રોએ કહ્યું કે ચારેય સરકારી વિજ કંપનીઓના ૧.૫૦ કરોડ વિજ ગ્રાહકો છે.તેમાંથી લાખો ગ્રામ્ય કક્ષાએ છે. રાતોરાત નવો નિયમ લાગુ કરવાનું શકય નથી અને એટલે ૧૦૦૦ થી વધુની રોકડ નહીં સ્વીકારવાનો નિર્ણય હાલ તૂર્ત લાગુ નહિં થાય. ૧૦,૦૦૦ થી વધુના વીજ બીલ રોકડમાં નહિં લેવાનો નિયમ ચાલુ રહેશે. તેઓએ કહ્યું કે વિજ બીલની વસુલાત ડીજીટલ-ઓનલાઈન ધોરણે થાય તે માટે ગ્રાહકોને પ્રોત્સાહિત કરવા છેલ્લા ત્રણ વર્ષમાં અનેક કદમ ઉઠાવવામાં આવ્યા છે અનેક ડીજીટલ પ્લેટફોર્મ સાથે કરાર કરવામાં આવ્યા છે. ઈલેકટ્રીક બીલમાં કયુઆર કોડ આપવામાં આવી રહ્યા છે જે સ્કેન કરીને ગ્રાહકો બીલ પેમેન્ટ કરી શકે છે.ઉપરાંત ડીજીટલ મર્ચટ, એપ.વેબસાઈટ, જેવા પેમેન્ટ વિન્ડોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી જ છે. ગ્રામ્ય કક્ષાએ પણ ગ્રાહકોને ડીજીટલ પેમેન્ટની સુવિધા મળે તે માટે ઈ-ધરા ઓફીસમાં પણ બીલ સ્વીકારવાની સુવિધા છે. વીજ બીલ વસુલાતમાં ઓનલાઈન પેમેન્ટનો ટ્રેન્ડ સતત વધી રહ્યો છે. ૨૦૨૧-૨૨ માં ૨.૪૯ કરોડ ડીજીટલ ટ્રાન્ઝેકશન થયા હતા તે ૨૦૨૨-૨૩ માં વધીને ૨.૯૫ કરોડ તથા ૨૦૨૩-૨૪ માં ૩.૪૫ કરોડે પહોંચ્યા હતા.

# ડિમોલીશનનો દૌર યથાવતઃ મવડી વિસ્તારમાં રેવન્યુ તંત્રએ ૨૧ કરોડની જમીન ખુલ્લી કરાવી









## જિલ્લા કલેક્ટરની સુચના મુજબ દક્ષિણ મામલતદાર કાકડીયા અને તેની ટીમે મવડી સર્વે નં.૧૯૪ પૈકીની ત્રણ ચો.મી. જમીનમાં ખડકાઇ ગયેલા દબાણો હટાવ્યાઃ રૂા.૨૧ કરોડની જમીન ખુલ્લી કરાવાઇ

રાજકોટ, તા.૨૨

તાજેતરમાં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા શહેર અને જિલ્લાના દરેક મામલતદારોને સરકારી જમીનો ઉપર લાંબા સમયથી ખડકાઇ ગયેલા ગેરકાયદેસર દબાણો હટાવવા માટે કડક સુચના આપવામાં આવેલ છે. આ સુચનાના પગલે રાજકોટ જિલ્લામાં હવે ડીમોલીશનનો દોર શરુ થયો છે. ગઇકાલે લોધીકા તાલુકા મામલતદાર દ્વારા કરોડો રૂપિયાની કિંમતી જમીન ઉપર ખડકાઇ ગયેલા ગેરકાયદેસર દબાણો દૂર કરી દીધા હતા.

દરમ્યાન આજરોજ જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રાજકોટના દક્ષિણ મામલતદાર કાકડીયા અને તેની ટીમ દ્વારા મવડી વિસ્તારમાં સરકારી જમીન ઉપર ખડકાઇ ગયેલા ગેરકાયદેસર દબાણો ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું. આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ દક્ષિણ મામલતદાર કાકડીયા અને તેની ટીમે જિલ્લા કલેક્ટરના આદેશના પગલે આજરોજ આ કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ મવડીના સર્વે નં. ૧૯૪ પૈકીની જમીન સરકારી જમીનમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર ખડકાઇ ગયેલા ૬ કોમર્શીયલ દબાણો અને એક ભંગારનો ડેલો ઉપર બુલડોઝર ફેરવી દીધું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે મવડી સર્વે નં. ૧૯૪ પૈકીમાં આવેલી ૩ હજાર ચો.મી. જમીન ઉપર આ દબાણો ઉભા થઇ ગયા હતા અને આ દબાણો આજરોજ હટાવી મામલતદાર તંત્રએ રૂા.૨૧ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી દીધી હતી. નોંધનીય બાબત એ છે કે રાજકોટ શહેર અને જિલ્લામાં હવે આવા સરકારી જમીનો ઉપરના દબાણો હટાવવાની કાર્યવાહી યથાવત રહેનાર છે.

## દબાણો હટાવવા કોઠારીયા, વાવડી, ઘંટેશ્વર વિસ્તારમાં ૫૦ નોટીસો ફટકારતા રાજકોટ તાલુકા મામલતદાર

તાજેતરમાં રાજકોટ જિલ્લા કલેક્ટર દ્વારા જિલ્લાના દરેક મામલતદારોને સરકારી જમીનો ઉપરના દબાણોનો તાત્કાલીક સર્વે કરી અને દબાણો અંગેની નોટીસો ફટકારી નિયત સમયમાં સ્વૈચ્છીક રીતે દબાણો નહીં હટાવનાર દબાણ કર્તાઓએ ખડકી દીધેલા ગેરકાયદેસર દબાણો હટાવી દેવા માટે સુચના આપવામાં આવી છે. આ સુચનાના પગલે ચાલુ સપ્તાહમાં જ રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા જુદા-જુદા વિસ્તારોમાં દબાણો અંગેનો સર્વે હાથ ધરવામાં આવેલ હતો. આ સર્વે હવે પૂર્ણ થતાં રાજકોટ તાલુકા મામલતદાર દ્વારા કોઠારીયા, વાવડી અને ઘંટેશ્વર વિસ્તારમાં ૫૦ જેટલા દબાણ કર્તાઓને દબાણ હટાવવા માટેની નોટીસો ફટકારવામાં આવી હોવાનું તાલુકા મામલતદાર કચેરીના સુત્રોમાંથી જાણવા મળેલ છે.

# રૂા.૧૦નો સિકકો કાયદેસરનું ચલણ, દુકાનો પર સ્વીકારવા સ્ટીકર લગાવોઃ કલેકટર દ્વારા વ્યાપારીઓને તાકિદ

## બેંકોમાં પણ સિકકા જમા કરાવી શકાય છેઃ પૂરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધઃ લેણ-દેણ વ્યાપક બનાવવા અનુરોધ



રાજકોટ તા.૨૨

રાજકોટ શહેર જીલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રૂા.૧૦નો સિકકો માન્ય હોવા છતા તેનો વ્યવહારમાં નહીંવત ઉપયોગ થતો હોય ગ્રાહકો-વેપારીઓ તેમજ બેંકર્સને રૂા.૧૦ના સિકકાને લઈને મુશ્કેલીઓ પડી રહી છે.

જેમાં મોટાભાગના દુકાનદારો રૂા.૧૦ના ચલણી સિકકા સ્વીકારતા ન હોવાની ઉઠેલી થોકબંધ ફરીયાદો બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા રૂા.૧૦નો સિકકો એ કાયદેસરનું ચલણ હોય આ ચલણી સિકકાને તમામ દુકાનો પર સ્વીકારવા તેમજ રૂા.૧૦ના સિકકા અહીં સ્વીકારાય છે તેવા દુકાનો પર સ્ટીકલ લગાવવા વેપારીઓને અપીલ કરવામાં આવી છે.

આ અંગે જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા જીલ્લા કલેકટર કચેરી ખાતે પણ નેશનલ અને ખાનગી બેંકોના અધિકારીઓ સાથે ખાસ બેઠક યોજી ભાર પૂર્વક જણાવ્યું હતું કે રૂા.૧૦નો સિકકો ભારત સરકાર અને આરબીઆઈ દ્વારા માન્યતા પ્રાપ્ત ચલણ છે જેનો વ્યવહાર કાયદેસર છે જેથી કરીને લોકો વેપારીઓ નિઃસંકોચ પણે ચલણમાં તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે તે ઈચ્છનીય છે. તેમજ બેંકો પણ રૂા.૧૦ના સિકકાનો અસ્વીકાર કરી શકે નહીં તમામ બેંકોમાં રૂા.૧૦ના સિકકા જમા કરાવી શકાય છે. કલેકટર પ્રભવ જોશી દ્વારા આ બાબતે સહકાર આપવા બેંક અધિકારીઓને જણાવ્યું હતું આ તકે બેંક અધિકારીઓએ પણ જણાવેલ કે રૂા.૧૦ના સિકકા કોઈપણ વેપારી બેંકમાં જમા કરાવી શકે છે. રૂા.૧૦નો સિકકો વ્યાપક પ્રમાણમાં વહેવારમાં આવતા છુટા નાણાની સમશ્યા હલ થઈ જશે અને લોકોની મુશ્કેલી દુર થશે. આ તકે જીલ્લા કલેકટર જોશી દ્વારા રૂા.૧૦ના સિકકાની લેણ-દેણ વ્યાપક બનાવવા પણ અનુરોધ કરાયો હતો.

# શેરબજારમાં અફવાઓની અસર પર લાગશે લગામ

## અફવાને કારણે શેરના ભાવમાં નોંધપાત્ર હિલચાલ જોવા મળશે તો કંપનીએ ૨૪ કલાકમાં પુષ્ટિ કરવી પડશે

## ૧૦૦ લિસ્ટેડ કંપનીઓ પર નિયમ લાગુ

મુંબઈઃ તા ૨૨

ઘણા કિસ્સાઓમાં એવું જોવામાં આવ્યું છે કે બજારની અફવાઓને કારણે ચોક્કસ શેરોના ભાવ પ્રભાવિત થાય છે. જેનો સામનો કરવા માટે, SEBI એ મંગળવારે નવી સ્પષ્ટતાઓ જારી કરી હતી. નવા માળખામાં, SEBI એ જણાવ્યું હતું કે જો કોઈ અફવાને કારણે શેરના ભાવમાં કોઈ નોંધપાત્ર હિલચાલ જોવા મળે છે, તો લિસ્ટેડ કંપનીએ તેની પુષ્ટિ કરવી પડશે. તેનો તબક્કાવાર અમલ કરવામાં આવશે. આ ૧ જૂનથી ટોચની ૧૦૦ લિસ્ટેડ કંપનીઓ પર લાગુ થશે,




પછી ૧ ડિસેમ્બરથી ટોચની ૨૫૦ કંપનીઓને લાગુ થશે. જોકે, આ નવા નિયમો સેબી રેગ્યુલેશન ૨૦૧૫નો ભાગ છે.

સેબીએ જણાવ્યું હતું કે તે શેરના ભાવમાં અકુદરતી વધઘટને ઘટાડવા માટે 'અનઅફેક્ટેડ પ્રાઇસ'નો કોન્સેપ્ટ શરૂ કર્યો છે. સામાન્ય રીતે, બજારમાં કોઈ અટકળો ન હોય તો, કંપનીના શેરના ભાવને અપ્રભાવિત ભાવ કહેવામાં આવે છે. સેબીએ કહ્યું કે જ્યારે પણ શેરના ભાવમાં અચાનક ફેરફાર થાય છે ત્યારે કંપનીએ તેની તપાસ કરવી પડશે કે બજારમાં અફવાઓને કારણે આવું ન થાય. સ્ટોક એક્સચેન્જ તેની વેબસાઈટ પર જણાવશે કે કંપનીએ શેરના ભાવમાં

(અનુસંધાન ૧૨ મા પાને)


# શ્રદ્ધાંજલી



**સ્વ. કિરીટસિંહ ઘેલુભા ઝાલા**

તા.૧૨/૦૫/૨૦૨૪ વૈશાખ સુદ-૫ ને રવિવાર

સત્કર્મો, સાદગી અને સેવાની સુવાસ સદાય રહેશે. મીઠીવાણી હંમેશા કર્ણમાં ગુંજતી રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય, પરંતુ આપની યાદ હંમેશા અમારી સાથે રહેશે. ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

શાર્દુલભાઈ ભુવા, રઘુભાઈ ભુવા, નારણભાઈ ભુવા

શ્રીખોડીયાર હોટલ, કુલછાબ ચોક.
શ્રીમોમાઈ હોટલ, રૈયા ચોકડી, રાજકોટ.

SIMPLE


જાણીતા રાજનીતિક રણનીતિકારનું અનુમાન

# ભાજપ આ વખતે ૩૦૩ કે તેથી વધુ સીટો જીતી શકે છેઃ પ્રશાંત કીશોર

## ત્રીજી વાર મોદી પીએમ બનતા જ પેટ્રોલિયમ પદાર્થોને જીએસટીમાં આવરી લેવાશે

નવી દિલ્હી તા.૨૨

જાણીતા રાજનીતિક રણનીતિકાર અને જય સુરાજ પાર્ટીના પ્રમુખ પ્રશાંત કીશોરે લોકસભાની ચૂંટણીમાં ભાજપ ૩૦૩ કે તેથી વધુ સીટ જીતશે અને મોદી તેના ત્રીજા કાર્યકાળમાં મોટા ફેરફાર કરશે જેમાં પેટ્રોલિયમ વસ્તુઓ જીએસટીના દાયરામાં આવી શકે છે તે રાજયોની નાણાકીય સ્વાયતતા પર લગામ આવી શકે છે.



એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં પ્રશાંત કીશોરે જણાવ્યું હતું કે ત્રીજા કાર્યકાળમાં મોદી સરકાર બન્યા બાદ પેટ્રોલિયમ વસ્તુઓ જીએસટીના ક્ષેત્રમાં આવી જશે. રાજયોની નાણાકીય સ્વાયતતા પર લગામ આવી શકે છે. પીકેએ જણાવ્યું હતું કે રાજયો પાસે હાલમાં આવકના ત્રણ મુખ્ય સ્ત્રોત છે. પેટ્રોલીયમ, શરાબ અને

(અનુસંધાન ૧૨ મા પાને)

# રાજકોટમાં કાળઝાળ તાપમાન અને લૂનો પ્રકોપ યથાવતઃ બપોરે અઢી કલાકે જ ૪૩.૬ ડીગ્રી તાપમાન પહોંચી ગયું

## ૨૨ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા આગઝરતી લૂંનો પણ અનુભવઃ આજે ફરી મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીને પાર પહોંચે તેવી શકયતા

રાજકોટ તા.૨૨

છેલ્લા એકાદ સપ્તાહથી રાજકોટવાસીઓ કાળઝાળ તાપમાનથી ત્રસ્ત બની ગયા છે ત્યારે આજરોજ પણ રાજકોટમાં ભયંકર તાપ અને આગ ઝરતી લુંનો પ્રકોપ યથાવત રહ્યો હતો. સ્થાનિક હવામાન કચેરીના જણાવ્યા મુજબ આજરોજ બપોરે ૨-૩૦ કલાકે રાજકોટમાં ૪૩.૬ ડીગ્રી સુધી તાપમાન પહોંચી ગયું હતું અને બપોરે હવામાં ભેજ ૧૭ ટકા રહ્યો હતો. ત્યારે બપોરે પવનની ઝડપ ૨૨ કિ.મી. પ્રતિકલાકની રહેતા લોકો આગઝરતી લુંથી તોબા પોકારી ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટમાં આજરોજ ફરી એકવાર ૪૪ ડીગ્રીની ઉપર તાપમાન નોંધાય તેવી પુરી શકયતા છે. કારણ કે બપોરે હવામાં ભેજ ઓછો રહ્યો હતો અને પવનની ઝડપ સામાન્ય કરતા વધુ રહી હતી. દરમ્યાન આજરોજ સવારથી જ રાજકોટવાસીઓ ગરમીનો અહેસાસ કરવા લાગ્યા હતા. સવારે ૮-૩૦ કલાકે શહેરનું તાપમાન ૩૧.૬ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૨ ડીગ્રી રહ્યું હતું. જયારે સવારમાં હવામાં ભેજ ૬૨ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૪ કિ.મી. રહેવા પામી હતી.


ગોડાઉન
ભાડે આપવાનું છે
૨૦૦ વાર
મોરબી રોડ, જકાતનાકા પાસે, રાજકોટ.
૯૯૦૯૦ ૨૫૯૦૯

જોઈએ છે
આચાબેન-૨
સ્કુલમાં સવારનાં સમય માટે
-: અરજી સાથે રુબરૂ મળો :-
સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦, સાંજે ૪.૩૦ થી ૬.૩૦
તપસ્વી સ્કુલ
૨-જલારામ પ્લોટ, શીવસંગમ સોસાયટી ની બાજુમાં, યુનિવર્સિટી રોડ, રાજકોટ.

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪

જોઈએ છે
કુવાડવા GIDC સામે ફેક્ટરી માં ફેમિલી સાથે રહી ને મેનેજમેન્ટ કરી શકે તેવા માણસ જોઈએ છે.
M. 9825079322
9825079378

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
Little Heaven PRE SCHOOL
લિટલ હેવન પ્રી સ્કુલ
ગુજરાતી માધ્યમ
શિવમ વિદ્યાલય
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જયાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજ્યુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
- આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
- આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
- સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
- બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
- સમયાંતરે વાલી મીટીંગ.
- દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
- દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
- અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
- શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
- દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

# અમદાવાદમાં અપહરણ અને ખંડણીના ગુનામાં ફરાર સત્યમ પાર્કનો સુરેશ ઉર્ફે ભુરો ઝડપાયો

## ક્રાઇમ બ્રાન્ચની ટીમે ચુનારાવાડ ચોકથી આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરી : સુરેશ પર અગાઉ હત્યાના પ્રયાસ સહિતના ગુના નોંધાયેલ છે

રાજકોટ, તા. ૨૨

અમદાવાદના બોપલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અપહરણ, ખંડણી અને મારામારીના ગુનામાં ફરાર સત્યમ પાર્કના સુરેશ ઉર્ફે ભુરાને ક્રાઇમ બ્રાંચે ચુનારાવાડ ચોક પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ એમ.આર.કુંડલીયાની રાહબરીમાં પીએસઆઇ ડી.સી.સાકરીયા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે



અમદાવાદના બોપલ પોલીસ મથકના ગુનામાં ફરાર સુરેશ ઉર્ફે ભુરો અરજણ જોગાવા (રહે. સત્યમ પાર્ક શેરી નં. ૫, આજી ડેમ ચોકડીથી આગળ)ને ચુનારાવાડ ચોક પાસેથી દબોચી લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આરોપી વિરૂધ્ધ બોપલ પોલીસ મથકમાં અપહરણ, મારામારી અને ખંડણી સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. તેમજ આરોપી વિરૂધ્ધ રાજકોટ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં હત્યાનો પ્રયાસ, મનીલેન્ડ, મારામારી, જુગાર સહિતના અનેક ગુના નોંધાયેલા છે.

# એવીપીટીઆઈ કોલેજની હોસ્ટેલમાં અગાસી પરથી સોલાર સિસ્ટમની ચોરીઃ તસ્કરની શોધખોળ

## રૂ.૧.૫૦ લાખની સોલાર તસ્કરો ઉપાડી ગયાંઃ એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી

રાજકોટ. તા.૨૨

હેમુગઢવી હોલ પાસે આવેલ એવીપીટીઆઈ કોલેજની હોસ્ટેલમાં અગાસી પરથી સોલાર સિસ્ટમ રૂ.૧.૫૦ લાખનો મુદ્દામાલ ચોરી થયાનો મામલો સામે આવતાં એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે કોલેજના આચાર્ય પરેશભાઈ પ્રવિણચંદ્ર કોટક (ઉ.વ.૫૯, રહે. રામપાર્ક શેરી નં.૧/૩ના ખુણે, કાલાવડ રોડ)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, કોલેજમાં જીઆઈએસએફના સિક્યુરીટી ગાર્ડ ત્રણ શીફટમાં તહેનાત હોય છે. કોલેજના કેમ્પસમાં માર્કોની નામની બોયઝ હોસ્ટેલ છે. ગઈ તા.૧૩ના રોજ સાંજે હોસ્ટેલના વોર્ડને કોલ કરી હોસ્ટેલની અગાશી પર રાખેલ સોલાર વોટર હિટીંગ સિસ્ટમની કુલ ૧૫ સોલાર પેનલ ગાયબ હોવાની જાણ કરી હતી.

તપાસ કરતાં માર્ચ મહિનામાં સોલાર પેનલ હતી. માર્ચથી લઈ તા.૧૩ મે સુધીમાં આ સોલાર પેનલની ચોરી થઈ હતી. હોસ્ટેલની પાછળ અવાવરૂ જગ્યા આવેલી છે. ત્યાંથી તસ્કરોએ અગાશી ઉપર આવી ચોરી કર્યાની શકયતા છે. આજે આ અંગે ફરિયાદ નોંધાવતાં એ–ડિવીઝન પોલીસે સીસીટીવી કેમેરા વગેરેના આધારે તપાસ આગળ ધપાવી છે.

# મોરબીના નાની વાવડી ગામે બોલેરોએ બાઈક હડફેટે લેતા દોઢ વર્ષના માસુમ બાળકનું મોત : ભારે આક્રંદ

## પિતા રાત્રે આંટો મરાવવા નીકળ્યા હતાઃ ઘાયલ બાળકે રાજકોટ હોસ્પિટલમાં દમ તોડયો

(જીગ્નેશ ભટ્ટ) મોરબી તા.૨૨

મોરબી નજીકના નાની વાવડી ગામે રહેતો યુવાન તેના દોઢ વર્ષના બાળકને બાઇકમાં સાથે લઈને રાત્રે ૯:૩૦ વાગ્યે ચક્કર મારવા માટે નીકળ્યો હતો ત્યારે તેના બાઇકને બોલેરો ગાડીના ચાલકે હડફેટે લેતા અકસ્માત થયો હતો અને તેમાં બાઈક ઉપર રહેલ દોઢ વર્ષનો બાળક નીચે પટકાતા તેને પ્રથમ સારવાર માટે મોરબી અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ લઈ ગયા હતા જોકે સારવાર કારગત ન નિવડતા આ બાળકનું મોત નીપજયું હતું.

બનાવની જાણવા મળતી માહિતી મુજબ મોરબી નજીકના નાની વાવડી ગામે રહેતા મિલનભાઈ સોઢીયા તેના દોઢ વર્ષના દીકરા વિહામણને પોતાના બાઈક ઉપર લઈને ગામમાં ચક્કર મારવા નીકળ્યા હતો ગત રાત્રિના ૯:૩૦ વાગ્યાના અરસામાં મિલનભાઈના



બાઇકને બોલેરો ગાડીના ચાલકે હડફેટે લેતા અકસ્માતનો બનાવ બન્યો હતો અને ત્યારે બાઈક ઉપર બેઠેલ મિલનભાઈનો દોઢ વર્ષનો દીકરો વિહામણ રસ્તા ઉપર નીચે પટકાયો હતો જેથી કરીને તે બાળકને પેટના ભાગે ગંભીર ઇજા થઈ હતી અને તેને સારવાર માટે પ્રથમ મોરબીની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટની સ્ટર્લીંગ હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ હોસ્પિટલે લઈ જવામાં આવેલ હતો ત્યાં ચાલુ સારવાર દરમિયાન તે દોઢ વર્ષના બાળકનું મોત નીપજયું હતું. અકસ્માત મૃત્યુના આ બનાવ સંદર્ભે સરકારી હોસ્પિટલ મારફતે તાલુકા પોલીસને જાણ કરવામાં આવી મિલનભાઈના ત્રણ વર્ષ પહેલા લગ્ન થયા હતા અને વિહામણ તેનો એકનો એક દીકરો હતો જેનું અકસ્માતમાં મોત નીપજતા પરિવાર ઉપર આભ ફાટી પડ્યું છે.

## જૂન માસમાં નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પ

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આગામી તા.૮ જૂનના રોજ સાંજના ૬:૩૦ થી ૭:૩૦ સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં ૧૧૩–મારૂતિ નંદન, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, પહેલા માળે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ડો.રાવલ એક માસથી ૧૦ વર્ષના બાળકને નિઃશુલ્ક સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવશે.

## વિપશ્યના શિબિર

બુધ્ધ પુર્ણિમા નિમિત્તે એક દિવસીય વિપશ્યના શિબિર તા.૨૬ રવિવારે સવારે ૧૦ થી સાંજે ૫ સુધી ધમ્મકોટ, વિપશ્યના કેન્દ્ર, રંગપર ખાતે રાખેલ છે.

# શેરબજારમાં એકધારી તેજીઃસેન્સેકસ ૨૭૦ પોઈન્ટ ઉછળ્યો

રાજકોટ, તા.૨૨

મુંબઇ શેરબજારમાં તેજીનો દોર આગળ ધપતો રહ્યો હોય તેમ ઓલરાઉન્ડ ધૂમ લેવાથી સેન્સેકસમાં ૨૬૯ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

શેરબજારમાં માનસ સુધારાનું હતું. વિશ્વ બજારોના પોઝીટીવ ટ્રેન્ડનો ટેકો હતો. ચૂંટણીમાં ભાજપને એકલા હાથે ૩૦૦થી વધુ બેઠકો મળવાના સટ્ટાબજારના દાવાની સારી અસર હતી. વિદેશી સંસ્થાઓની વેચવાલી છતાં લોકલ ફંડો ચિક્કાર ખરીદી કરતાં હોવાના આંકડાકીય રીપોર્ટ, ભારતીય અર્થતંત્રનો વિકાસ હવે અભૂતપૂર્વ થવાનો રિઝર્વ બેંકનો રીપોર્ટ, ભારતીય શેરબજાર પાંચ ટ્રીલીયન ડોલરે પહોંચ્યાનો અહેવાલ જેવા કારણોથી તેજીને ટેકો મળ્યો હતો. જાણીતા રોકાણકારોના કહેવા પ્રમાણે ચૂંટણી પરિણામોનો સમય જેમ–જેમ નજીક આવતો જશે તેમ તેમ માર્કેટમાં વોલાટીલીટી વધવાનું અનુમાન છે.

શેરબજારમાં આજે સીપ્લા, હિન્દ લીવર, કોલ ઈન્ડિયા, એચડીએફસી બેંક, ભારત ઈલેકટ્રોનિકસ, રેલ વિકાસ નિગમ, એનએચપીસી, રીલાયન્સ, એશિયન પેઈન્ટસ, ભારતી એરટેલ, ઈન્ફોસીસ, લાર્સન, મારૂતિ, એન્ટીપીસી, પાવર ગ્રીડ વગેરે ઉછળ્યા હતા. સ્ટેટ બેંક, શ્રીરામ ફાઈનાન્સ, હિન્દાલકો, સન ફાર્મા, એકસીસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા મોટર્સમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૨૬૯ પોઈન્ટના સુધારાથી ૭૪૨૨૩ હતો તે ઉંચામાં ૭૪૨૩૯ તથા નીચામાં ૭૩૮૬૦ હતો તે નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૭૪ પોઈન્ટના સુધારાથી ૨૨૩૦૩ હતો તે ઉંચામાં ૨૨૬૦૮ તથા નીચામાં ૨૨૪૮૩ હતો.

## કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ફોડ પાડયો

# રાયબરેલી-વાયનાડ બંન્ને બેઠક જીતી જાય તો શું કરવું તે રાહુલ નકકી કરશેઃ ખડગે

નવીદિલ્હી,તા.૨૨

જ્યારે રાહુલ ગાંધી વિશે પૂછવામાં આવ્યું કે જો તેઓ વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો જીતે તો કઈ સીટ છોડવી જોઈએ, તેમણે કહ્યું કે આ તેમની વ્યક્તિગત પસંદગી છે. તેમણે કહ્યું, ’અમે ઓછી બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. આ ગઠબંધનના ભાગીદારોને સાથે રાખવા માટે કરવામાં આવી રહ્યું છે અને તેથી જ અમે આ સમજૂતી કરી છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ ૩૨૮ સીટો પર ચૂંટણી લડી રહી છે, જે અત્યાર સુધીની સૌથી ઓછી છે.

ખડગેએ કહ્યું કે કોંગ્રેસે આ લોકસભા ચૂંટણીમાં જાણી જોઈને ઓછી સીટો પર



ચૂંટણી લડી છે, જેથી I.N.D.I.A. ગઠબંધનને સાથે રાખી શકાય અને ભાજપને હરાવી શકાય. કોંગ્રેસ ૩૨૮ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જે તેની અત્યાર સુધીની સૌથી ઓછી સંખ્યા છે, તેણે I.N.D.I.A.ગઠબંધનમાં અન્ય સાથીઓ માટે ૨૦૦ થી વધુ બેઠકો છોડી છે.

ખડગેએ સપાના અખિલેશ યાદવના એ નિવેદનનો પણ જવાબ આપ્યો જેમાં તેમણે કહ્યું હતું કે ઈડી, સીબીઆઈની કોઈ જરૂર નથી અને તેમના પર પ્રતિબંધ લગાવવો જોઈએ. તેમણે કહ્યું કે, ’જો અમારી સરકાર આવશે તો અમે તમામ કાયદાઓની સમીક્ષા કરીશું. લોકોને હેરાન કરવા માટે જે કંઈ પણ કરવામાં આવશે, અમે તેનો વિરોધ કરીશું. ભાજપે જે રીતે તપાસ એજન્સીઓના દુરુપયોગની પ્રક્રિયા અપનાવી છે તેવી કોઈએ અપનાવી નથી. તપાસ અને યોગ્ય તપાસ થવી જોઈએ પરંતુ ભાજપ પોતે પુરાવા ઘઢે છે અને કેસ બનાવી લોકોને જેલના સળિયા પાછળ ધકેલી રહ્યો છે.

# સૌરાષ્ટ્રના કુખ્યાત બુટલેગર ધીરેન કારીયાએ બનાવેલ ડુપ્લીકેટ પાસપોર્ટ જપ્તઃ છ દિવસની રિમાન્ડ મેળવી

## નકલી પાસપોર્ટના આધારે વિદેશ નાસી જાય તે પૂર્વે જ પોલીસે દબોચ્યો

જુનાગઢ તા.૧૨

જુનાગઢનો રહીશ અને જુનાગઢ મહાનગર પાલિકાના મહિલા કોર્પોરેટરના પતિ ગુજરાત સૌરાષ્ટ્ર જુનાગઢમાં ૬૦થી વધુ પ્રોહી.ના ગુનાનો આરોપી ધીરેન અમૃતલાલ કારીયા ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવી ખોટા નામ ઉપર વિદેશમાં ભાગી જવાની પેરવી પહેલા જ જુનાગઢ પોલીસ વડાની ચાંપતી નજરના કારણે લીસ્ટેડ બુટલેગરને પોલીસે દબોચી લીધો હતો.

જુનાગઢ રાયજી બાગ, નોબલ ક્રાઉન એપાર્ટમેન્ટમાં રહેતો ગુજરાત સૌરાષ્ટ્રનો નામચીન લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા અને જીલ્લામાં અનેક ગુનાઓમાં સંડોવાયેલા નાસતા ફરતા વોન્ટેડ ગુન્હેગારોને દબોચી લેવા જુનાગઢ રેન્જના પોલીસ મહા નિરીક્ષક નીલેષ જાજડીયા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તાકીદ કરતા જુનાગઢ નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના



માર્ગદર્શન નીચે એ ડીવીઝન પીઆઈ બી.જે. સાવજ પીએસઆઈ ઓ.આઈ. સીદીને મળેલી બાતમીના આધારે જુનાગઢનો લીસ્ટેડ બુટલેગર ધીરેન અમૃતલાલ કારીયા રે. રાયજી બાગ વાળો એક ડુપ્લીકેટ પાસપોર્ટ બનાવેલ તે ડુપ્લીકેટ પાસપોર્ટ તેના મીત્ર અમીત ઉર્ફે ચેમ્પીયન ધીરૂ રાઠોડ રે. ગણેશનગર વાળાના ઘરે સંતાડેલ હોય હાલ તે જેલમાં હોય જેલમાંથી છુટીને ધીરેન કારીયા આ ડુપ્લીકેટ પાસપોર્ટ મારફત વિદેશ ભાગી જવાનો હોવાની હકીકત મળતા જે પાસપોર્ટનો કબજો લઈ તેના કાગળોની ખરાઈ કરતા તે નકલી હોવાનું સામે આવ્યું હતું. એ ડીવીઝન પોલીસે કોર્ટ મારફત કબજો મેળવી એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજ, પીએસઆઈ ઓ.આઈ. સીદી સહિતના પોલીસ જવાનોએ લીસ્ટેટ બુટલેગર વિદેશમાં ભાગી જાય તે પહેલા તેનો પ્લાન ધૂળમાં મેળવી દીધો છે.

ગઈકાલે એ ડીવીઝન પીઆઈ વી.જે. સાવજના માર્ગદર્શન નીચે પીએસઆઈ ઓ.આઈ. સીદીએ બુટલેગર તેમજ નકલી પાસપોર્ટ ધરાવનાર ધીરેન અમૃતલાલ કારીયાને રીમાન્ડ માચે કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રીમાન્ડની માંગણી કરતા કોર્ટે ૬ દિવસના રીમાન્ડ પર સોંપતા એ ડીવીઝન અધિકારીઓએ આગળની તપાસ હાથ ધરી વિવિધ પાસાઓ ખુલે તેવી શકયતા જોવા મળી રહી છે.

# રાજકોટ-કાનાલુસ વચ્ચે ડબલ રેલટ્રેક માટે વધુ એક જાહેરનામું



જામનગર તા.૨૧

જામનગર શહેરમાંથી રેલવે બ્રોડગ્રેજ લાઈન પસાર થાય છે. ત્યારે રાજકોટથી કાનાલુસ બ્રોડગ્રેજ ડબલ લાઈન જામનગરમાં નીકળે છે તે પ્રોજેકટ માટે ૭૨૦૦ ચોરસ મીટર વધુ જમીનની જરૂરિયાત છે. જેથી પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા જમીન સંપાદન કરવા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રાજકોટ થી કાનાલુસ બ્રોડગેજ સિંગલ લાઈનનું ડબલ લાઈનનું કામ ચાલી રહ્યું છે.ત્યારે હાલ જામનગર શહેરમાં સિંગલ લાઇન બ્રોડગ્રેજ છે તે ડબલ લાઈન કરવાના પ્રોજેકટ માટે જમીન સંપાદન કરવા કાર્યવાહી હાથ ધરી છે.જે ડબલ લાઈનનું કામ કરવા વધુ જમીનની જરીયાત ઉભી થઇ છે. જેમાં શહેર તેમજ નવાગામ ઘેડ, જુનાનાગના સહિત કુલ ૭૨૦૦ ચો.મીટર જમીન સંપાદન કરવાની થાય છે.જેમાં સરકારી અને ખાનગી જમીન આવે છે. આ જમીન માટે કુલ ૬૧ સર્વે નમબરોનો સમાવેશ થાય છે.

# મહિલા બાર દ્વારા તાલીમ વર્ગ યોજાયો

રાજકોટ,તા.૨૨

રાજકોટ મહીલા બાર દ્વારા રાજકોટમાં પ્રેકટીસ કરતા લેડીઝ એડવોકેટ તથા લો સ્ટુડન્ટ માટે રાજકોટ ખાતે અખીલ હિન્દ મહીલા પરીષદના પ્રમુખ ભાવનાબેન જોષીપુરાના સહયોગથી અખીલ હીન્દ મહીલા પરીષદના કેમ્પસમાં ત્રિદિવસીય સેલ્ફ ડીફેન્સ માટેના નિશુલ્ક તાલીમ માટેનો કેમ્પ સૌપ્રથમ વાર રાજકોટ મહીલા બાર એશોશીએશન તથા ટેકનોફાઈટ માર્શલ આર્ટ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં રાજકોટના સીનીયર, જુનીયર મહીલા એડવોકેટઓ તથા લો સ્ટુડન્ટ તથા અખીલ હિન્દુ મહીલા પરીષદની મહીલાઓ વિગેરે બહોળી સંખ્યામાં ભાગ લીધેલ હતો. ટેકનોફાઈટ માર્શલ આર્ટ મેનેજમેન્ટના ડાયરેકટર રોબીનભાઈ કાસુંદ્રા તેમના સહયોગમાં





કીશ્નાબેન તથા શ્રેયાબેને તાલીમ આપેલ. મેયર નયનાબેન પેઢડીયા, રાજકોટ ગ્રાહક સુરક્ષા કોર્ટના એકસ મેમ્બર કોકીલાબેન સચદેવ સીનીયર એડવોકેટ મીનાક્ષીબેન ત્રિવેદી,સ્મીતાબેન અત્રીએ પણ તાલીમમાં ભાગ લીધેલ અમીતાબેન સીપ્પી, જાગૃતીબેન દવેના હસ્તે સર્ટીફીકેટ પણ આપવામાં આવેલ.આ તકે મહિલા બારના પ્રમુખ રક્ષાબેન ઉપાધ્યાય, મહીલા કારોબારી સભ્ય હીરલબેન જોષી, ઉપપ્રમુખ નયનાબેન ચૌહાણ, સેક્રેટરી બીનલબેન રવેશીયા, સ્તુતીબેન ત્રિવેદી, અંજનાબેન ચૌહાણ તથા કારોબારી પ્રગતીબેન માકડીયા કમિટી મેમ્બરો દ્વારા સફલતાપુર્વકનું આયોજન કરવામાં આવેલ હતું.

# વંદન વાટિકા શેરીમાં રીક્ષા ચાલક બેફામ બન્યોઃ એડવોકેટના મકાનનો ડેલો તોડી લીવીંગ રૂમમાં રીક્ષા ઘસી આવી

## એડવોકેટ દુર્લભજીભાઇ રાઠોડે પોતાના મકાનમાં રૂા.૧.૨૫ લાખનું નુકશાન થયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૨૨

વંદન વાટિકા શેરીમાં રીક્ષા ચાલક બેફામ બન્યો હતો અને એડવોકેટના મકાનનો ડેલો અને દીવાલ તોડી રીક્ષા લીવીંગ રૂમમાં ઘુસાડી હતી. બનાવમાં મકાનમાં રૂા.૧.૨૫ લાખનું નુકશાન થતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે.

બનાવ અંગે એરપોર્ટ રોડ પર વંદન વાટિકા શેરીમાં રહેતા દુર્લભજી દલપતસિંહ રાઠોડ (ઉ.વ. ૪૭)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે રીક્ષા ચાલક અને એક અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ રાજકોટ કોર્ટમાં વકિલાત કરે છે ગઇકાલે સવારના ૧૧ વાગ્યાની આસપાસ તેઓ કોર્ટ ખાતે હતા ત્યારે તેમના ભાભીનું ફોન આવ્યો હતો કે જી.જે.૦૯–એ–એક્સ–૦૬૦૭ નંબરની રીક્ષાના ચાલકે આપણા મકાન સાથે અથડાવી ડેલો અને દીવાલ તોડી નાખેલ છે. તેમજ રીક્ષા મકાનના લીવીંગ રૂમ સુધી ઘસી આવેલ છે. રીક્ષા ચાલક સાથે એક અન્ય શખ્સ પણ બેસેલ હતો. રીક્ષા ચાલકને તેનું નામ પૂછતા રમેશ બથવાર જણાવ્યું હતું. તેમજ ફરિયાદીના મમ્મી થોડીવાર પહેલા જ ત્યાંથી હટચા હતા નહીંતર તેઓના જીવનનું જોખમ ઉભું થયું હોત. બાદમાં તેઓ ઘરે પહોંચતા રીક્ષા ઘરની સામે ઉભી હતી અને ઘરની દીવાલ અને ડેલો તુટી ગયેલ હતો તેમજ ઈલેકટ્રીક વાયર તુટી ગયા હતા. બંને તરફની દીવાલો ઘસી પડી હતી તેમજ ડેલો પણ તુટીને નીચે પડેલ હતો. જે જોતા અંદાજીત રૂા.૧.૨૫ લાખનું નુકશાન મકાનમાં થયું હતું. જે અંગેની ફરિયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની અટક કરી હતી.

# લીંબડી-અમદાવાદ હાઈવે પર ત્રિપલ અકસ્માતઃખાનગી ટ્રાવેલ્સ, ટેન્કર અને કાર વચ્ચે ટક્કર,થતા ૨૦થી વધુ લોકોને ઈજા



(ફારૂક ચૌહાણ)

વઢવાણ તા. ૨૨

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી–અમદાવાદ હાઈવે પર વહેલી સવારે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનામાં ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. લીંબડીના કાનપરા ગામના પાટિયા પાસે ખાનગી ટ્રાવેલ્સ, ટેન્કર અને કાર વચ્ચે ત્રીપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતની ઘટનાના પગલે લોકોના ટોળેટોળા બનાવના સ્થળે દોડી ગયા હતા

આ ગોઝારા અકસ્માતની ઘટનામાં અંદાજે ૨૦થી વધુ વ્યકિતઓને ઈજાઓ પહોંચતા એમને લોહીલુહાણ હાલતમાં તાકીદે સારવાર અર્થે ફેદરા, બગોદરા, લીબડી અને ચુડા ૧૦૮ એમ્બ્યુલન્સ



વાન દ્વારા લીંબડી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. આ ટ્રિપલ અકસ્માતની ઘટનાના પગલે લીંબડી પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચીને અકસ્માત અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગરમી

(પહેલા પાનાનું ચાલું)

રહી છે. અમદાવાદને લાગે વળગે છે ત્યાં સુધી દરરોજ હિટ સ્ટ્રોકના સરેરાશ ૮૦ જેટલા કેસ નોંધાઇ રહ્યા છે.

ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોનનું સ્તર ઘટતા સૂર્યના કિરણો સીધા જ ધરતી પર પડી રહ્યા હોવાથી આકરા તાપમાં લોકો તોબા પોકારી ઉઠયા છે.

રાજયમાં સર્વત્ર તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધી જ ગયો છે અને સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ સહિતના શહેરોમાં તો ૪૫ ડિગ્રીને પણ વટાવી ગયો છે. એકાદ ડઝન જેટલા શહેરોમાં પારો ૪૩ ડિગ્રી કે તેથી વધુ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા હજુ આવતા દિવસોમાં ઉંચા તાપમાનમાં કોઇ રાહત મળવાની સંભાવના નકારવામાં આવી છે. આ સ્થિતિમાં લોકોને હજુ કાળઝાળ ગરમી અને હિટવેવ જેવી પરિસ્થિતિનો જ સામનો કરવો પડે તેવી શકયતા છે.

## કોરોના

(પહેલા પાનાનું ચાલું)

છે. જેમાં બંગાળમાં ૨૩ કેસ, ગોવામાં ૧ કેસ, ગુજરાતમાં ૨, હરિયાણામાં ૧, મહારાષ્ટ્રમાં ૪, રાજસ્થાનમાં ૨ અને ઉત્તરાખંડમાં ૧ દર્દી મળી આવ્યો છે.

**આ રાજયોમાં કેપી–૨ કેપી.૨ દર્દીઓ મળી આવ્યા**

કેપી–૨ની સંખ્યા ઘણી વધુ છે આમાંથી મોટાભાગના દર્દીઓ મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે. અહીં આવા દર્દીઓની સંખ્યા ૧૪૮ છે. જયારે ગુજરાતમાં ૨૩, દિલ્હીમાં ૧, ગોવામાં ૧૨, હરિયાણામાં ૩, કર્ણાટકમાં ૪, મધ્યપ્રદેમાં ૧, ઓરીસ્સામાં ૧૭, રાજસ્થાનમાં ૨૧, યુપીમાં ૮, ઉતરાખંડમાં ૧૬ પશ્ચિમ બંગાળમાં ૩૬, દર્દીઓ મળી આવ્યા છે.

**લક્ષણો**

**આરોગ્ય મંત્રાલયના** જણાવ્યા મુજબ કેપી–૧ અને કેપી ૨ પણ કરોનાના જેએમ–આઈ વેરિએન્ટના સબ વેરિએન્ટ છે. જો કે આ પ્રકારથી સંક્રમિત દર્દીઓમાં અત્યાર સુધીમાં કોઈ ગંભીર લક્ષણો નથી જોવા મળ્યા. હાલમાં હોસ્પિટલમાં દાખલ આવા દર્દીઓની સંખ્યા ઓછી છે.

**શું છે નવા વેરિએન્ટના લક્ષણો**

તાવ સાથે ઠંડી લાગવી નાક બંધ થઈ જવું માથાનો સ્નાયુઓનો દુખાવો થાય છે.

કેવી રીતે કરશો બચાવઃ શ્વસન સંબંધી રોગ ધરાવતા લોકો માટે ઈન્ફલુએન્ઝા, આરએચવી, કોરોના ટેસ્ટ શ્વસન ટેસ્ટ કરાવવા.

## મસાલા

(પહેલા પાનાનું ચાલું)

હતી. ખાસ કરીને એથીલીન ઓકસાઈડ માટે પણ તપાસ કરવામાં આવી હતી.

૩૪ નમુનામાંથી ૨૮નો લેબ રિપોર્ટ આવી ચૂકયો છે. આ બધા નમુનામાંથી એથિલીન ઓકસાઈડની માત્રા નથી મળી. આ સાથે જ એફએસએસએઆઈએ ભારતીય બજારમાં ઉપલબ્ધ મસાલાને સુરક્ષિત બતાવાયા છે. ખરેખર તો એથિલીન ઓકસાઈડનો ઉપયોગ મસાલાને કીટાણુ રહિત કરવા માટે કરાય છે પણ જો તેની માત્રા સુરક્ષિત સ્તરથી વધુ હોય તો તેનાથી કેન્સર સહિત અન્ય સ્વાસ્થ્ય જોખમ પેદા થઈ શકે છે.

## ભાજપ

(છેલ્લા પાનાનું ચાલું)

જમીન. મને આશ્ચર્ય નહીં થાય કે પેટ્રોલિયમ પદાર્થો જીએસટીના ક્ષેત્રમાં આવે. હાલમાં પેટ્રોલ, ડીઝલ, એટીએફ અને નેચરલ ગેસ જેવા પેટ્રોલિયમ પદાર્થ જીએસટીના ક્ષેત્રની બહાર છે.

પીકેએ આગાહી કરી હતી કે પીએમ મોદીના નેતૃત્વવાળી ભાજપ સતામાં વાપસી કરી શકે છે.

## ચારધામ

(પહેલા પાનાનું ચાલું)

હોવાની પરિસ્થિતિ ઉભી થવા લાગી છે.

પવિત્ર ચારધામ યાત્રામાં ભાવિકોને કોઇ મુશ્કેલી ન પડે તે માટે શ્રેણીબધ્ધ કદમ ઉઠાવવામાં આવ્યા હોવા છતાં હજારોની ભીડને કારણે લોકોને દર્શન કર્યા વિના જ પાછા ફરવાનો વખત આવ્યો છે. મોટી સંખ્યામાં યાત્રાળુઓ ઉમટી પડયા હોવાના કારણે અને વારો આવવામાં કલાકોનો સમય લાગતો હોવાના કારણે ચાર હજાર જેટલા યાત્રાળુઓ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા હોવાનું બહાર આવ્યું છે. ભાવિકોના અસામાન્ય પ્રવાહને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ઓફલાઇન રજીસ્ટ્રેશન બંધ કરી દેવામાં આવ્યું હોવાના કારણે સેંકડો ભાવિકો મુશ્કેલીમાં મુકાયા છે. ઋષિકેશમાં રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ૧૨ હજાર યાત્રાળુઓએ રજીસ્ટ્રેશન કરાવ્યા હતા. પરંતુ તેઓની વ્યવસ્થા નહીં થઇ શકતા ચાર હજાર યાત્રાળુ દર્શન કર્યા વિના જ પરત ફરી ગયા હતા.

## વિનામૂલ્યે ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ

સ્વ. નંદુબેન તુલસીદાસ નંદાણીના સ્મરણાર્થે નિઃશુલ્ક ડાયાબીટીસ ચેકઅપ કેમ્પ તા.૨૬/૫ના રવિવારે સવારે ૯થી૧ સુધી જાગનાથ મહાદેવ મંદિર, ડો. યાજ્ઞીક રોડ, જાગનાથ ચોક ખાતે યોજાશે તેમજ રીમોગ્લોબીન પણ ચેક કરી અપાશે.

## શેરબજાર

(છેલ્લા પાનાનું ચાલું)

કેટલો ફેરફાર ચેક કરવો પડશે. માર્કેટ રેગ્યુલેટરે જણાવ્યું હતું કે, જો શેરના ભાવમાં અચાનક ફેરફાર થયાના ૨૪ કલાકની અંદર જાણવા મળે છે કે આ ફેરફાર અફવાને કારણે થયો છે, જો અફવા સાચી સાબિત થશે, તો શેર ની કિંમત સેબી અથવા સ્ટોક એક્સચેન્જ ના નિયમો મુજબ નક્કી કરવામાં આવશે. આ માટે, સેબી વોલ્યુમ-વેઈટેડ એવરેજ કિંમતને સમાયોજિત કરવાની રીત પ્રદાન કરી છે. આમાં દૈનિક ભારિત સરેરાશ કિંમતો (ડબલ્યુએપી) ની ગણતરી કરવી અને પછી અફવાઓને કારણે થતા ફેરફારોને બાકાત રાખવાનો સમાવેશ થાય છે. આ કિંમતનો ઉપયોગ કરવા માટે કંપનીએ ૨૪ કલાકની અંદર અફવાની પુષ્ટિ કરવી પડશે.

## મતદાન

(પહેલા પાનાનું ચાલું)

આવ્યું હતું હવે ફાઇનલ આંકડામાં મતદાન ૬૨.૧૫ ટકા દર્શાવવામાં આવ્યું છે જે ૨૦૧૯ના ૬૧.૮૨ ટકા કરતા વધુ હોવાનું જણાવવામાં આવ્યું છે.

ચૂંટણી પંચના સુત્રોએ જણાવ્યું હતું કે પાંચમા તબકકાની મતદાનની આખરી ટકાવારી તો હજુ શુક્રવારે જાહેર કરવામાં આવશે. પરંતુ છેલ્લા એક અપડેટ પ્રમાણે મતદાન ૬૨.૧૫ ટકા થયું હોવાનું જણાયું છે. ૨૦૧૯માં ૬૧.૮૨ ટકા મતદાન થયું હતું તેના કરતા આંકડો વધી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચમા તબકકામાં આઠ રાજયો–કેન્દ્ર શાસિત પ્રદેશોની ૪૯ બેઠકો પર મતદાન યોજાયું હતું. કાશ્મીરનું બારામુલ્લા બેઠક પર રેકોર્ડબ્રેક મતદાન નોંધાયુ હતું.

## લૂ

(પહેલા પાનાનું ચાલું)

ચંદીગઢ, દિલ્હી તથા પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં પાંચ દિવસ હિટવેવ અને સીવીયર હિટવેવની પરિસ્થિતિ સર્જાશે અને આ પાંચ દિવસો માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવે છે. આ સમયગાળામાં અનેક શહેર અને જિલ્લામાં તાપમાન ૪૭ ડિગ્રી કે તેનાથી પણ વધુ ઉંચે પહોંચવાની સંભાવના છે. સિનિયર વૈજ્ઞાનિક નરેશકુમારે જણાવ્યું હતું કે સમગ્ર ઉત્તર પશ્ચિમ ભારતમાં હાલ તાપમાન નોર્મલ કરતા વધુ ઉંચુ રહ્યું છે અને આવતા ત્રણ દિવસ માટે હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. રાજસ્થાન માટે પણ પાંચ દિવસનું રેડ એલર્ટ આપવામાં આવ્યું છે જયાં મહતમ તાપમાન ૪૫થી ૪૭ ડિગ્રીની રેન્જમાં રહેશે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે ઉતર પશ્ચિમ ભારત, ઉતરીય મધ્યપ્રદેશ તથા ગુજરાતના મેદાની ભાગોમાં પણ આવતા પાંચ દિવસ હજુ ભીષણ ગરમીમાંથી રાહત મળવાની સંભાવના નથી. મધ્ય ભારતના અનેક ભાગોમાં આવતા પાંચ દિવસ દરમ્યાન તાપમાનમાં હજુ ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની સંભાવના છે. ગુજરાત જેવા રાજયો હવામાનની દ્રષ્ટિએ મધ્ય ભારતમાં સમાવેશ પામતા હોવાનું અત્રે ઉલ્લેખનીય છે.